# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

17 APRIL-2024 WEDNESDAY

વર્ષ-13 । અંક-152 । વિક્રમ સંવત-2080 । ચૈત્ર સુદ-09 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08

મારા પર જ નહીં, મારી ફૅમિલી પર પણ એની અસર થઇ હતી...





પેજ-09

હાર્દિક પંડ્યાએ ધોનીના વખાણ કર્યા


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 40.00 | 28.00 |
| વડોદરા | 42.00 | 28.00 |
| સુરત | 42.00 | 29.00 |




પેજ 5 PLI હેઠળ સ્ટીલ ઉત્પાદકોનું લક્ષ્યાંકથી ઓછું રોકાણ





ઈઝરાયલ ઈરાનની ઓઈલ રિફાઈનરીઓ પર હુમલો કરી શકે પેજ 10


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 72943.68 | ▼ | 456.10 |
| નિફ્ટી | 22147.90 | ▼ | 124.60 |
| સોનું | 73,110.00 | ▲ | 833.00 |
| ચાંદી | 83,700.00 | ▼ | 151.00 |

## ગુજરાતના ઇતિહાસમાં પહેલીવાર UPSCમાં 5 યુવતી સહિત 25 ઉમેદવાર પાસ

# ઈતિહાસ...UPSC પરીક્ષામાં ગુજરાતીઓનો ડંકો

(એજન્સી) અમદાવાદ । તા. 16

UPSC ફાઈનલનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. સપ્ટેમ્બર માસમાં લેખિત અને જાન્યુઆરીમાં યોજાયેલા પર્સનલ ઈન્ટરવ્યૂને આધારે આ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે, જેમાં 1016 ઉમેદવાર ઉત્તીર્ણ થયા છે. એમાં ટોપ 100માંથી ત્રણ ગુજરાતીનો સમાવેશ થાય છે, જ્યારે જનરલ કેટગરીમાં 347, EWS કેટેગરીમાં 115, OBCમાં 303, SCમાં 165 અને STમાં 86 ઉમેદવાર પાસ થયા છે તેમજ 1016 ઉમેદવારમાંથી કુલ 25 ગુજરાતી ઉમેદવાર UPSC ક્લિયર કરવામાં સફળ થયા છે. આમ, ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર 25 ઉમેદવાર પાસ થયા છે. આ પહેલાં 2014માં 22 ઉમેદવાર સફળ રહ્યા હતા, જેનો રેકોર્ડ તૂટી ગયો છે. જ્યારે આ પરીક્ષામાં પાટીદારોનો પાવર જોવા મળ્યો છે અને 8 ઉમેદવારે UPSCમાં મેદાન માર્યું છે. આ 25 ગુજરાતીમાંથી 5 યુવતી યુપીએસસી ક્લિયર કરવામાં સફળ રહી છે.

### સિવિલ સર્વિસમાં 8 પાટીદાર પાસ




### તમામ ઉમેદવાર સ્પીપાના

ગુજરાતના યુવાનો યુનિયન પબ્લિક સર્વિસ કમિશન-યુપીએસસી દ્વારા લેવામાં આવતી IAS, IPS, IFS સહિતની વિવિધ અખિલ ભારતીય સેવાઓની પરીક્ષામાં ઉજ્જવળ દેખાવ કરીને આ ક્ષેત્રે પોતાની કારકિર્દી ઘડતર કરી શકે તે માટે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા)કાર્યરત છે. આ વર્ષે યુપીએસસી સિવિલ સર્વિસિસ પરીક્ષા-2023ના જાહેર થયેલા અંતિમ પરિણામમાં સ્પીપાના 25 ઉમેદવારોએ જ્વલંત સફળતા મેળવી છે. આ ઉમેદવારો સિવિલ સર્વિસિસની IAS, IPS, IFS જેવી વિવિધ સેવાઓમાં અંતિમ પસંદગી પામ્યા છે.

### ટોપ 100માં ગુજરાતના ત્રણ

ગુજરાતમાંથી સફળ થયેલા કુલ 25માથી ટોપ 100માં ત્રણ લોકોએ સ્થાન મેળવ્યું છે. જેમાં 31મા રેન્ક સાથે વિષ્ણુ શશિ કુમાર, 43મા રેન્ક સાથે ઠાકુર અંજલિ અજય અને 62માં રેન્ક સાથે અતુલ ત્યાગીએ સફળતા પ્રાપ્ત કરી છે. આ વખતે લખનઉના આદિત્ય શ્રીવાસ્તવે ટોપ કર્યું છે, જ્યારે ઓડીશાના અનિમેષ પ્રધાને બીજો રેન્ક પ્રાપ્ત કર્યો છે.અને ત્રીજા ક્રમાંકે તેલંગાણાની ડોનુરુ અનન્યા રેડ્ડી રહી છે. UPSCના મેરિટ લિસ્ટમાં કુલ 1016 ઉમેદાવારોને ઈન્ટરવ્યુ માટે પસંદ કરાયા છે.જેમાંથી 180ને IAS માટે,200ને IPSમાટે,37ને IFS માટે,જ્યારે બાકીનાને અલગ-અલગ સેન્ટ્રલ સર્વિસીસ માટે ગ્રુપ A અને ગ્રુપ B હેઠળ પસંદ કરાયા છે. આમ હવે ગુજરાત પણ દેશને હવે બ્યુરોક્રેટસ આપવાના મામલે ધીમે પણ મક્કમ ગતિએ આગળ વધી રહ્યું છે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાઠવી શુભકામના

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પસંદગી પામેલા આ યુવાઓને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવવા સાથે ઉજ્જવળ ભાવિ કારકિર્દીની શુભેચ્છાઓ પણ આપી છે. સ્પીપા ખાતે યુપીએસસી સ્ટડી સેન્ટર 1992થી કાર્યરત છે ત્યારથી લઈને અત્યાર સુધીમાં કુલ 285 ઉમેદવારો યુપીએસસી સિવિલ સર્વિસીસની પરીક્ષામાં અંતિમ પસંદગી પામ્યા છે.

## Quick Read

### કોંગ્રેસ નેતા રણદીપ સૂરજેવાલા સામે ચૂંટણી પંચની મોટી કાર્યવાહી, રેલી અને પ્રચાર પર પ્રતિબંધ

નવી દિલ્હી | લોકસભા ચૂંટણીની લઈને ચાલી રહેલા પ્રચાર દરમિયાન કોંગ્રેસ નેતા રણદીપ સિંહ સૂરજેવાલાના વિવાદિત નિવેદનથી આજે (મંગળવાર) ચૂંટણી પંચે તેમના પર મોટી કાર્યવાહી કરી છે. તેમને આગામી 48 કલાક માટે પ્રચાર કરવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. ચૂંટણી પંચના આદેશ અનુસાર, રણદીપ સિંહ સૂરજેવાલા 16મી એપ્રિલથી 18મી એપ્રિલની સાંજે 6 વાગ્યા સુધી કોંગ્રેસ પક્ષ માટે પ્રચાર કરી શકશે નહીં.

### પટનામાં મેટ્રો ક્રેન સાથે ઓટો અથડાઈ, 7ના મોત:રસ્તા પર વેરવિખેર મૃતદેહ પડ્યા

પટના | પટનામાં મંગળવારે સવારે મુસાફરોથી ભરેલી રિક્ષા મેટ્રોના કામમાં લાગેલી એક ક્રેન સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં 7 લોકોના મોત થયા છે. એક ઘાયલ છે. જેની હાલત ગંભીર બની છે. મૃત્યુ પામેલાઓમાં એક 5 વર્ષનો બાળક પણ સામેલ છે. તેના પિતાની હાલત નાજુક છે. અકસ્માત એટલો ભયંકર હતો કે ક્રેન સાથે અથડાતા 4 લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. હોસ્પિટલમાં 3 લોકોના મોત થયા હતા.

### શ્રીનગરની જેલમ નદીમાં બોટ પલટી, 2 બાળકો સહિત 6નાં મોત: વિદ્યાર્થીઓ સહિત 15 લોકો હતા

જમ્મુ | કાશ્મીરના શ્રીનગરમાં જેલમ નદીમાં એક હોડી પલટી ગઈ હતી. શ્રીનગરના જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે આ બોટમાં 15 લોકો સવાર હતા, જેમાં 7 શાળાના બાળકો અને 8 લોકો હતા. આ અકસ્માતમાં 2 બાળકો સહિત 6 લોકોનાં મોત થયા છે. 6 લોકોને બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે 3 લોકો હજુ પણ ગુમ છે. જિલ્લા કલેક્ટરે જણાવ્યું કે અકસ્માત સવારે 7.45 થી 8 વાગ્યાની વચ્ચે થયો હતો. વરસાદને કારણે નદીનું જળસ્તર વધી ગયું હતું.

### ઓડિશામાં બ્રિજ પરથી બસ ખાબકી, 5નાં મોત:40 ઘાયલ બસમાં 50 મુસાફરો સવાર હતા

ભુવનેશ્વર | ઓડિશાના જાજપુર જિલ્લામાં ગઈરાત્રે એક મોટો અકસ્માત સર્જાયો હતો. કોલકાતા જતી બસ પુલ પરથી નીચે ખાબકી હતી. આ અકસ્માતમાં એક મહિલા સહિત પાંચ લોકોના મોત થયા હતા અને 40 લોકો ઘાયલ થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, નેશનલ હાઈવે-16 પર બારાબતી પુલ પર રાત્રે 9 વાગ્યે આ અકસ્માત થયો હતો. બસમાં 50 મુસાફરો હતા અને બસ પુરીથી કોલકાતા જઈ રહી હતી. આ અકસ્માતમાં ચાર પુરૂષ અને એક મહિલાના મોત થયા છે.

### ઝારખંડની યુનિવર્સિટીમાં પોલિટિકલ સાયન્સના પેપરમાં આવ્યો 'ગોદી મીડિયા'નો સવાલ

રાંચી | છેલ્લા કેટલાક વર્ષોમાં રાજકીય પક્ષો દ્વારા મીડિયાને 'ગોડી મીડિયા' કહીને ટારગેટ કરવામાં આવે છે. જો કે, અત્યાર સુધી ગોડી મીડિયા શબ્દનો ઉપયોગ માત્ર રાજકારણમાં જ થતો હતો, પરંતુ હવે ઝારખંડની કોલ્હાન યુનિવર્સિટીના પોલિટિકલ સાયન્સના પેપરમાં ગોદી મીડિયા)ને લઈને સવાલ પૂછવામાં આવતાં હંગામો મચી ગયો છે. પોલિટિકલ સાયન્સના પેપરમાં ગોડી મીડિયા અંગે પૂછવામાં આવેલા સવાલથી વિદ્યાર્થીઓ મુંઝવણમાં મુકાયા હતા.

## છત્તીસગઢના કાંકેરમાં મોટું એન્કાઉન્ટર, ટોચના નક્સલી કમાન્ડર સહિત 29 ઢેર

(એજન્સી) કાંકર । તા. 16

લોકસભા ચૂંટણી પહેલા છત્તીસગઢમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. પોલીસે કાંકર જિલ્લાના માડ વિસ્તારમાં 29 નક્સલવાદીઓને ઠાર કર્યા છે. આમાં નક્સલવાદી નેતા શંકર રાવ પણ સામેલ છે. તમામના મૃતદેહો મળી આવ્યા છે. બીએસએફના સૂત્રોના જણાવ્યા અનુસાર 30 નક્સલવાદીઓ માર્યા ગયા હોવાના અહેવાલ છે. જો કે, હજુ સુધી 12ની પુષ્ટિ થઈ નથી. આ અથડામણમાં BSF ઈન્સ્પેક્ટર રમેશ ચૌધરી સહિત ત્રણ જવાન ઘાયલ થયા છે. તેમાંથી 2 ડીઆરજી કર્મચારીઓ છે. સ્થળ પરથી 5 AK-47 મળી આવી હતી.

### BSFની ટીમ પર જંગલમાં ગોળીબાર



### અત્યાર સુધી 18 મૃતદેહો કબજે કરાયા, ઓટોમેટિક રાઈફલો જપ્ત કરાઈ

એસપી કલ્યાણ એલિસેલાએ કહ્યું કે, અથડામણમાં ટોચનો કમાન્ડર કમાન્ડર શંકર રાવ પણ ઠાર થયો છે. તેના પર 25 લાખનું ઈનામ હતું. અત્યાર સુધીમાં કુલ 18 મૃતદેહો કબજે કરાયા છે. આ ઉપરાંત મોટી સંખ્યામાં ઓટોમેટિક રાઈફલો જપ્ત કરવામાં આવી હતી. છેલ્લા મળતા અહેવાલો મુજબ અથડામણમાં ત્રણ પોલીસ કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા છે.

### કાંકેર બેઠક પર 26મી એપ્રિલે મતદાન

કાંકેર લોકસભામાં બીજા તબક્કામાં મતદાન થવાનું છે. આ માટે ઉમેદવારી ફોર્મ પણ ભરાયા છે. કાંકેરમાં 26મી એપ્રિલે મતદાન થશે. તે જ સમયે, બસ્તર લોકસભામાં 4 દિવસ પછી 19 એપ્રિલે મતદાન થવાનું છે.

### શંકર પર 25 લાખ રૂપિયાનું ઈનામ હતું

એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા શંકર રાવ અને લલિતા માડવી ડીવીસી રેન્કના નક્સલવાદી નેતાઓ હતા. બંને પર 25-25 લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. પોલીસે ઘટનાસ્થળેથી 4 ઓટોમેટિક હથિયારો પણ જપ્ત કર્યા છે.

## હાઈકોર્ટમાંથી ચૈતર વસાવાને રાહત મળી

### 12 જૂન સુધી નર્મદા જિલ્લામાં પ્રવેશી શકશે

(એજન્સી) અમદાવાદ । તા. 16

વનકર્મીઓને બોલાવી ધમકી આપવાના ગુનામાં ધારાસભ્ય ચૈતર વસાવા હાલ શરતી જામીન પર મુક્ત છે. નર્મદા જિલ્લામાં ન પ્રવેશવાની શરતે જામીન આપ્યા હતા.



લોકસભાના ઉમેદવાર હોવાથી પ્રચાર કરી રહ્યા છે, ત્યારે જિલ્લામાં પ્રચાર માટે મંજૂરી માગી હતી જેને રાજપીપળાની સેશન્સ કોર્ટે ફગાવી દેતા હાઈકોર્ટમાં અરજી હતી. ગુજરાત હાઈકોર્ટે ચૈતર વસાવાને નર્મદા જિલ્લામાં પ્રવેશ માટે આપી મંજૂરી હતી.

### કેરળમાં રાહુલ ગાંધીના ચૂંટણી પ્રચારનો બીજો દિવસ

## વાયનાડના કલપેટ્ટામાં રાહુલ ગાંધી ચૂંટણી સભા યોજશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

મંગળવારે (16 એપ્રિલ) કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની કેરળની ચાર દિવસીય મુલાકાતનો બીજો દિવસ છે. તેઓ આજે વાયનાડના કલપેટ્ટામાં જાહેર સભા કરશે. તે જ સમયે પ્રિયંકા ગાંધી વાડ્રા પણ આજે આસામમાં હાજર રહેશે. તે સવારે 10.45 કલાકે જોરહાટ એરપોર્ટ પહોંચશે. તેઓ અહીં ચૂંટણી સભા કરશે. રાહુલ ગાંધીએ 15 એપ્રિલે કોઝિકોડમાં તેમની પ્રથમ ચૂંટણી સભા કરી હતી. તેઓ કન્નુર, પલક્કડ કોટ્ટયમ, થ્રિસુર, તિરુવનંતપુરમ અને અલપ્પુઝામાં 17 થી 18 એપ્રિલ સુધી ચૂંટણી સભા કરશે. રેકોર્ડબ્રેક બેરોજગારી, કમરતોડ મોંઘવારી, દેવાનો બોજ, સરકારી દમનને કારણે શહીદ થયેલા ખેડૂતો, નિરાધાર મજૂરો, ત્રાસી ગયેલા વેપારીઓ, ડોલર સામે ઈતિહાસનો સૌથી નબળો રૂપિયો અને વિશ્વનો સૌથી મોટો



ભ્રષ્ટાચાર 'ઈલેક્ટોરલ બોન્ડ'. આ તમામ 'એપેટાઈઝર્સ'નો સ્વાદ ચાખનાર નરેન્દ્ર મોદી જનતાને કહી રહ્યા છે કે 2047માં તેઓ 'મેઈન કોર્સ' સર્વ કરશે. ભાજપ બંધારણનો નાશ કરી રહી છે, લોકશાહી પર હુમલો કરી રહી છે, સંસ્થાઓનો નાશ કરી રહી છે. તે ભારતનું વિભાજન કરી રહી છે, પરંતુ કેરળના મુખ્યમંત્રી 24 કલાક મારા પર કેમ હુમલો કરે છે? તેઓએ મોદી, ભાજપ અને આરએસએસ પર પણ પ્રહારો કરવા જોઈએ.

### PM મોદીની બાલુરઘાટ રેલી...

## TMCએ પ. બંગાળને ઘૂસણખોરો અને ગુંડાઓને લીઝ પર આપ્યું છે



(એજન્સી) નવી દિલ્હી । તા. 16

પીએમ મોદીએ પશ્ચિમ બંગાળના બાલુરઘાટમાં સંબોધન કરતા મમતા બેનર્જી અને ટીએમસી પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું- સંદેશખાલીમાં મહિલાઓ વિરુદ્ધ ગુનાઓથી આખો દેશ ડરી ગયો છે, કારણ કે ટીએમસીએ પશ્ચિમ બંગાળને ઘૂસણખોરો અને ગુંડાઓને લીઝ પર આપ્યું છે. મોદીએ કહ્યું- ટીએમસીને લાગે છે કે દલિતો, આદિવાસીઓ અને ગરીબોને તેમની ઈચ્છા પ્રમાણે ફરવાની સ્વતંત્રતા નથી. પરંતુ આ ચૂંટણી તેમને કહેશે કે બાબા સાહેબ આંબેડકર ભારતની લોકશાહીમાં દલિતો, વંચિત લોકો અને આદિવાસીઓ ટીએમસીના ગુલામ નથી. આદિવાસી મહિલાઓને ઘૂંટણિયે લાવનાર TMC ટૂંક સમયમાં ઘૂંટણિયે આવી જશે.

### પૂર્ણિયામાં PM મોદીની સભા...

## આગામી 5 વર્ષમાં ભ્રષ્ટાચારીઓ સામે વધુ કડક કાર્યવાહી થશે



(એજન્સી) પૂર્ણિયા । તા. 16

PM મોદી બિહારના પૂર્ણિયામાં રંગભૂમિ મેદાનમાં જનસભામાં સંબોધન કરી રહ્યા છે. વડાપ્રધાને કહ્યું કે અમે એવી વ્યક્તિની પૂજા કરી રહ્યા છીએ જેના વિશે કોઈએ પૂછ્યું નથી. તેમણે કહ્યું કે બિહારમાં અગાઉની સરકાર બિહારને પછાત કહીને છટકી જતી હતો. અમે સીમાંચલ અને પૂર્ણિયાના વિકાસને અમારું મિશન બનાવ્યું છે. અમે ભ્રષ્ટાચાર નાબૂદ કરવામાં વ્યસ્ત છીએ અને તેઓ તેને બચાવવામાં વ્યસ્ત છે. ભ્રષ્ટાચારીને બચાવવા દરેક એક થઈ રહ્યા છે. વડાપ્રધાને કહ્યું કે પહેલા દેશમાં જવાનો શહીદ થતા હતા. તમને ઘરમાં ઘૂસીને મારો. જે દેશ આપણને આંખો બતાવતો હતો તે આજે કટોરો લઈને ભટકી રહ્યો છે.

## સલમાન ખાનને મળવા પહોંચ્યા મહારાષ્ટ્રના CM એકનાથ શિંદે



ફાયરિંગ પછી સામે આવી પહેલી તસવીર

(એજન્સી) મુંબઇ । તા. 16

મુંબઈમાં પોતાના ઘર નજીક ફાયરિંગ બાદ સલમાન ખાન પહેલીવાર જાહેરમાં જોવા મળ્યો છે. આજે 16 એપ્રિલના રોજ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે સલમાન ખાનને મળવા ગેલેક્સી એપાર્ટમેન્ટ પહોંચ્યા હતા. જેની તસવીર સામે આવી છે. જેમાં તેને વાતચીત કરતો જોઈ શકાય છે. સલમાન ખાન અને એકનાથ શિંદેની સાથે અભિનેતાના પિતા સલીમ ખાન પણ જોવા મળી રહ્યા છે. મળતી માહિતી પ્રમાણે, મુખ્યમંત્રી શિંદેએ સલમાન ખાન અને તેના પરિવાર સાથે થોડો સમય વાતચીત કરી હતી. આ દરમિયાન તેમણે અભિનેતાને ખાતરી આપતાં કહ્યું કે, સલમાન સાથે તેના પરિવારની સુરક્ષા વધારી દેવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું કે, તેઓ મહારાષ્ટ્રમાં કોઈપણ પ્રકારની અંડરવર્લ્ડની એક્ટિવિટીને સહન નહીં કરે. ભલે ને પછી તે બિશ્નોઈ ગેંગ જ કેમ ન હોય. અહીં કોઈની દાદાગીરી ચાલશે નહીં.

## સુપ્રીમ કોર્ટે ફરી પતંજલિની માફી ફગાવી...

### ભ્રામક જાહેરાતો અંગે બાબા રામદેવે કહ્યું... કામના ઉત્સાહમાં આવું થયું

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

મંગળવારે સુપ્રીમ કોર્ટમાં પતંજલિ જાહેરાત મામલે ફરી એકવાર સુનાવણી થઈ. બાબા રામદેવ અને બાલકૃષ્ણ ત્રીજી વખત જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ અમાનતુલ્લાની બેંચ સમક્ષ હાજર થયા હતા. બાબા રામદેવના વકીલ મુકુલ રોહતગીએ કહ્યું- અમે ફરી એકવાર કોર્ટની માફી માંગીએ છીએ. અમને પસ્તાવો છે. અમે જાહેરમાં માફી માંગવા તૈયાર છીએ. કોર્ટે કહ્યું- અમે બાબા રામદેવને સાંભળવા માંગીએ છીએ. જસ્ટિસ કોહલીએ કહ્યું- તમે (રામદેવ) યોગ માટે ઘણું કર્યું છે. તમારું સન્માન છે, પરંતુ આ જે સ્ટેટમેન્ટ આપવામાં આવ્યું છે- પરમ આદરણીય જજ સાહેબ મહોદયા. અનકંડિશનલી જે પણ ભૂલ અમારાથી થઈ એની અમે બિનશરતી માફી માગીએ છીએ. તમે શું વિચાર્યું કે તમે પ્રેસ કોન્ફરન્સ અને પ્રચાર કરશો? જે વસ્તુનો તમે પ્રચાર કરી રહ્યા છો, અમારી સંસ્કૃતિમાં પણ એવી અનેક વસ્તુ છે. લોકો માત્ર એલોપેથી નહીં, ઘરેલુ પદ્ધતિઓ પણ ઉપયોગમાં લઈ રહ્યા છે.

**કોર્ટે કહ્યું- તમે દેખાવ છો એટલાં નિર્દોષ પણ નથી**



### માફીપત્ર બે વાર નકારવામાં આવ્યો

10 એપ્રિલે થયેલી સુનાવણીમાં કોર્ટે બાબા રામદેવ અને બાલકૃષ્ણની બીજી માફી પણ ફગાવી દીધી હતી. જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ અમાનતુલ્લાની બેન્ચે પતંજલિના વકીલોને કહ્યું હતું કે તમે જાણીજોઈને કોર્ટના આદેશનું ઉલ્લંઘન કર્યું છે, કાર્યવાહી માટે તૈયાર રહો. કોર્ટે ઉત્તરાખંડ સરકારને પણ ફટકાર લગાવી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું- કેન્દ્ર તરફથી એક પત્ર આવ્યો છે કે તમારી (ઉત્તરાખંડ સરકાર) પાસે કેસ છે. કાયદાનું પાલન કરો. આવું 6 વખત થયું. લાઈસન્સ ઈન્સ્પેક્ટર વારંવાર મૌન રહ્યા. આ પછી જેઓ આવ્યા તેમણે પણ આવું જ કર્યું. ત્રણેય અધિકારીઓને તાત્કાલિક સસ્પેન્ડ કરવા જોઈએ.

## ફિલ્મ અભિનેતા સલમાન ખાનના બંગલા પર ફાયરીંગ કરનાર કચ્છમાંથી ઝડપાયા

મહેશ સોની નખત્રાણા

ફિલ્મ અભિનેતા સલમાનખાનના ઘર પર ફાયરિંગ કરી નાસી છૂટેલા આરોપી કચ્છના પ્રસિધ્ધ યાત્રાધામ માતા નામઢ બાજુ નાસી આવ્યાની માહીતી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને મળતા તેમણે કચ્છ પોલીસને જાણ કરી હતી તેનાં અનુસંધાને બોર્ડર રેન્જના આઈ જી પી શ્રી ચિરાગ કોટડિયા સાહેબ તેમજ પશ્ચિમ કચ્છ ડી આઈ જી શ્રી મહેન્દ્ર બગડીયા સાહેબે આ વાતને ગંભીરતાથી લઈ આરોપીને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી હતી. આખી રાત ચાલેલા આ ઓપરેશન માં પશ્ચિમ કચ્છ લોકલ બ્રાન્ચ તેમજ મુંબઈ પોલિસે બન્ને આરોપીને સફળતાપૂર્વક શ્રી આશાપુરા મંદિર પરિસરમાંથી પકડી પાડયા હતા. વીકી ગુપ્તા ઉ.વ.૨૪ અને સાગર પાલ ઉ. વ.૨૧ નામના શખ્શો બિહારના વેસ્ટ ચાંપાનેર જિલ્લાના એક જ ગામના રહેવાસી હોવાનુ જાણવા મળ્યું હતું તેમજ લોરેન્સ બિશ્નોઈ ગેંગના સાગીરત હોવાનું બહાર આવ્યું છે.



### 'આપ'ના ભાવનગર લોકસભાના ઉમેદવાર ઉમેશ મકવાણાએ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનની હાજરીમાં ઉમેદવારી નોંધાવી

# હું આશા રાખું છું કે 4 જૂને, હું સાંભળીશ કે ભાવનગરમાં 'આપ'નું ઝાડું આગળ ચાલી રહ્યું છે: મુખ્યમંત્રી ભગવંત માન

(એજન્સી) ભાવનગર । તા. 16



આમ આદમી પાર્ટીની પંજાબ સરકારના મુખ્યમંત્રી ભગવંત માન સાહેબ ગઈકાલે સાંજે ગુજરાત પહોંચ્યા હતા. આજે 16મી એપ્રિલના રોજ આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના ઈન્ડિયા એલાયન્સના ઉમેદવાર ઉમેશભાઈ મકવાણા સાથે ભગવંત માન સાહેબ ઉમેદવારી નોંધાવવા પહોંચ્યા હતા. આ નામાંકન પ્રક્રિયામાં ભાવનગરના ઉમેદવાર ઉમેશભાઈ મકવાણા અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સાહેબ સાથે સાથે આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાનભાઈ ગઢવી, ધારાસભ્ય હેમંતભાઈ ખવા, ધારાસભ્ય સુધીરભાઈ વાઘાણી, પ્રદેશ મહામંત્રી સાગરભાઈ રબારી, કાર્યકારી પ્રમુખ જગમાલભાઈ વાળા, ડો. જ્વેલબેન વસરા, કાર્યકારી પ્રમુખ કૈલાશદાન ગઢવી, પ્રદેશ મંત્રી અજીતભાઇ લોખીલ, પ્રદેશ પ્રવક્તા કરણભાઈ બારોટ, પ્રદેશ પ્રવક્તા હિમાંશુભાઈ ઠક્કર, પ્રદેશ ખજાનચી કિરણભાઈ પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌરીબેન દેસાઈ, પ્રદેશ કાર્યાલય ઈન્ચાર્જ અનુપભાઈ શર્મા, અમદાવાદ શહેર પ્રમુખ બિપીનભાઈ પટેલ, માલધારી સેલના પ્રદેશ પ્રમુખ કિરણભાઈ દેસાઈ, હોસ્પિટલ કેર કમિટીના પ્રદેશ પ્રમુખ વિનોદભાઈ પરમાર, એસસીએસટી સેલના પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ ચાવડા, એડવોકેટ સેલ જુનેજા લીગલ તથા પ્રદેશ આગેવાનો, સ્થાનિક આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભાવનગર લોકસભાના ઉમેદવાર ઉમેશભાઈ મકવાણાએ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સાહેબની હાજરીમાં ઉમેદવારી નોંધાવી હતી. ઉમેદવારી પત્ર ભર્યા બાદ મુખ્યમંત્રી ભગવંત માન સાહેબે મીડિયા સમક્ષ વાત કરતા જણાવ્યું કે આજે આપણા ભાવનગર લોકસભાના ઉમેદવાર ઉમેશભાઈ મકવાણાએ ઉમેદવારી નોંધાવી છે. અમે ઉમેદવારી નોંધાવતા પહેલા પ્રચાર કર્યો અને અમને સમર્થન આપવા માટે લોકો તેમના ઘરો અને દુકાનોમાંથી બહાર આવી ગયા હતા. હું ચોક્કસ કહી શકું છું કે આજનો દિવસ ઈતિહાસના પાનાઓમાં લખાશે. હવે હું ભરૂચ લોકસભામાં જઈશ. હું અમારા ભરૂચ લોકસભાના ઉમેદવાર અને એક લોકપ્રિય નેતા ચૈતરભાઈ વસાવા સાથે તેમના નોમિનેશન વખતે સાથે રહીશ. અગાઉ હું આસામ ગયો હતો, હવે ગુજરાતમાં આવ્યો છું, પછી પંજાબ અને દિલ્હીમાં પણ જોરશોરથી પ્રચાર કરીશું. સત્તા પર બેઠેલા લોકોને એવી ગેરસમજ છે કે અરવિંદ કેજરીવાલજીને જેલમાં નાખીને તેઓ અમારા પ્રચારને બંધ કરી દેશે. અમે ક્યારેય જાતિ અને નફરતની રાજનીતિ કરતા નથી. અમે દેશના 140 કરોડ લોકોનો ઉત્કર્ષ ઈચ્છીએ છીએ. અમે નામની રાજનીતિ નથી કરતા, કામની રાજનીતિ કરીએ છીએ. અને તેથી જ અમે દિલ્હી અને પંજાબમાં જંગી બહુમતીથી જીતી રહ્યા છીએ, ક્લીન સ્વીપ કરી રહ્યા છીએ. આ નામાંકન પ્રક્રિયા પહેલા ભગવંત માન સાહેબ અને ઉમેશભાઈ મકવાણાનો એક મોટો રોડ શો યોજાયો હતો, જેમાં મોટી સંખ્યામાં સામાન્ય લોકો પણ જોડાયા હતા. આ રોડ શો જ્યાંથી પણ પસાર થતો હતો, ત્યાં લોકોનો ભરપૂર પ્રેમ અને સમર્થન જોવા મળ્યું હતું.

## એસ્સારના ડે.મેનેજર સહિત 2 કર્મીએ 3.50 કરોડ ચાંઉ કર્યા

સુરત : પોલીસ સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ અડાજણ હનીપાર્ક રોડ સ્થિત સાકાર રો-હાઉસમાં રહેતા સુરેન્દ્રભાઈ ભાણાભાઈ મોદી લેબર કોન્ટ્રાક્ટર છે. મોટી કંપનીઓમાં તેઓ લેબર સપ્લાય કરે છે. અગાઉ તેઓ હજીરા સ્થિત એસ્સાર કંપનીમાં લેબર સપ્લાય કરતા હતા. દરમિયાનમાં તા.1-4-2007થી તા.1-4-2012 દરમિયાન એસ્સાર કંપનીમાં સુરેન્દ્રભાઈએ કંપનીમાં લેબર સપ્લાય કર્યા હતા જેના કુલ 16 કરોડથી વધુના બિલ મૂક્યા હતા. આ બિલની સામે કંપનીના તત્કાલિન ડેપ્યુટી મેનેજર કપિલ જે. પટેલ અને એકાઉન્ટન્ટ હેડ ડી. એમ.કાઘજીએ રૂ.13 કરોડના ચેક તેમના આપી દીધા હતા. જ્યારે બાકી નીકળતા રૂ.3.50 કરોડની આ બંનેએ લેજરમાં ખોટી એન્ટ્રી બતાવી હતી. એટલું જ નહીં ખોટા મોબાઈલ બિલ પણ બનાવ્યા હતા.તેમજ ફરિયાદી પાસે સર્વિસ ટેક્સના નાણા પણ ભરાવ્યા હતા. આરોપીઓએ આ તોતિંગ રકમ પોતાના અંગત ઉપયોગમાં લઈને છેતરપિંડી કરી હતી. આ અંગે સુરેન્દ્રભાઈએ કોર્ટમાં ફરિયાદ કરી હતી.

## ઉપલેટા કોર્ટમાં પાંચ લાખ એંસી હજારના ચેક રીટર્નના કેસમાં આરોપીને નિર્દોષ છોડી મુકતો હુકમ કર્યો



વિજય રાડીયા : ઉપલેટા

ઉપલેટા કોર્ટમાં આરોપી તરફે રોકાયેલ એડવોકેટની દલીલો અને રજૂ રખાયેલ ચુકાદાઓને કોર્ટે ગ્રાહ્ય રાખી કોર્ટે નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે. ઉપલેટામાં ચેક રીટર્ન કેસમાં ઉપલેટા કોર્ટ દ્વારા આરોપીને નિર્દોષ જાહેર કરીને થી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ - ૧૩૮ ના ચાલેલા કેસમાં નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ કર્યા હોવાનું સામે આવ્યું છે. આ કેસની વિગતો આપતા આરોપી તરફે રોકાયેલ એડવોકેટ પિન્ટુભાઈ જી. મેઘાણીએ જણાવ્યું છે કે ઉપલેટાનાએ સિધ્ધી વિનાયક પ્રોજેકટના પ્રોપ્રાઈટર જેન્તીભાઈ પીઠાભાઈ મકવાણા દ્વારા રૂપિયા પાંચ લાખ એંસી હજાર પુરાના ચેક રીટર્ન અંગેનો કેસ ઉપલેટાની નામદાર અદાલતમાં દાખલ કરાયો હતો. જેના ફોજદારી કેસ નં.૧૮૧૫/૨૦૨૨ થી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ - ૧૮૮૧ ની કલમ - ૧૩૮ મુજબ રૂપિયા પાંચ લાખ એંસી હજાર પુરાનો ચેક રીટર્નની ફરિયાદ કરાયેલ હતી. આ ઉપરોક્ત ફરિયાદ ઉપલેટાના મહેરબાન જ્યુડી. મેજી. (હ.ક.) જજ સાહેબ એ. એ. દવે સાહેબમાં ચાલી જતા નામદાર અદાલત દ્વારા આરોપીને નિર્દોષ છોડી મુકતો હુકમ કર્યો છે. આ કેસની કાર્યવાહીમાં શ્રી રંગ અમી કાર્ટીંગના પ્રોપ્રાઈટર પ્રતિકભાઈ અશોકભાઈ માછી- આરોપી તરફેના એડવોકેટ દ્વારા રજૂ રાખવામાં આવેલ નામદાર હાઈકોર્ટ તથા નામદાર સુપ્રિમ કોર્ટના જુદા-જુદા ચુકાદાઓ ધ્યાને લઈ તેમજ ગ્રાહ્ય રાખીને ઉપલેટાના મહે. જ્યુડી. મેજી. (ફ. ક.) સાહેબ એ. એ. દવે સાહેબ દ્વારા શ્રી રંગ અમી કાર્ટીંગના પ્રોપ્રાઈટર પ્રતિકભાઈ અશોકભાઈ માછીને નેગો. ઈન્સ્ટ્રુ. એકટ કલમ - ૧૩૮ માં નિર્દોષ જાહેર કરી છોડી મુકતો હુકમ કર્યો છે.

# ચૈતરભાઈ વસાવા હવે ડેડીયાપાડામાં પણ પોતાના પ્રચાર અભિયાનને શરૂ કરશે : મનોજ સોરઠીયા

### ભરૂચ લોકસભાના 'આપ'ના ઉમેદવાર ચૈતરભાઈ વસાવા પર લગાવવામાં આવેલ નર્મદા જિલ્લામાં પ્રવેશ પરના પ્રતિબંધને હાઇકોર્ટે હટાવ્યો

(એજન્સી) ભરૂચ । તા. 16

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજભાઈ સોરઠીયાએ એક મહત્વપૂર્ણ મુદ્દા પર પોતાની ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, એક ખોટા આરોપોના કેસમાં આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય અને ભરૂચ લોકસભા સીટના ઉમેદવાર ચૈતરભાઈ વસાવા પર નર્મદા જિલ્લામાં પ્રવેશ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો. જેના કારણે તેઓ પોતાની ડેડીયાપાડા વિધાનસભામાં પણ પ્રવેશ કરી શકતા ન હતા. પરંતુ હવે માનનીય ગુજરાત હાઈકોર્ટે એક આદેશ આપીને આ પ્રતિબંધને હટાવ્યો છે. આખરે સત્યની જીત થઈ છે. ભાજપ દ્વારા ચૈતરભાઈ વસાવાને ચૂંટણી દરમિયાન તેમના મતદારો અને પરિવારથી દૂર રાખવાની ભાજપની મેલી મુરાદ આખરે નિષ્ફળ થઈ છે. હાઈકોર્ટના આ આદેશ પર ડેડીયાપાડાના લોકો સહિત સમગ્ર આમ આદમી પાર્ટી હાઈકોર્ટનો આભાર માને છે. હવે ચૈતરભાઈ વસાવા ડેડીયાપાડામાં પણ પોતાના પ્રચાર અભિયાનને શરૂ કરશે અને ભાજપના અત્યાચારનો જવાબ જનતા પોતાના વોટથી આપશે.

## મહીસાગરના સો.મીડિયા ઇન્ફ્લુએન્સરને મતદાર જાગૃતિ અભિયાનમાં જોડવા કલેકટર કચેરી ખાતે કોફી વિથ કલેકટરનું આયોજન

જગદીશ ત્રિવેદી : લુણાવાડા



આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ૭ મી મે ૨૦૨૪ના રોજ મતદાન થવાનું છે ત્યારે મહીસાગર જિલ્લામાં મહત્તમ મતદાન થાય અને મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરી આંગણે આવેલા આ લોકશાહીના અવસરમાં સહભાગી બને તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રીમતી નેહાકુમારીના માર્ગદર્શનમાં મતદાર જાગૃતિ અને તેના પ્રચાર પ્રસાર માટે અનેકવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. જિલ્લા કલેકટરના મતદાર જાગૃતિ અંગેના વિવિધ પ્રયાસોને વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે ત્યારે વધુ એક નવતર પહેલના ભાગરૂપે જિલ્લામાં 5k થી વધુ ફોલોઅર ધરાવતા જિલ્લાના સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરને મતદાર જાગૃતિ અભિયાનમાં જોડવા કોફી વિથ કલેકટરનું આયોજન કલેકટર કચેરી હોલ ખાતે કરવામાં આવ્યું. જિલ્લા ચુંટણી અધિકારી શ્રીમતી નેહા કુમારીએ જણાવ્યું હતું કે આજના સમયમાં ઝડપથી સંદેશો પહોંચાડવાનું માધ્યમ સોશિયલ મીડિયા છે અને આજનો યુવા વધુ સમય સોશિયલ મીડિયા પર પસાર કરે છે ત્યારે સોશિયલ મીડિયાના માધ્યમથી વિવિધ મતદાર જાગૃતિ થીમ પર વિડીયો બનાવી શેર કરી વધુને વધુ લોકો મતદાન કરવા પ્રેરાય તે માટે અપીલ કરી હતી. સાથે જે લોકો જિલ્લાની બહાર વસવાટ કરતાં હોય તે લોકો પણ મતદાનના દિવસે મતદાન કરવા અચૂક જાય આ અવસરમાં જોડાવા અપીલ કરી હતી. કોફી વિથ કલેકટર કાર્યક્રમાં ઉપસ્થિત રહેનાર જિલ્લાના સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર પાસે મતદાન જાગૃતિ કન્ટેન્ટ વિષે ચર્ચા કરવામાં આવી હતી અને કેવી રીતે મહત્તમ લોકો આ પર્વમાં જોડાય તે બાબતે ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી ચંદ્રકાંત પટેલ ,પ્રોબેશનલ આઈએએસશ્રી મહેંક જૈન, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી સી એન ભાભોર , પ્રાંત અધિકારીશ્રી આનંદ પાટીલ,નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી એમ એસ મનાત ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગર જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીએ વેલણવાડા ગામના મહિલા પશુપાલકો સાથે સંવાદ સાધ્યો

જગદીશ ત્રિવેદી : લુણાવાડા



વિવિધતામાં એકતા ધરાવતા ભારતમાં અનેક સાંસ્કૃતિક વિવિધતાઓ વચ્ચે એક પરંપરા એવી છે જે લગભગ દેશભરમાં જોવા મળે છે. અને એ છે આંગણે આવેલા અવસરના આમંત્રણની. પારિવારિક અને માંગલિક પ્રસંગોના આમંત્રણની પ્રથાને એક સોપાન આગળ વધારતાં ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતી દ્વારા લોકશાહીના મહાપર્વમાં મતદાન માટે મતદારોને સહપરિવાર આમંત્રણ પાઠવતી પત્રિકા મોકલવા અંગેનો નિર્ધાર કરવામાં આવ્યો છે. મહીસાગર જિલ્લાની વાત કરીએ તો, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માં જિલ્લા ચૂંટણી અધિકારી શ્રીમતી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ જિલ્લાના મતદારો પોતાના મતાધિકારનો મહત્તમ ઉપયોગ કરીને લોકશાહીના પર્વની ગૌરવભેર ઉજવણી કરે તે માટે સમગ્ર ચૂંટણી તંત્ર દ્વારા મતદાર જાગૃત્તિના ભગીરથ પ્રયાસો કરાઈ રહ્યા છે. જિલ્લા ચુંટણી અધિકારી શ્રીમતી નેહા કુમારી દ્વારા મહિલા પશુપાલક સાથે મતદાર જાગૃતિ અંતર્ગત સંવાદ સાધ્યો હતો. આ લોકસાહિના પર્વમાં ઉત્સાહ સાથે જોડાઈ અચૂક મતદાન કરે અને અન્ય લોકોને પણ મતદાન કરવા પ્રેરિક કરે અને ઉપસ્થિત મહિલાઓએ ખાતરી આપી હતી કે અમે તો મતદાન કરવા જશું જ પણ સાથે ગામની દરેક મહિલાઓને જોડે લઈ જઈ મતદાન કરીશું. આગામી મે મહિનાની ૭ મી તારીખે લોકશાહીના મહાપર્વની ઉજવણી મહીસાગર જિલ્લામાં કરવામાં આવનાર છે, ત્યારે જિલ્લાના મતદાન મથકોમાં મહિલા મતદારોની મતદાનમાં સહભાગીતા વધારવા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિશેષ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જિલ્લાના મતદાન મથકો પર મહિલાઓના મતદાનનું પ્રમાણ વધે તે માટે સપરિવાર મતદાન કરવા અનુરોધ કરતી મતદાન મથકોની મહિલાઓને આમંત્રણ પત્રિકાઓ જિલ્લા ચુંટણી અધિકારી શ્રીમતી નેહા કુમારી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી ચંદ્રકાંત પટેલ દ્વારા પાઠવવામાં આવી છે. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી ચંદ્રકાંત પટેલ ,પ્રોબેશનલ આઈએએસશ્રી મહેંક જૈન, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી સી એન ભાભોર , પ્રાંત અધિકારીશ્રી આનંદ પાટીલ,નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી એમ એસ મનાત ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં ઓટો રીક્ષામા પેસેન્જર તરીકે બેસાડી ધ્યાન બહાર સોનાના ઘરેણાની ચોરી કરતી ટોળકીના બે ઇસમ ઝડપાયા

વિશાલ જે હરવરા : જામનગર



ગઈ તા.૧૩/૦૪/૨૦૨૪ ના બપોર પછીના પાંચેક વાગ્યાના અરસામા ફરીયાદીને જામનગર સમર્પણ પાસેથી પેસેંજર તરીકે બેસાડી ઓટો રીક્ષા ચાલક તથા તેમા વચ્ચેની સીટમાં બેસેલ અજાણ્યા પુરુષે મળીને ફરીયાદીના ગાળામા પહેરેલ સોનાની કંઠી આશરે ત્રણ તોલાની જેની કિંમત આશરે રૂ.૧,૬૦,૦૦૦/-ની ચોરી કરેલ હોય જે અંગે જામનગર સીટી સી ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં.- ૧૧૨૦૨૦૦૨ ૨૪૦૬૯૯/૨૦૨૪ આઇ.પી.સી. કલમ ૩૭૯,૧૧૪ મુજબનો ગુન્હો તા.૧૫/૦૪/૨૦૨૪ ના કલાક ૧૮/૩૦ વાગ્યે જાહેર થયેલ છે. ઉપરોક્ત ગુન્હા સંબધે પોલીસ મહાનિરીક્ષકશ્રી, રાજકોટ વીભાગ શ્રી અશોકકુમાર સાહેબ (IPS) તથા પોલીસ અધિક્ષક જામનગર શ્રી પ્રેમસુખ ડેલુ સાહેબ (IPS) નાઓએ અનડીટેકટ ગુન્હાઓ શોધી કાઢવા સુચના આપેલ હોય તે અન્વયે નાયબ પોલીસ અધિક્ષક જામનગર શહેર શ્રી જયવિરસિંહ ઝાલા સાહેબના ના માર્ગદર્શન હેઠળ, પો.ઈન્સ.શ્રી જે.વી. ચોધરી સાહેબ નાઓના માર્ગદશન મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ ઈન્સ. વી.બી. બરબસીયા સાહેબ તથા સ્ટાફના માણસો દ્વારા ગુન્હો ડિટેક્ટ કરવા સારુ અલગ અલગ જગ્યાએ સીસીટીવી ફુટેજ ચેક કરેલ તેમજ જામનગર કમાન્ડ એન્ડ કન્ટ્રોલ ના સીસીટીવી કેમેરા આધારે ચેક કરી વર્ક આઉટ કરી સદરુ ગુન્હામા ચોરીમા ઉપયોગ થયેલ શંકાસ્પદ સી.એન.જી. ઓટો રીક્ષા ના રજી.નં GJ 03 BU 1447 મળી આવેલ જે ઓટો રીક્ષા નંબર આધારે વોચ તપાસમા હતા દરમ્યાન પો.હેડ કોન્સ. ખીમશીભાઈ ગોવિંદભાઇ ડાંગર તથા પો.કોન્સ વનરાજભાઈ ભગુભાઇ ખવડ તથા પો. કોન્સ મહાવિરસિંહ વનરાજસિંહ જાડેજા નાઓને મળેલ હકીકત આધારે ઉપરોક્ત નંબર વાળી ઓટો રીક્ષા સાથે બે ઈસમોને જામનગર શહેર સમર્પણ સર્કલ પાસેથી ચોરીમા ગયેલ સોનાની કંઠી કિ. રૂ.૧,૬૦,૦૦૦/- તેમજ ચોરીમા ઉપયોગ કરેલ રીક્ષા સહીત કુલ રૂ.૨.૬૦,૦૦૦/- ના મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

# ચૂંટણી લડતા ઉમેદવારોના ગુનાહિત ઇતિહાસની જાણકારી પૂરી પાડીને ચૂંટણીમાં પારદર્શકતા અને જવાબદારીને પ્રોત્સાહન આપે છે KYC એપ

ગાંધીનગર સંવાદદાત વિજયવીર યાદવ

લોકસભા સામાન્ય ચૂંટણીમાં ત્રીજા તબક્કામાં થનારા મતદાન માટે તારીખ 12મી એપ્રિલથી ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. અમદાવાદ સહિત ગુજરાતની વિવિધ અલગ અલગ લોકસભા બેઠકો પર ઉમેદવારો પોતાના ઉમેદવારીપત્રો ભરી રહ્યા છે. મતદાન કરવા જનાર દરેક મતદારે પોતાના ઉમેદવાર વિશે જાણવું જરૂરી છે, જેથી તેઓ પોતાનો મત આપવાનો નિર્ણય લઈ શકે. દેશના ચૂંટણી પંચ દ્વારા મતદારોને તેમના ઉમેદવારના ગુનાહિત ઈતિહાસ અંગેની માહિતી પૂરી પાડવા માટે નો યોર કેન્ડિડેટ(Know Your Candidate - KYC) એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે. આ એપ્લિકેશન એન્ડ્રોઈડ અને iOS એમ બંને પ્રકારના ઓપરેટિંગ સિસ્ટમ ધરાવતા ડિવાઈસ પર ઉપલબ્ધ છે. કેવાયસી(KYC) એપ્લિકેશન પર મતદારો ચૂંટણી પ્રકાર અને એસી (એસેમ્બલી કન્સ્ટિટ્યૂઅન્સી)/પીસી (પાર્લામેન્ટરી કન્સ્ટિટ્યૂઅન્સી)ની વિગતો એન્ટર કરીને અથવા ઉમેદવારનું નામ એન્ટર કરીને નામાંકન થયેલા ઉમેદવારોનું લિસ્ટ જોઈ શકે છે. જે તે ઉમેદવારના નામ પર ક્લિક કરીને ઉમેદવારની પાર્ટી, ઉંમર, સરનામું, એફિડેવિટ (ફોર્મ - 26), જે તે રાજ્ય અને તેની વિધાનસભા/લોકસભા બેઠકનું નામ સહિતની વિગતો જોઈ શકાય છે. આ મોબાઈલ એપ્લિકેશન નાગરિકોને ચૂંટણી લડતા ઉમેદવારોના ગુનાહિત ઈતિહાસ (જો હોય તો) વિશે જાણવામાં મદદ કરે છે. ઉમેદવાર સામે દાખલ કરવામાં આવેલા કોઈપણ ફોજદારી કેસોની વિગતો, તે કેસોની સ્થિતિ અને ગુનાઓની પ્રકૃતિ સહિતની વિગતો આ એપ પરથી મેળવી શકાય છે. કેવાયસી (KYC) એપ નાગરિકો માટે કોને મત આપવો તે અંગે માહિતીસભર નિર્ણયો લેવા માટે ઉપયોગી એપ છે. તે મતદારોને ગુનાહિત પ્રવૃત્તિયુક્ત ઈતિહાસ ધરાવતા ઉમેદવારોને ઓળખવામાં અને તેમને મત આપવાનું ટાળવામાં મદદ કરી શકે છે. આ એપ ચૂંટણીમાં પારદર્શિતા અને જવાબદારીને પ્રોત્સાહન આપવામાં પણ મદદ કરી શકે છે. KYC(Know Your Candidate) એપ્લિકેશન ઈસીઆઈની વેબસાઈટ અથવા ગૂગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકાય છે.

## માતાનામઢ શ્રી આશાપુરા મંદિરે હોમ હવનની વિધિ કરાઇ



મહેશ એલ.સોની નખત્રાણા

કચ્છની કુળદેવી આઈ આશાપુરા મંદિરે ચૈત્રી નવરાત્રીના સાતમાં નોરતે રાત્રે માતાનામઢ જાગીરના અધ્યક્ષશ્રી શ્રી રાજાબાવાના હસ્તે હોમ હવનની ધાર્મિક વિધિ કરવામાં આવેલ જેમાં મોડી રાત્રે બીડું હોમવા ની સાથે ચૈત્રી નવરાત્રી સમાપન કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં માઈ ભક્તો હાજર રહી દર્શનનો લાભ લીધો હતો. જય માતાજીના જય ઘોષથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

તસવીર: શિવ રાજદે નખત્રાણા

## અમરેલી લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુંમરને જન આશિર્વાદ સભામાં પ્રચંડ જનસમર્થન



કિશોર આર. સોલંકી : જાફરાબાદ

કોંગ્રેસ નાં લોકસભા નાં ઉમેદવાર જેનીબેન ઠુંમર દ્વારા પોતાનું ઉમેદવારી પત્ર ભરવામાં આવ્યું હતું. આ પહેલા અમરેલી નાં કુંકાવાવ રોડ પર આવેલ 'વિ. કે. ફાર્મ 'ખાતે ઉમેદવાર નાં સમર્થન માં 'જન આશીર્વાદ સભાં 'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભાં માં સેંકડો ની સંખ્યા માં કાર્યકર્તા ઓ અને સમર્થકો ઉમટી પડ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આ ચુંટણી માં અમરેલી બેઠક પર ભાજપ ખુબજ રક્ષણાત્મક સ્થિતિ માં હોય તેમ મોળો મોળો પ્રચાર કરી રહ્યું છે. એક તરફ કોંગ્રેસ નાં ઉમેદવાર મીડિયા સામે આવી અમરેલી જિલ્લા નાં વિકાસ માટે નાં પોતાના આયોજન ની ચર્ચા કરી રહ્યા છે.ઈન્ટરવ્યૂ આપી રહ્યા છે, જન સંપર્ક કરી રહ્યા છે તેની બીજી તરફ ભાજપ અને તેનાં ઉમેદવાર મીડિયા થી દુર ભાગતા હોય તેવું ચિત્ર ઉભું થઈ રહ્યું છે. અમરેલી જિલ્લા માં ભાજપ કાં તો 'અતિ આત્મવિશ્વાસ 'માં છે અથવા તો' કંઈક કાચું કપાયા 'ની મનોસ્થિતિ માં હોય તેમ પ્રચાર કરવાનાં મહત્વપૂર્ણ તબક્કે હજુ પણ હતપ્રભ અવસ્થા માં હોય તેમ લાગી રહ્યું છે. અમરેલી જિલ્લા ની આ સ્થિતિ કંઈક પરિવર્તન નો સંકેત તો નથી ને? તેમ લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

# કાલાવડની શ્રી મુક્તાબેન કન્યા વિધાલયની વિધાર્થિનીઓને સંકલ્પ પત્રોનું વિતરણ કરાયું

વિશાલ જે હરવરા : જામનગર



જામનગર જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત વધુમાં વધુ લોકો મતદાન કરી લોકશાહીના મહાપર્વમાં સહભાગી થાય તે હેતુથી મતદાન જાગૃતિ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાની શ્રી મુક્તાબેન કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓને સંકલ્પપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ પોતાના વાલીઓ પાસે સંકલ્પપત્રો ભરાવી મતદાન અંગેની પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવી હતી. ઉપરાંત શાળાના શિક્ષકોએ પણ આગામી લોકસભા ચૂંટણીમાં મતદાન કરવા અંગેની પ્રતિજ્ઞા લીધી હતી. ઉલ્લેખનીય છે કે, લોકશાહીના મહાપર્વમાં સહભાગી થાય તે હેતુથી મતદાન જાગૃતિ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### બંગલાના માલિકને બંધક બનાવી હત્યા; વેશ પલટો કરી મહારાષ્ટ્રથી ઝડપ્યા

# મર્ડરના આરોપી ઝડપાયા: મુંબઈમાં 160 કરોડની લૂંટને અંજામ આપવા ડુમસમાં લૂંટ ચલાવી



એજન્સી સુરત તા 16

સુરતના ડુમસ સ્થિત કાંદી ફળિયામાં ત્રણ-ચાર કરોડની લૂંટના ઈરાદે ધાડ પાડી આધેડની હત્યા કરવાના ચકચારી ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી નાસ્તા ફરતા બે આરોપીઓને સુરત ક્રાઈમ બ્રાંચની ટીમે મહારાષ્ટ્રથી વેશ પલટો કરીને ઝડપી પાડ્યા છે. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીઓ છેલ્લાં ત્રણ વર્ષથી નાસતાફરતા મળતી માહિતી મુજબ સુરતના ડુમ્મસ સ્થિત કાંદી ફળિયામાં ગત તા. 2 એપ્રિલ 2021ના રાત્રિના સમયે આધેડ ભૂપેન્દ્ર ગોવિંદભાઈ પટેલને મધ્યરાત્રિના અરસામાં આઠેક શખ્સોએ તેમના ઘરમાં ઘૂસી તેમના હાથ પગ બાંધી તેમની હત્યા કરી હતી. રોબરી વિથ મર્ડરના આ ચકચારી ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓ છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા હતા. દરમિયાન સુરત ક્રાઈમ બ્રાંચની ટીમે વેશ પલટો કરીને મહારાષ્ટ્રના થાણે ખાતેથી આરોપી જોશુઆ ઉર્ફે અન્ના રાજેન્દ્રન (ઉ.34) અને સુશાંત ઉર્ફે લંબુ નરસિંગ પાનીગ્રાહી (ઉ.35) ને ઝડપી પાડ્યા હતા. ભાડાની ટેક્સીમાં સુરત આવ્યા હતા

પોલીસે આરોપીઓની કડક પૂછપરછ કરતા સામે આવ્યું હતું કે, ત્રણેક વર્ષ પહેલા આરોપી જોશુઆ ઉર્ફે અન્ના, સુશાંત ઉર્ફે લંબુ બન્ને થાણે સ્થિત કલ્યાણ ખાતે મળ્યા હતા. ત્યારે જોશુઆ ઉર્ફે અન્નાએ જણાવ્યું હતું કે, મારા મિત્ર વિશાલ તથા તેના સાગરીતો મારી પાસે વેચાણમાં ત્રણ-ચાર કરોડ એક બંગલામાં પડેલા છે અને આપણે આ રૂપિયાની લૂંટ કરવાની છે. આ બંગલામાં રહેતો શખ્સ તેના ઘરમાં એકલો જ રહે છે વગેરે વાત કરી હતી. જેથી ત્રણેય લૂંટ કરવા તૈયાર થઈને ભાડાની ટેક્સીમાં સુરત આવ્યા હતા.ત્યારબાદ એક દિવસ મધ્યરાત્રિના આરોપીઓ પોતાના સાગરીતો સાથે મળી કુલ 8 શખ્સો બંગલામાં લૂંટ કરવા માટે ટીપ આપનાર મહિલાના ઘરની પાછળનો દરવાજો ખોલી તેના મકાનની દીવાલ કુદી બાજુના મકાનના વાડામાં ઘુસી મકાનના દરવાજાના નકુચા તથા તાળા તોડી તે ઘરમાં પ્રવેશ્યા હતા. આ દરમિયાન આધેડ જાગી જતા તેના લમણે પિસ્ટલ તાકી તથા ચાદર વડે મોઢું દબાવી દોરી વડે હાથ પગ બાંધી દીધા હતા અને તેની હત્યા કરી હતી. ત્યારબાદ આરોપીઓ ઘરમાંથી 4 લાખની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા જેમાં પોતાના હિસ્સે 50-50 હજાર રૂપિયા આવ્યા હતા.

## ન્યૂઝ કોર્નર

### કળિયુગના કપાતર પુત્રએ પિતાની કરી હત્યા

ભાવનગર જિલ્લામાં કળયુગી પુત્ર એ પોતાના વૃદ્ધ પિતાની હત્યા કરી નાખતા ચકચાર મચી જવા પામી છે.જમવા જેવી સામન્ય બાબતે પોતાની માતા સાથે ઝગડો કરતા પુત્રને પિતા એ ઝગડો કરવાનુ ના કહેતા ઉશ્કેરાઈ ગયેલા પુત્રએ માતા-પિતાને માર માર્યો હતો જેમાં પિતાનું સારવાર દરમિયાન મોત ટીડાભાઈ રાભડીયાનો પુત્ર ભરત રાભડીયાએ પોતાના જ પિતાની માથાના ભાગે લાકડાનો ધોકો મારી દેતા વૃદ્ધ પિતાનુ સારવાર દરમિયાન મોત નિપજ્યું છે વરતેજ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી આરોપી પુત્ર ભરત ને જેલ હવાલે કરી નાખ્યો છે.

### ભાવનગરમાં લગ્નના ત્રીજા દિવસે જ લૂંટેરી દુલ્હને કર્યો હાથફેરો

ભાવનગરમાં લૂંટેરી દુલ્હને હાથફેરો કર્યો છે. જેમાં રૂપિયા 65 હજારનો હાર લઈ લૂંટેરી દુલ્હન ફરાર થઈ છે. મહુવાના કંટાસર ગામના યુવક સાથે આ ઘટના બની છે. રૂપિયા 1 લાખ 41 હજાર ચુકવી યુવકે લગ્ન કર્યા હતા.જેમાં પાલઘરની શીલા નામની યુવતી સાથે લગ્ન કર્યા હતા. તેમાં લગ્નના ત્રીજા દિવસે જ લૂંટેરી દુલ્હને હાથફેરો કર્યો હતો. જેમાં ઘરના કબાટમાંથી 65 હજારનો હાર લઈ રફુચક્કર થતા તુલસી બલર નામના યુવકે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

### ભાવનગર બોટાદ લોકસભા બેઠક પર 9 અપક્ષના ફોર્મ ઉપડયા

ભાવનગર લોકસભા ચૂંટણીને પગલે મતદાન માટેના પ્રથમ તબક્કાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. ચૂંટણી તંત્ર દ્વારા આજથી ફોર્મ ઉપાડવાના દિવસનો પ્રારંભ હોવાને પગલે ભાવનગર ઉમેદવાર નિમુબેન બાંભણીયા એ ફોર્મ લીધું તેની સાથે ડમી ઉમેદવાર તરીકે મહુવાના પૂર્વ ધારાસભ્ય ભાવનાબેન મકવાણાએ ડમી ઉમેદવાર તરીકે ફોર્મ લીધું છે,બીજી તરફ ઈન્ડિયા ગઠબંધનના આપના ઉમેદવાર ઉમેશ મકવાણાએ પણ ફોર્મ લીધું તેની સાથે ડમી ઉમેદવાર તરીકે તેમના પત્ની અલકાબેન મકવાણાએ ફોર્મ લીધું છે.

### HCએ કહ્યું- હજી SCએ કોઈ હુકમ કર્યો નથી

# 5 સ્ટાર હોટલ બનાવવાનો મામલો: હાઈકોર્ટના હરાજી યોજવાના આદેશ સામે સુરત APMC સુપ્રીમમાં

એજન્સી સુરત તા 16

ગુજરાત હાઈકોર્ટમાં સુરતની એક જાહેર હિતની અરજી ઉપર સુનાવણી ચાલી રહી છે. જે ચીફ જજ સુનિતા અગ્રવાલ અને જજ અનિરૂદ્ધ માયીની બેન્ચ સમક્ષ ચાલી રહી છે. અરજીમાં જણાવ્યું છે કે, રાજ્ય સરકારે સુરતમાં APMC માટે આપેલી જમીન APMC કમિટીએ એક ફાઈવ સ્ટાર હોટેલ બનાવી ખાનગી કંપનીને લીઝ ઉપર આપી દીધી છે. આવી કોઈ સત્તા APMC પાસે નથી. સરકારે APMCને 90 કરોડની 20 હજાર સ્કવેર યાર્ડ જેટલી જમીન આશરે 35 વર્ષ પહેલાં એગ્રીકલ્ચર માર્કેટ માટે આપી હતી. જે માર્કેટને APMC કમિટીએ અન્ય જગ્યાએ ખસેડીને સરકારી જમીન ઉપર એક બિલ્ડિંગ બનાવ્યું હતું. બાદમાં આ બિલ્ડિંગ હોટેલ શિલ્પિસ પ્રાઈવેટ લિમિટેડને દર વર્ષે 3 કરોડના ભાડા ઉપર આપી દીધી હતી. જેથી હવે અહીં ફાઈવ સ્ટાર હોટેલ છે. રાજ્ય સરકાર ભૂલ સુધારે નહિતર કોર્ટ પગલાં લેશે કોર્ટે આ મુદ્દે કહ્યું હતું કે, જો નવી જગ્યાએ માર્કેટ યાર્ડ ખસેડ્યું હોય તો સરકારની માલિકીની જૂની જગ્યા પાછી આપી દેવી જોઈએ.

આ મુદ્દે અરજદારે રાજ્ય સરકારને પણ રજૂઆત કરી હતી. જો કે અધિકારીઓ તરફથી હાઈકોર્ટમાં PIL પડતર હોવાથી પગલાં લેવાનું પડતું મૂક્યું હતું. આટલું જ નહિ અરજદારે કહ્યું હતું કે, APMC માર્કેટની જમીન ઉપર જે કૃષિ મોલ બનાવ્યો છે, તેમાં જ્વેલરીની, સાડીની દુકાનો અને ટ્યુશન ક્લાસિક પણ ચાલે છે. કોર્ટે અગાઉ વ્યંગમાં કહ્યું હતું કે, સોનું-ચાંદી ખેત પેદાશોમાં આવે તેની અમને પણ ખબર નહોતી! આ બધી પરમિશન ઓથોરિટીએ આપી હોવાથી કોર્ટે આવા અધિકારીઓ સામે પણ પગલાં લેવાની વાત કરી હતી. રાજ્ય સરકાર પોતાની ભૂલ સુધારે નહિતર કોર્ટ પગલા લેવા આદેશ આપશે તેવું કોર્ટે જણાવ્યું હતું.



### હોટેલ માલિકને માર્કેટ કમિટી વ્યાજ સાથે પૈસા પાછા આપે

APMC એ સરકારી જમીન ઉપર ફાઈવસ્ટાર હોટલ બનાવી દીધી હતી. જ્યારે તેણે ખરીદેલી પ્રાઈવેટ જમીન ઉપર કૃષિ મોલ બનાવવામાં આવ્યો હતો. કોર્ટે હુકમ કર્યો હતો કે, સરકાર તેની જમીનના પૈસા હરાજી દ્વારા પરત મેળવે, હોટેલના પૈસા માર્કેટ યાર્ડને આપવામાં આવે, આ કાર્યમાં સંડોવાયેલા લોકો સામે સરકાર પગલાં લે, કૃષિ મોલમાં કૃષિ સિવાયની ચાલતી અયોગ્ય પ્રવૃત્તિઓ બંધ કરાવાય, હોટેલ માલિકને માર્કેટ કમિટી વ્યાજ સાથે પૈસા પાછા આપે.

### પહેલા માળે 27 દુકાનો ભાડે આપી દેવામાં આવી હતી

હવે ગુજરાત હાઈકોર્ટના આ ઓર્ડરને APMCએ સુપ્રીમ કોર્ટમાં ચેલેન્જ કર્યો છે. જેને લઈને 19 એપ્રિલના રોજ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી છે. જો કે સુપ્રીમ કોર્ટે આ અંગે કોઈ હુકમ કર્યો ન હોવાથી હાઈકોર્ટે રાજ્ય સરકાર પાસે કોર્ટના આદેશ અંગે લીધેલા પગલાંની વિગતો માગી હતી. સરકારે જણાવ્યું હતું કે, કૃષિ મોલમાં જે પ્રવૃત્તિઓ કૃષિ લાયક નહોતી તે જોવા મળી છે. જેને બંધ કરાવવા તજવીજ હાથ ધરાઈ છે. કૃષિ મોલ 09 માળનો છે, જેમાં મોટાભાગની દુકાનો કૃષિ પેદાશોના માર્કેટિંગ સાથે સંકળાયેલી નહોતી. પહેલા માળે 27 દુકાનો ભાડે આપી દેવામાં આવી હતી. જે માર્કેટિંગ એક્ટ પ્રમાણે કાર્ય કરતી નહોતી. પાંચમા માળે કેદુકાનો કૃષિ બજારને લગતું કાર્ય કરતી હતી.

# યુવકનું ગળું કાપી ફેંકી દીધાની આશંકા: સુરતના ડિંડોલીમાં કેનાલ રોડ પર યુવકની લાશ મળી

એજન્સી સુરત તા 16



સુરતના ડીંડોલી વિસ્તારમાં કેનાલ રોડ પર એક યુવકની હત્યા કરાયેલી હાલતમાં લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. યુવકને ગળું કાપી ફેંકી દેવાયો હોવાની આશંકા સેવવામાં આવી રહી છે. બીજી તરફ બનાવની જાણ પોલીસને થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. પોલીસે યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડી આ મામલે તપાસ હાથ ધરી છે. યુવકના શરીરે ઈજાના નિશાન મળી આવ્યા ળતી માહિતી મુજબ, સુરતના ડીંડોલી મધુરમ સર્કલથી કેનાલ જતા રોડ પર એક યુવકની લાશ મળી આવી હતી. બીજી તરફ બનાવની જાણ પોલીસને થતા ઉચ્ચ અધિકારીઓ સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં યુવકના શરીરે ઈજાના નિશાન મળી આવ્યા હતા. આ ઉપરાંત યુવકને ગળું કાપી ફેંકી દેવાયો હોવાની આશંકા સેવવામાં આવી રહી છે. હાલ પોલીસે યુવકની લાશને પીએમ અર્થે સ્મીમેર હોસ્પિટલ ખસેડી મૃતક યુવક કોણ છે? તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. પીઆઈ, એસીપી, ડીસીપી, સુરત ક્રાઈમ બ્રાન્ચનો સ્ટાફ પણ ઘટનાસ્થળે પહોંચીને આ મામલે તપાસમાં જોડાયો છે. યુવકની ઓળખ કરતા તપાસ બનાવ અંગે ડીસીપી ભગીરથ ગઢવીએ જણાવ્યું હતું કે, યુવકના મૃતદેહનો મૃતદેહ મળી આવ્યો હોવાની માહિતી મળતા પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી. યુવકના શરીર પર કેટલાક ઘાના નિશાન છે. હાલ યુવકના મૃતદેહને પીએમ અર્થે હોસપિટલ મોકલવામાં આવ્યો છે. તેમજ મૃતક યુવક કોણ છે? તેની ઓળખ કરવા સહિતની તપાસ હાથ ધરવામાં આવી રહી છે. બીજી તરફ બનાવની જાણ પોલીસને તપાસમાં યુવકના શરીરે ઈજાના નિશાન મળી આવ્યા હતા. આ ઉપરાંત યુવકને ગળું કાપી ફેંકી દેવાયો હોવાની આશંકા સેવવામાં આવી રહી છે. હાલ પોલીસે યુવકની લાશને પીએમ અર્થે સ્મીમેર હોસ્પિટલ ખસેડી મૃતક યુવક કોણ છે? તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે.

# પીપલોદમાં ડમ્પર ચાલકે કારને ટક્કર મારતા ફંગોળાઈ

ગુજરાતમાં દિવસેને દિવસે ડમ્પર ચાલકોનો ત્રાસ વધતો જાય છે,ડમ્પરની અડફેટે અકસ્માત અને મોતની ઘટનામાં દિવસે ને દિવસે વધારો થતો જોવા મળ્યો છે,આવી જ એક ઘટના સુરતના પીપલોદમાં બની જ્યાં ડમ્પર ચાલકે કાર ચાલકને અડફેટે લેતા કાર કૂદીને BRTS રૂટમાં ઘુસી હતી.જયા કારને પણ મોટા પ્રમાણમાં નુકસાન થયું હતુ,તો બીજી તરફ કાર ચાલકને સારવાર હેઠળ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.ઘટનાની જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને ડમ્પર ચાલકની અટકાયત કરી હતી. 21 ફેબ્રુઆરી 2024ના રોજ ડમ્પર ચાલકે સ્કૂલ બસને અડફેટે લીધી માંડવીના ઉશ્કેર ગામ નજીક માર્ગ નિર્માણની કામગીરી દરમિયાન સામ સામે વાહનો અથડાતા અકસ્માત સર્જાયો હતો. મળતી માહિતી અનુસાર, બસ ચાલક અને 10 જેટલા વિદ્યાર્થીઓને ઈજાગ્રસ્ત થયા હતા.

સરસ્વતી વિદ્યાલયના બાળકો, ટીચર અને બસ ડ્રાઈવરને ઈજાઓ પહોંચી હોવાની માહિતી મળી હતી. અકસ્માત બાદ સ્થાનિકો ઘટના સ્થળે દોડી આવી ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યા હતા. તેમજ ઈજાગ્રસ્તોને 108માં સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા.

# ખેડૂતો માટે આનંદના સમાચાર, ચોમાસા બાબતે કરાઈ આ આગાહી

વડોદરા તા 16

ખેડૂતો માટે આનંદના સમાચાર સામે આવ્યા છે. જેમાં આ વર્ષે ચોમાસું સામાન્ય કરતા વધુ સારું રહેશે. તેમાં જૂનથી સપ્ટેમ્બર સુધી ચોમાસું ખુબ સારૂ રહેશે. દેશમાં 104 થી 110 ટકા વરસાદ નોંધાશે. તથા દેશમાં સરેરાશ સારો વરસાદ પડી શકે છે.

ચાર મહિનાના ચોમાસામાં સરેરાશ 666.8 એમએમ વરસાદ નોંધાય છે. દેશમાં ચોમાસું 1 જુન આસપાસ કેરળમાં પ્રવેશ કરશે. તેમજ ગુજરાતમાં સામાન્ય કરતા વધુ વરસાદ નોંધાય છે. તથા અલનીનોની અસર ઘટતા ચોમાસુ સારું રહેશે.ઉનાળાની શરૂઆતથી ગુજરાતમાં ગરમી વધી રહી છે ઉનાળાની શરૂઆતથી ગુજરાતમાં ગરમી વધી રહી છે. આ ગરમી વચ્ચે ભારતીય હવામાન વિભાગે ખૂબ સારા સમાચાર આપ્યા છે. હવામાન વિભાગે દેશમાં સારા વરસાદની આગાહી કરી છે. જૂનથી સપ્ટેમ્બર દરમિયાન સારા વરસાદની આશા છે. સિઝનનો કુલ વરસાદ સરેરાશ 87 સે.મી. સાથે 106 ટકા રહેવાની ધારણા છે. ત્યારે આંકડા અનુસાર, આ વર્ષે 87 સે. મી વરસાદની ધારણા ભારતીય હવામાન વિભાગ પ્રમાણે સમગ્ર દેશમાં જૂનથી સપ્ટેમ્બર સુધી ચોમાસાના વરસાદનો લાંબો સમયગાળો રહેવાનો છે.

# સુરત 40 પાર:સવારે 8 વાગ્યે 32 ડિગ્રીથી શરૂ થયેલી ગરમી 2 વાગ્યે 8 ડિગ્રી વધી 40એ પહોંચી

એજન્સી સુરત તા 16

સિઝનનો સૌથી ગરમ દિવસ, ઉત્તરના સૂકા પવનોથી ગરમી વધી, હજુ બે દિવસ હિટવેવની આગાહી, ગરમી 40 ડિગ્રીથી વધી શકે છે આગાહી માવઠાની હતી પણ ગરમી વધી ગઈ, બપોરે 3 વાગ્યાથી પારો ઘટીને સાંજે 6 વાગ્યે 37 ડિગ્રીએ પહોંચ્યો હવામાન વિભાગે સોમવારે શહેરમાં માવઠાની કરેલી આગાહીનું સૂરસુરિયું થઈ ગયું હતું અને હીટવેવની અસર એક દિવસ અગાઉથી જ જોવા મળી હતી. 40 ડિગ્રી સાથે સોમવારે સિઝનની સૌથી વધુ ગરમી નોંધાઈ હતી. ઉત્તરના સૂકાભઠ્ઠ પવનો સક્રિય થતાં એક જ દિવસમાં મહત્તમ તાપમાનમાં 5.4 ડિગ્રીનો વધારો થયો છે. બપોરના સુમારે ગરમી સાથે લૂની અસર પણ જોવા મળી હતી. રેકોર્ડ પર ભલે 40 ડિગ્રી ગરમી નોંધાઈ પરંતુ લોકોએ 41-42 ડિગ્રી ગરમીનો અનુભવ કર્યો હતો. આગામી બે દિવસ હજુ ગરમીનું જોર યથાવત રહેશે અને પારો 40 ડિગ્રીથી વધુ રહેવાની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યાનુસાર સોમવારે શહેરનું મહત્તમ તાપમાન 40 ડિગ્રી અને લઘુતમ તાપમાન 26.4 ડિગ્રી નોંધાયું હતું. રવિવારની સરખામણીમાં મહત્તમ તાપમાનમાં 5.4 ડિગ્રી અને લઘુતમ તાપમાનમાં 0.8 ડિગ્રીનો વધારો થયો છે. ઉત્તર દિશાથી 6 કિ.મીની ગતિએ પવન ફૂંકાયા હતા. નોંધનીય છે કે, માર્ચ મહિનામાં 38.4 ડિગ્રી શહેરમાં છેલ્લા બે દાયકાના ગરમીના આંકડા મુજબ, વર્ષ 2004માં 44.4 ડિગ્રી સાથે સૌથી વધારે ગરમી નોંધાઈ હતી.

# પાટીદાર સમાજના બ્રેનડેડ યુવકનાં લિવર-કિડની સહિતનાં અંગોનું દાન

એજનસી સુરત તા 16

પાસોદરા રહેતા અને અકસ્માતમાં બ્રેનડેડ જાહેર કરાયેલા લેઉઆ પાટીદાર સમાજના યુવક જમીન દલાલના પરિવારે અંગોનું દાન કરીને 5 વ્યક્તિને નવજીવન આપ્યું છે. યુવકના લિવરનું મુંબઈના 59 વર્ષીય વૃદ્ધમાં કિરણ હોસ્પિટલ ખાતે ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે. જ્યારે બન્ને કિડનીઓનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની સીમ્સ હોસ્પિટલ અને સ્ટર્લીંગ હોસ્પીટલમાં બે જરૂરિયાતમંદ દર્દીઓમાં કરવામાં આવશે. મૂળ ગામ અમરેલીના સાવરકુંડલા તાલુકાના મોલડી ગામના વતની અને હાલમાં ખોલવડ, પાસોદરા પાટિયા પાસે, ઓપેરા રોયલ રેસિડેન્સીમાં રહેતા અને પ્રોપર્ટનો વ્યવસાય કરતા કિરણકુમાર રમેશભાઈ વેકરીયા (46) 11 એપ્રિલે વરાછા, સીમાડા તેઓ ઘરે જતા હતા ત્યારે લસકાણા રેલવે બ્રિજ પાસે કોઈ વાહન ચાલકે ટક્કર મારતાં તેમને માથામાં ગંભીર ઈજા થતાં બેભાન થઈ ગયા હતા. 108 એમ્બ્યુલન્સમાં તેમને કામરેજની દીનબંધુ હોસ્પિટલ બાદ વિનસ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

## બ્રેકિંગ ન્યૂઝ

### ATMમાં ભરવાના 5 લાખ રૂપિયા લઈ વાનચાલક ફરાર

સુરતમાં ક્રાઈમની ઘટના દિવસેને દિવસે સામન્ય બનતી જાય છે,લૂંટ,હત્યા,દુષ્કર્મ આ બધી ઘટનાઓ ઘટે તો કોઈ નવાઈ લાગતી નથી,આવી જ એક ઘટના ખટોદરા વિસ્તારમાં આવેલ CMS ઈન્ફો સિસ્ટમ લિ.ના કર્મચારીઓએ કરી કે જેઓ રોકડ રકમ ભરવા ATMમાં ગયા હતા જ્યાં તે લોકોએ 24 લાખ જમા કરવાને બદલે 19 લાખ જમાં કરાવ્યા હતા.તો 5 લાખ લઈ ફરાર થઈ જતા કંપનીના મેનેજરે ખટોદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

### સુરત માં ફરી પ્રતિબંધિત સિગારેટનો જથ્થો ઝડપાયો

રાજ્યમાં સતત પ્રતિબંધિત પદાર્થોનું લોકો દ્વારા સેવન કરવામાં આવી રહ્યું છે. આ વચ્ચે સુરતમાંથી પ્રતિબંધિત સિગારેટનો મોટો જથ્થો ઝડપાયો છે. જેમાં વિવિધ પ્રતિબંધિત સિગારેટનો 30 હજારની સિગારેટ ઝડપી પાડવામાં આવી છે. હેલ્થ વોર્નિંગ વિનાની સિગારેટનું વેચાણ વધતું જોવા મળ્યું છે. આ અંગેની માહિતી અનુસાર, સુરત શહેરના વરાછા વિસ્તારામાંથી પ્રતિબંધિત સિગારેટનો જથ્થો ઝડપાયો છે. જેમાં સુરતમાં SOG ની ટીમે દરોડા પાડ્યા હતા અને તેમાં ક્રિષ્ના ટોબેકામાં દરોડા પાડી સિગારેટનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

### ચૂંટણી બાદ પાઈલટ પ્રોજેક્ટ મૂકાશે

# પાઈલટ પ્રોજેક્ટ મૂકાશે:તમામ ઝોનમાં હંગામી ધોરણે વેન્ડિંગ માર્કેટ બનશે

એજન્સી સુરત તા 16

શહેરમાં 118 જેટલા ઝીરો દબાણ રૂટો છે. હજી વધુ રસ્તાઓને ઝીરો દબાણ રૂટ જાહેર કરવા માટે છાશવારે માંગ ઉઠતી રહે છે, પરંતુ પાલિકાને માંડ 118 રૂટ પરથી દબાણો દૂર કરવામાં હજી પણ સંપૂર્ણ સફળતા મળી શકી નથી. છેલ્લા કેટલાંક સમયથી ઝીરો દબાણ રૂટો પર અસરકારક મોનિટરિંગને પગલે 50 ટકા સુધીની સફળતા પ્રથમ વખત પાલિકાને મળી છે, પરંતુ આ સાથે જ મહત્ત્વની બાબત વેન્ડર્સને જગ્યા ફાળવવાની છે. એટલે કે શહેરભરમાં વેન્ડિંગ માર્કેટ ઊભું કરીને રસ્તાઓ પરથી વેન્ડર્સને ત્યાં જગ્યા ફાળવી ખસેડવા આયોજન કરાઈ રહ્યાં છે. ઘણા વર્ષોથી શહેરમાં વેન્ડિંગ માર્કેટ બનાવવા મુદ્દે માત્ર કાગળ પર જ પ્લાનિંગ ચાલતું આવ્યું છે, પરંતુ હવે પાલિકાએ આ તરફ પણ ધ્યાન કેન્દ્રીત કરીને તમામ ઝોન વિસ્તારમાં વેન્ડિંગ માર્કેટ ઊભું કરવા નવી નીતિ ઘડવા માટે પાલિકા આગળ વધી રહી છે. જોકે, શહેરના દરેક ઝોનમાં એક-એક વેન્ડિંગ માર્કેટ તદ્દન હંગામી ધોરણે આપવામાં આવશે. આ માટે પાઈલટ પ્રોજેક્ટની લોકસભાની ચૂંટણી બાદ શરૂઆત થઈ શકે છે. પાલ આરટીઓ પાસે પાલિકાનો પ્લોટ અગાઉ મહિલા વેન્ડર્સને સ્થાયી અધ્યક્ષે ફાળવી આપ્યો હતો. તદ્દન હંગામી અને ત્રણ મહિના માટે આ ફાળવણી કરવામાં આવી છે, જેમાં નજીવું ભાડું વસૂલીને સ્ટોલ શરૂ કરવા પરવાના અપાયા છે. ત્યારે છેલ્લા કેટલાક દિવસથી રાંદેર ઝોનના જેસીબી, ટ્રેક્ટર મેન પાવર દ્વારા અહીં જગ્યાને સમતળ કરવામાં આવી રહી છે.

# કોંગ્રેસના ગઢમાં ભાજપને ત્રણ જ જીત:બારડોલીના સાંસદ પ્રભુ વસાવાએ 17 કરોડમાંથી માંડ 7 કરોડ વાપર્યા

એજન્સી સુરત તા 16

સ્વતંત્રતા સંગ્રામમાં સુવર્ણ અક્ષરે બારડોલીનું નામ લખાયેલું છે. વલ્લભભાઈ પટેલને બારડોલી સત્યાગ્રહના કારણે જ ’સરદાર’નું બિરૂદ મળ્યું હતું. પહેલાં આ સીટનું નામ માંડવી હતું પછી 2008માં નવા સીમાંકન પછી બારડોલી તરીકે ઓળખાવા લાગી.પૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીનું અહીં પ્રભુત્વ ખૂબ જોરમાં હતું. 1996થી આ વિસ્તારમાં કોંગ્રેસનું એકધાર્યું પ્રભુત્વ હતું. 1962થી 2019 સુધીમાં ભાજપે માત્ર ત્રણવાર જ આ બેઠક પર જીત મેળવી છે. 1996માં ભાજપના માનસિંહ પટેલની જીત થઈ એ ભાજપની પહેલી જીત હતી, એ પછી બે ટર્મથી પ્રભુભાઈ વસાવા આ બેઠક



પરથી પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. આ વખતે ભાજપે પ્રભુ વસાવાને ત્રીજીવાર ટિકિટ આપી છે તો કોંગ્રેસે સિદ્ધાર્થ ચૌધરીને ઉતાર્યા છે. કોંગ્રેસના ગઢમાં ભાજપે ત્રણ જીત જ મેળવી છે બારડોલી સીટ પહેલાં માંડવી સીટ તરીકે ઓળખાતી હતી. 1957માં પહેલી ચૂંટણી થઈ ત્યારથી 1998 સુધી સળંગ કોંગ્રેસને જ જીત મળી. 1999માં એકવાર ભાજપને આ સીટ મળી પણ પછી 2004 અને 2009ની ચૂંટણીમાં ફરી આ સીટ કોંગ્રેસ પાસે ગઈ. 2004 અને 2009માં કોંગ્રેસના ડો. તુષાર ચૌધરી સાંસદ બન્યા પણ 2014 અને 2019માં મોદી લહેરના કારણે ભાજપને ફાળે આ સીટ ગઈ. 1999, 2014 અને 2019 એમ ત્રણ જ વાર આ સીટ પર ભાજપની જીત થઈ છે.બારડોલી લોકસભા સીટ હેઠળ સાત વિધાનસભા સીટ આવે છે. માંગરોળ, માંડવી, કામરેજ, બારડોલી, મહુવા, વ્યારા અને નિઝર. આ સીટમાં કબજો ભાજપનો છે. ભાજપને સાતેય સીટ મળીને કુલ 7.25 લાખ મત મળ્યા હતા જ્યારે કોંગ્રેસને 3.15 લાખ અને આમ આદમી પાર્ટીને 3.16 લાખ મત મળ્યા હતા. એટલે કોંગ્રેસ કરતાં આપને વધારે મત મળ્યા હતા. તેમાં ય કામરેજ સીટ પર આપને 1.10 લાખ મત મળ્યા હતા. ભાજપને વ્યારા બેઠક પર સૌથી ઓછા મત મળ્યા હતા.આ સીટ કોંગ્રેસ પાસે ગઈ. 2004 અને 2009માં કોંગ્રેસના ડો. તુષાર ચૌધરી સાંસદ બન્યા પણ 2014 અને 2019માં મોદી લહેરના કારણે ભાજપને ફાળે આ સીટ ગઈ. 1999, 2014 અને 2019 એમ ત્રણ જ વાર આ સીટ પર ભાજપની જીત થઈ છે.

# મોબાઈલ સ્ક્વોડ મારફત સ્ટેટ જીએસટી વિભાગને 12.5 કરોડની આવક

(એજન્સી) ભાવનગર | તા.16

સ્ટેટ જીએસટી વિભાગની મોબાઈલ સ્કોર્ડ દ્વારા ઈ-વેબીલ, બીલ વગરના કે ખોટા રૂટ થકી થતી માલસામાનની હેરાફેરીને અટકાવવા માટે સમયાંતરે ડ્રાઈવ હાથ ધરવામાં આવતી હોય છે. મોબાઈલ સ્કોર્ડ દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ૩૦૦ મેમો ફટકારી કુલ ૧૨ કરોડથી વધારેની દંડનીય રકમ વસૂલવામાં આવી છે. શરૂ નાણાંકીય વર્ષના અંતિમ ત્રિમાસિક સમયગાળામાં ૨ કરોડથી વધારેની આવક થઈ છે. સરકારી તિજોરીને નુંકસાન પહોંચાડવાના આશયથી કરચોરી માટે અમુક લોકો દ્વારા ઈ-વેબીલ વગર, બીલ વિના કે ખોટા રૂટ થકી થતી માલસામાનની હેરાફેરીને અટકાવવા માટે સ્ટેટ જીએસટી વિભાગમાં મોબાઈલ સ્કોર્ડ કાર્યરત છે. જે બીલ વિના કે ઈ-વે બીલ વગર થતી માલની હેરફેરી પર વોચ રાખવામાં આવે છે અને સમયાંતરે ડ્રાઈવ હાથ ધરવામાં આવે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન સ્ટેટ જીએસટી દ્વારા ઈ-વેબીલ વગર, બીલ વિનાના ૩૦૦ વાહનોને મેમો ફટકારીને કુલ રૂ.૧૨.૫૦ કરોડની આવક થઈ છે. જીએસટીના દાયરામાં આવતી તમામ ચીજ વસ્તુઓની હેરફેર પર જીએસટી વિભાગની મોબાઈલ સ્કોર્ડ વોચ રાખતી હોય છે પરંતુ ભાવનગરમાં સામાન્ય રીતે અલંગના ભંગારની પ્લેટો તથા સળિયા જેવી વસ્તુઓની હેરફેરના વધારે કિસ્સાઓ સામે આવે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ના અંતિમ ત્રિમાસિક સમયગાળામાં ૭૨ વાહનોને મેમો ફટકારીને રૂ.૨.૪૮ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

## ન્યુઝ ફ્લેશ

### આણંદ જિલ્લામાં તાપમાનનો પારો 40 ડિગ્રીએ પહોંચ્યો

આણંદ | આણંદ જિલ્લામાં રવિવારે મોડી સાંજે વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો અને જોરદાર પવન ફૂંકાવાની શરૂઆત થઈ હતી. જો કે, સોમવારે આકાશમાંથી વાદળો હટતાની સાથે જ ગરમીનો પારો ઉંચકાયો છે અને બપોરે ગરમીનો પારો ૪૦ ડી.સે. સુધી પહોંચી જતા જિલ્લાવાસીઓએ આકરી ગરમીનો અનુભવ કર્યો હતો. આણંદ કૃષિ યુનિ.ના હવામાન વિભાગના જણાવ્યા મુજબ, સોમવારના રોજ સવારે મહત્તમ તાપમાનનો પારો ૩૮.૦ ડી.સે. અને લઘુત્તમ તાપમાન ૨૫.૯ ડી.સે નોંધાયું હતું. જ્યારે હવામાં ભેજનું પ્રમાણ ૬૫ ટકા અને પવનની ઝડપ ૩.૯ કિ.મી./કલાક નોંધાઈ હતી.

### વડોદ નહેરમાંથી અજાણ્યા યુવક અને યુવતીનો મૃતદેહ મળ્યો

આણંદ | આણંદ પાસેના વડોદ ગામની સીમમાંથી પસાર થતી મોટી નહેરમાંથી એક યુવક તથા યુવતીના મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગે વાસદ પોલીસે અપમૃત્યુની નોંધ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વડોદ ગામની સીમમાંથી પસાર થતી મોટી નહેરના રેલવે ગરનાળા નજીક નહેરના પાણીમાં બે મૃતદેહ તરતા હોવાનું લોકનજરે ચઢતા સ્થાનિકોના ટોળેટોળાં નહેર નજીક ઉમટી પડયા હતા. દરમિયાન આ ઘટનાની જાણ વાસદ પોલીસને થતા પોલીસની ટીમ નહેર ખાતે દોડી ગઈ હતી અને બંને મૃતદેહોને બહાર કાઢી તપાસ કરતા ૩૦ થી ૩૫ વર્ષની વયના બંને યુવક યુવતી હોવાનું જણાયું હતું. સાથે સાથે બંને મૃતદેહ ફોગાઈ ગયેલા હોવાથી ચાર પાંચ દિવસ પૂર્વે મૃત્યુ પામ્યા હોવાનું પોલીસનું અનુમાન છે.

### ચરોતરમાં મરચા દળાવી ઘરમાં ભરવા ગૃહિણીઓનો ધસારો

નડિયાદ | હાલ ઉનાળો શરૂ થતા વિવિધ પ્રકારના મરચા દળાવી અને તેનો પાવડર ૬થી માંડી ૧૨ માસ સુધી સંગ્રહ કરવા માટે ગૃહિણીઓ દુકાનો અને મસાલાની ફેક્ટરીઓ પર પહોંચી રહી છે. સામાન્ય રીતે ઉનાળુ તાપ શરૂ થતા મરચાને તાપમાં રાખી અને તેને દળી મરચુ પાવડર બનાવાતો હોય છે. ચાલુ સિઝનમાં જ ગૃહિણીઓએ ૨ કિલોથી માંડી ૫ અને ૧૦ કિલો ઉપરાંત મરચા પાવડરનો સંગ્રહ ચાલુ કરી દીધો છે. સામાન્ય રીતે લાલ આખા મરચા દળી અને મરચુ પાવડર બનાવવા માટે ઉનાળાની સિઝન જાણીતી છે. ચોમાસામાં મરચાની આવક હોવા છતાં તાપના કારણે આ મરચા સુકાઈ શકતા નથી. તેમજ શિયાળામાં પણ તાપનું પ્રમાણ ઓછુ અને ભેજયુક્ત વાતાવરણ હોય છે. જેના કારણે તે વખતે પણ લાલ મરચાને તાપમાં તપાવવા શક્ય નથી. જેથી ઉનાળા વખતે જ ૬થી માંડી ૧૨ માસ સુધીનું લાલ મરચા દળાવી અને લાલ મરચા પાવડર પોતાના રસોડામાં સંગ્રહ કરવા ગૃહીણીઓ દૌડ લગાવે છે.

### લોકસભાની ચૂંટણી લડવા વધુ 12 ઉમેદવારે ફોર્મનો ઉપાડ કર્યો

# ભાવનગરની લોકસભા બેઠકની ચૂંટણી માટે બીજા દિવસે વધુ 26 ઉમેદવારી ફોર્મનો ઉપાડ

(એજન્સી) ભાવનગર | તા.16

લોકસભાની સામાન્ય ચૂંટણી માટે ગત શુક્રવારથી ઉમેદવારી પત્રો ભરવાનો પ્રારંભ થઈ ગયો હતો. ભાવનગર લોકસભા બેઠક પર બે દિવસમાં કેટલાક ઉમેદવારોએ ઉમેદવારી પત્રોનો ઉપાડ કર્યો છે પરંતુ હજુ સુધી કોઈ ઉમેદવારે ફોર્મ ભર્યુ નથી. ઉમેદવારી ફોર્મ ભરવા હવે માત્ર ત્રણ દિવસ રહ્યા છે. આગામી દિવસોમાં જુદી જુદી રાજકીય પાર્ટીના તેમજ અપક્ષ ઉમેદવારો ફોર્મ ભરશે.

ભારતમાં લોકસભાની ચૂંટણી સાત તબક્કામાં યોજાવાની છે, જેમાં ભાવનગર સહિત ગુજરાતની લોકસભાની ૨૬ બેઠક માટે ત્રીજા તબક્કામાં આગામી તા. ૭ મેના રોજ ચૂંટણી યોજાશે. ગત શુક્રવારે જાહેરનામુ બહાર પડયુ હતુ અને ઉમેદવારી ફોર્મ ભરવાનો પ્રારંભ થયો હતો. ગત શુક્રવારે પ્રથમ દિવસે ૧૪ ઉમેદવાર ૩૬ ઉમેદવારી ફોર્મ લઈ ગયા હતા પરંતુ કોઈ ઉમેદવારે ફોર્મ ભર્યુ ન હતું. ત્યારબાદ શનિ અને રવિવારની રજાના પગલે ચૂંટણીને લગતી કામગીરી બંધ રાખવામાં આવી હતી. આજે સોમવારે ચૂંટણીની કામગીરી ફરી શરૂ થઈ હતી. આજે વધુ ૧૨ ઉમેદવારે ૨૬ ફોર્મ ઉપાડયા હતા પરંતુ આજે બીજા દિવસે પણ કોઈ ઉમેદવારે ફોર્મ ભર્યા નથી તેમ ચૂંટણી શાખાના સુત્રોએ



જણાવેલ છે. ભાવનગર લોકસભા બેઠક પર બે દિવસમાં ૨૬ ઉમેદવારે ૬૨ ઉમેદવારી પત્રોનો ઉપાડ કર્યો છે પરંતુ કોઈ ઉમેદવારે ફોર્મ ભર્યુ નથી.

આગામી બુધવારે રામનવમીની રજા છે તેથી ઉમેદવારો પાસે હવે ઉમેદવારી પત્રો ભરવા માટે માત્ર ત્રણ દિવસ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, સવારે ૧૧ થી બપોરના ૩ કલાક દરમિયાન ભાવનગરની જિલ્લા કલેકટર કચેરી ખાતે ઉમેદવારી પત્ર ભરી શકાશે. ઉમેદવારી પત્રો આગામી તા. ૧૯ એપ્રિલ સુધી ભરી શકાશે. આગામી તા. ૨૦ એપ્રિલે ઉમેદવારી પત્રોની ચકાસણી થશે અને આગામી તા. ૨૨ એપ્રિલ સુધીમાં ઉમેદવારી પત્ર પરત ખેંચી શકાશે. આગામી તા. ૭ મેના રોજ મતદાન થશે અને આગામી તા. ૪ જૂને મત ગણતરી થશે. ચૂંટણી ફોર્મનુ વિતરણ જિલ્લા કલેક્ટર કચેરી ખાતેથી થઈ રહ્યુ છે અને ઉમેદવારનુ ચૂંટણી ફોર્મ જિલ્લા ચૂંટણી અધિકારી સ્વિકારશે.



## ડાકોર ગોમતીઘાટ પર અંધારપટ છવાઈ રહેતા યાત્રાળુંઓ પરેશાન

(એજન્સી) ડાકોર | તા.16

ડાકોરના ગોમતી ઘાટ પર તંત્ર દ્વારા બે હાઈમાસ્ક પોલ ઉભા કરાયા છે. જે છેલ્લા ઘણા સમયથી શોભાના ગાંઠિયાની જેમ બંધ હોવાના કારણે યાત્રાળુઓ ભારે પરેશાની ભોગવી રહ્યા છે. ત્યારે ઘાટ ઉપર લગભગ રૂા. ૫૦ કરોડ જેટલો તંત્રએ કરેલો ખર્ચ પાણીમાં ગયો હોય તેવું લાગી રહ્યું છે. ડાકોરમાં પવિત્ર સ્થળ ગોમતીઘાટ પાસે આવનાર દરેક યાત્રાળુઓ ઠાકોરજીની ચરણ પાદુકાના દર્શન કરવા જાય છે. યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા યાત્રાળુઓને અગવડ ન પડે માટે ડાકોરના ગોમતી ઘાટ માટે ૫૦ કરોડથી પણ વધુ રકમનો ખર્ચ કર્યો છે. પરંતુ સરકારી તંત્રની બેદરકારીને કારણે સરકારના કરોડો રૂપિયાનો ખર્ચ કોડી સમાન થઈ ગયો હોય તેવો ઘાટ સર્જાયો છે.

### મતદારોને પોસ્ટ મારફત ચૂંટણી કાર્ડ પહોંચાડવાની કામગીરી શરૂ

# ભાવનગર જિલ્લામાં 53,772 ચૂંટણી કાર્ડનું પોસ્ટ વિભાગ મારફત વિતરણ

(એજન્સી) ભાવનગર | તા.16

લોકસભાની સામાન્ય ચૂંટણી જાહેર થઈ ગઈ છે ત્યારે ચૂંટણી વિભાગ દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે, જેના ભાગરૂપે ભાવનગર જિલ્લામાં હાલ ચૂંટણી કાર્ડનુ વિતરણ કરવામાં આવેલ છે. ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી પૂર્વે મતદારયાદી માટે કાર્યક્રમ રાખવામાં આવતા હોય છે, જેમાં નવા મતદારોએ ફોર્મ ભર્યા હતા તેમજ ઘણા મતદારોએ સુધારા-વધારા કરાવ્યા હતા, તેઓને હવે ચૂંટણી કાર્ડ પોસ્ટ વિભાગ મારફત પહોંચાડવામાં આવી રહ્યા છે.



ભાવનગર જિલ્લામાં આશરે ૫૩,૭૭૨ ચૂંટણીકાર્ડ પોસ્ટ વિભાગ મારફત મતદારોના નોંધાયેલા સરનામે વિતરણ શરૂ કરવામાં આવેલ છે. ભાવનગર જિલ્લામાં ગત નવેમ્બરથી ફેબ્રુઆરી માસ સુધીમાં જે લોકોએ નવા મતદાર તરીકે નોંધણી કરાવેલી હોય એટલે કે ફોર્મ નંબર-૬ ભરેલ હોય, ડુપ્લીકેટ ચૂંટણીકાર્ડ માટે ફોર્મ નંબર-૮ ભરેલ હોય અથવા ચૂંટણીકાર્ડની વિગતમાં કોઈપણ પ્રકારનો સુધારો કરવા માટેનું ફોર્મ ભરેલું હોય તેઓના તમામના ચૂંટણી કાર્ડ પોસ્ટ મારફત મતદારોના નોંધાયેલા સરનામે વિતરણ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ગત નવેમ્બર-ડિસેમ્બર માસમાં ૪૧,૬૪૮, ગત જાન્યુઆરી માસમાં ૭,૦૨૮ અને ગત ફેબ્રુઆરી માસમાં ૫,૦૯૬ ચૂંટણી કાર્ડ માટે અરજી આવી હતી. હાલ મોટાભાગના મતદારોને ચૂંટણીકાર્ડ પહોંચી ગયા છે અને હજુ જે મતદારોને ચૂંટણી કાર્ડ મળ્યા નથી તેઓને આગામી દિવસોમાં પોસ્ટ મારફતે ચૂંટણી કાર્ડ મળશે તેમ ચૂંટણી વિભાગના સુત્રોએ જણાવેલ છે. ઉલ્લેખનીય છે કે, લોકસભાની ચૂંટણીની તારીખ જાહેર થઈ ગઈ છે ત્યારે ભાવનગર જિલ્લામાં આગામી તા. ૭ મેના રોજ મતદાન કરવામાં આવનાર છે આથી જે લોકોએ હાલમાં જ ચૂંટણી કાર્ડમાં સુધારો કરાવ્યો હોય અથવા નવા ચૂંટણી કાર્ડ કઢાવ્યા હોય તેમને થોડા દિવસોમાં તેમના ઘરે ચૂંટણી કાર્ડ પ્રાપ્ત થશે એ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. ચૂંટણી કાર્ડ લઈને નવા મતદારો સહિતના મતદાન કરી શકશે. આગામી થોડા દિવસોમાં લોકોના ઘરે ચૂંટણી કાર્ડ પહોંચી જશે.




## આણંદ જિલ્લામાં લોકસભાની ચૂંટણીને લઈને હથિયારબંધી

(એજન્સી) આણંદ | તા.16

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ને અનુલક્ષીને તથા આગામી દિવસોમાં વિવિધ ધાર્મિક તહેવાર ઉજવવામાં આવનાર હોવાથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે આણંદ જિલ્લામાં તા.૨૪ એપ્રિલ ૨૦૨૪ સુધી હથિયારબંધી તથા સુરૂચિનો ભંગ થાય તેવા કૃત્યો પર પ્રતિબંધ મુકતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.આ જાહેરનામા અનુસાર, જિલ્લાના કોઈપણ વિસ્તારમાં શારીરિક ઈજા થાય તેવા હથિયાર, તલવાર, ધોકા,લાકડી કે લાઠી, અને સળગતી મશાલ સાથે રાખવા પર પ્રતિબંધ કરાયો છે. આ ઉપરાંત સક્ષમ સત્તાધિકારીની પરવાનગી સિવાય કે ચાર વ્યક્તિઓએ ભેગા થવા પર, સભા ભરવા કે બોલાવવા પર તથા સરઘસ કાઢવા પણ પ્રતિબંધ કરાયો છે. આ પ્રતિબંધ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય કે ફરજ પર હોય તથા અશક્ત લોકોને લાગુ પડશે નહીં અને આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.



## વાત્રક ડેમની જમણાં કાંઠાની કેનાલમાં 50 ક્યૂસેક પાણી છોડાયું

(એજન્સી) માલપુર | તા.16

માલપુર તાલુકાની વાત્રક ડેમની જમણાં કાંઠાની કેનાલમાં ૫૦ ક્યુસેક ઉનાળુ સિઝનનું આખરી પાણી છોડવવામાં આવ્યું છે. આ ઉપરાંત ડાબા કાંઠાની કેનાલ દ્વારા ખેડા જિલ્લાના ઘડિયા ગામનું તળાવ ભરવા માટે પાણી છોડાયું છે. માલપુર તાલુકાના વાત્રક જળાશય યોજના અંતર્ગત વાત્રક ડેમમાં છેલ્લા તબક્કાનું પાણી છોડવામાં આવતા ખેડૂતોમાં ખુશી જ છવાઇ છે.જે પાણી દસ દીવસ ચાલુ રહેશે.વાત્રક ડેમમાં ૧૩૦.૧૩ મીટર પાણી સંગ્રહિત છે.જમણા કાંઠાની કેનાલમાં ૫૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. મકાઇ, વરીયાળી, ઘાસચારો,જેવા પાકોને લાભ મળશે. જ્યારે ડાબા કાંઠાની કેનાલ દ્વારા ખેડા જિલ્લાના ઘડિયા ગામે પીવાના પાણીની સમસ્યા સર્જાઇ હોવાથી ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવતા મંજૂરીને આધારે ઘડીયા ગામનુ તળાવ ભરવા માટે પાણી છોડવામાં આવ્યું છે.ઘડિયા ગામનું તળાવ ભરાતા ગામ લોકોને પીવાના પાણીની સુવિધા મળી રહેશે તેમ ગામ લોકો જણાવી રહ્યા છે.



## યુનિવર્સિટીના માનવ વિધાભવન વાળા ગેટ બહાર રોડ પર સ્પીડ બ્રેકર અનિવાર્ય

(એજન્સી) ભાવનગર | તા.16

એમ.કે. ભાવનગર યુનિવર્સિટીના મુખ્ય કેમ્પસ નજીકનો માનવ વિદ્યા ભવન વાળા ગેટનો ઉપયોગ સવિશેષ થતો હોય છે ત્યારે જ્વેલ્સ સર્કલથી હિમાલીયાવાળા હાઈવે પર આ ગેટ પાસે અવાર-નવાર નાના-મોટા અકસ્માતો થતા હોય સ્પીડ બ્રેકર મુકવા હાઈવે ઓથોરીટી સમક્ષ અવાર નવાર માંગણી કરાઈ હોવા છતાં તંત્રના પેટનું પાણી હલતું નથી. જ્યારે નિયમ બનાવતા બાબુઓ માટે આજ રોડ પર આગળ બમ્પ મુકાયેલ છે ત્યારે નિયમ ન નડયો હોવાની પણ ચર્ચા છે. સામાન્ય રીતે અતિષય ધમધમતા રોડ પર સડસડાટ ગાડીઓની અડફેટે અકસ્માતો થતા હોય તેવા પોઈન્ટ પર સ્પીડ બ્રેકર જરૂરી બને છે જેથી અકસ્માતો નિવારી શકાય. શહેરના જ્વેલ્સ સર્કલથી પાણીની ટાંકીવાળો રોડ હાઈવે ઓથોરીટીમાં આવે છે અને આ રોડ પર યુનિવર્સિટી મુખ્ય કાર્યાલયનો ગેટ પણ આવેલ છે.



## વેળાવદર ઉધાનમાં જોવા મળ્યા તે તમામ 9 પંખી નર અમુર ફાલ્કન

(એજન્સી) ભાવનગર | તા.16

ભાવનગર જિલ્લાના સુવિખ્યાત વેળાવદર કાળિયાર રાષ્ટ્રીય ઉધાનમાં તાજેતરમાં જે એક સાથે ૯થી વધુ અમુર ફાલ્કન જોવા મળ્યા હતા એ બધા નર અમુર ફાલ્કન હતા એ એક વિશેષતા છે. અમુર ફાલ્કન (ફાલ્કો એમ્યુરેન્સિસ) એ બાજ પરિવારનો એક નાનો રાપ્ટર છે. તે દક્ષિણ-પૂર્વ સાઇબિરીયા અને ઉત્તરી ચીનમાં પ્રજનન કરે છે અને દક્ષિણ અને પૂર્વ આફ્રિકન દરિયાકાંઠે શિયાળા માટે સમગ્ર ભારતમાં અને અરબી સમુદ્ર પર મોટા ટોળામાં સ્થળાંતર કરે છે. વિશ્વસનીય વર્તુળોના જણાવ્યા અનુસાર અમુર બાજ પૂર્વ એશિયામાં ટ્રાન્સબેકાલિયા, અમુરલેન્ડ અને ઉત્તરી મોંગોલિયન પ્રદેશથી ઉત્તર કોરિયાના ભાગોમાં પ્રજનન કરે છે. તેઓ ભારત અને શ્રીલંકા દ્વારા વ્યાપક મોરચે સ્થળાંતર કરે છે, કેટલીકવાર આગળ પૂર્વમાં થાઈલેન્ડ અને કંબોડિયા અને પછી અરબી સમુદ્ર પર, ક્યારેક માલદીવ્સ અને અન્ય ટાપુઓ પર પસાર થઈને દક્ષિણ આફ્રિકા સુધી પહોંચે છે.

### મિત્રના જન્મદિવસની પાર્ટી માટે ભેગા થયા હતા

# વિધાનગરની હોટલમાં દારૂની મહેફિલ માણતા 8 વિધાર્થી ઝડપાયા

(એજન્સી) આણંદ | તા.16

વિદ્યાનગર પોલીસે રવિવારે સાંજે વિદ્યાનગરની એક હોટલમાં વિદેશી દારૂની મહેફીલ માણતા આઠ વિદ્યાર્થીઓને ઝડપી પાડયા હતા. મિત્રના જન્મદિવસની પાર્ટી કરવા માટે એકત્ર થયા હોવાનું કબુલ્યું હતું. પોલીસે તમામની અટકાયત કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વિદ્યાનગરના મહેશ્વરી પેલેસ નજીક આવેલી નિષ્ઠા હોટલના રૂમમાં કેટલાક શખ્સો વિદેશી દારૂની મહેફિલ માણી રહ્યા હોવાની બાતમી વિદ્યાનગર પોલીસને મળી હતી. જેથી પોલીસ ટીમે દરોડો પાડી એક રૂમમાંથી આઠ શખ્સોને વિદેશી દારૂની મહેફિલ માણતા રંગેહાથ ઝડપી લીધા હતા. રૂમમાંથી વિદેશી દારૂ ભરેલી એક આખી બોટલ તેમજ અન્ય એક બોટલમાંથી ૨૦૦ એમએલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે ઝડપાયેલ શખ્સોના નામઠામ અંગે પૂછતા તે, કશ્યપ રાકેશભાઈ સેવક, તીર્થ રાકેશભાઈ સેવક, સૌરભ જયેશભાઈ સેવક (ત્રણેય રહે.વાસદ), વ્રજ વિનયભાઈ ગજ્જર (રહે. આણંદ), દિવ્યરાજ હિતેન્દ્રસિંહ ડોડીયા (રહે.ધોળકા), રિકી મનસુખભાઈ ચાવડા, સૌરભગીરી પ્રકાશગીરી ગોસાઈ અને હિતેન લવજીભાઈ સોલંકી (ત્રણેય રહે.વિદ્યાનગર) હોવાનું જણાવ્યું હતું. પોલીસે ઝડપાયેલા વિદ્યાર્થીઓની પૂછપરછ કરતા રવિવારે કશ્યપ સેવકનો જન્મદિવસ હોવાથી તમામ મિત્રો નિષ્ઠા હોટલમાં રહેતા રિકી અને હિતેનની રૂમ ખાતે એકત્ર થયા હતા અને ત્યાં પાર્ટીનું આયોજન કરાયું હતું. સાથે સાથે આ તમામ વિદ્યાર્થીઓ વિવિધ કોલેજોમાં એમએ, બીટેક સહિતના વિવિધ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા હોવાનું ખુલવા પામ્યું છે.

### શોભાયાત્રામાં અખાડા, મિનિ ટ્રેન તેમજ નટખટ વાનર અને ફલોટસ જોડાશે

# શહેરમાં રામનવમી પર્વે રંગદર્શી શોભાયાત્રા યોજાશે

(એજન્સી) ભાવનગર | તા.16

દર વર્ષની જેમ આ વર્ષે પણ ગોહિલવાડના રામજી મંદિરોમાં મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રીરામચંદ્રજીના જન્મોત્સવની તા.૧૭ એપ્રિલે ઉજવણી કરાશે.આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત શ્રી રામ જન્મ મહોત્સવ સમિતિ દ્વારા ભગવાન રામલલ્લાની એક વિશાળ અને રંગદર્શી શોભાયાત્રા નિકળશે. જે વાજતે-ગાજતે શહેરના મુખ્ય રાજમાર્ગો પર ફરશે.

શ્રીરામ જન્મ મહોત્સવ સમિતિ, ભાવનગર દ્વારા ૧૯૯૨ થી શરૂ કરી દર વર્ષે પરંપરાગત રીતે ભગવાન શ્રીરામલલાની શોભાયાત્રા ભાવનગરના રાજમાર્ગો પરથી નીકળતી હતી.જે મુજબ આ વર્ષે પણ તા.૧૭ને બુધવારે શહેરના પરિમલ પાસે



આવેલ શ્રી રામમહલ (તપસ્વી બાપુની જગ્યા)થી સાંજે ૪ કલાકે શોભાયાત્રા પ્રસ્થાન થશે. જેમાં ભાવનગરના સાધુ-સંતો, રાજનૈતિક અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહેશે. તેમજ અખાડા, મિનિ ટ્રેન, વાંદરો, જીપ, આકર્ષક ફલોટસ જોવા મળશે જે શોભાયાત્રાનું આકર્ષણનું કેન્દ્ર બનશે. શ્રીરામ મહલથી પ્રસ્થાન થઈ આ શોભાયાત્રા સહકારી હાટ, ઝૂલેલાલ ચોક, સંત કંવરરામ ચોક, કાળાનાળા, દાદાસાહેબ જૈન દેરાસર, તાલુકા પંચાયત, બિલેશ્વર મહાદેવ, ચાવડીગેટ, વિજય ટોકીઝ, પાનવાડી, જશોનાથ ચોક, વાસણઘાટ, વીર ભગતસિંહ ચોક, વિશ્વ હિન્દુ પરિષદ કાર્યાલય, જગદીશ મંદિર, ખારગેટ, જલારામ બાપા મંદિર ખારગેટ, મામાકોઠા, બાર્ટન લાઈબ્રેરી, કૃષ્ણેશ્વર મહાદેવ, શિવરામ રાજ્યગુરુ ચોક, નવાપરા, પીપળીયા હનુમાનજીના મંદિરે થઈ ભીડભંજન મહાદેવ ખાતે આ શોભાયાત્રા પૂર્ણ થશે અયોધ્યામાં ભવ્ય રામમંદિર બને તેવા સંકલ્પ સાથે આ શોભાયાત્રાની શરૂઆત કરાઈ હતી.

## ભાલેજમાં ગૌવંશની કતલ કરતો એક શખ્સ ઝડપાયો, 2 ફરાર

(એજન્સી) આણંદ | તા.16

ભાલેજની ઈન્દિરાનગરી પાછળ પડતર જમીનમાંથી ગૌવંશની કતલ કરતા એક શખ્સને ભાલેજ પોલીસે ઝડપી પાડયો હતો. પોલીસે સ્થળ પર ગૌવંશના હાડ-માંસનો નાશ કરી ત્રણ શખ્સો વિરુધ્ધ ગુનો નોંધી ફરાર બે શખ્સોને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે. ભાલેજ ઈન્દિરાનગરી પાછળના ભાગે આવેલી ખ્વાજા પાર્ક સોસાયટીની તળાવ તરફની પડતર જગ્યામાં બાવળના ઝાડ નીચે ભાલેજ ગામના સલીમખાન ઉર્ફે ચીનીમીની યુસુફખાન પઠાણ પોતાના માણસો સાથે ગૌવંશની કતલ કરતા હોવાની બાતમી ભાલેજ પોલીસને મળી હતી. જેથી પોલીસે છાપો મારતા સલીમખાન પઠાણ (રહે. પઠાણવાડો) કતલ કરેલા ગૌવંશના હાડ-માંસના જથ્થા સાથે મળી આવ્યો હતો. જે બાબતે પશુ ચિકિત્સા અધિકારી ઉમરેઠને સ્થળ પર બોલાવી, પકડાયેલા શખ્સની પૂછપરછ હાથ ધરતા સ્થળ પરથી ફરાર થઇ ગયેલા શખ્સોમાં સાકીર ઉર્ફે મેમરી રહેમાન કુરેશી તથા અનવર ઉર્ફે મુકરી (બંને રહે. ભાલેજ, તા.ઉમરેઠ) હોવાનું કબૂલ્યું હતું.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સાચી સમજ છે. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે.



**વૃષભ (બ,વ,ઉ)**

તમારી આશા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. વેપારમાં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે.



**મિથુન (ક,છ,ઘ)**

તમારૂ મોહિત કરનારૂ વર્તન ધ્યાન આકર્ષિત કરશે. સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થયી શકો છો.



**કર્ક (ડ,હ)**

ખર્ચ વધશે પણ આવકમાં થતો વધારો તમારા ખર્ચને પહોંચી વળશે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે.



**સિંહ (મ,ટ)**

આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે.



**કન્યા (પ,ઠ,ણ)**

જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓથી બચી જશો.



**તુલા (ર,ત)**

તમારી જાતને એક હદ કરતાં વધુ થકવશો નહીં અને યોગ્ય આરામ લેવાનું યાદ રાખજો. મહત્વની ખરીદી કરવી તમારી માટે આસાન બનાવશે.



**વૃશ્ચિક (ન,ય)**

તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. તમે રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂ એવું ધન કમાઈ શકશો.



**ધન (ભ,ધ,ફ)**

પરિણીત લોકોને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશે. આજે તમારો પરિવાર તમારી તકલીફમાં તમારી વહારે આવશે.



**મકર (ખ,જ)**

આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે.



**કુંભ (ગ,શ,સ)**

આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે. તમારી નવી યોજનાઓ અને સાહસો વિશે ભાગીદારો ઉત્સાહિત હશે.



**મીન (દ,ચ,ઝ,થ)**

ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. પૈસા ની અછત આજે ઘરમાં વિવાદનું કારણ બની શકે છે.

## ન્યૂઝ ટ્રેક

### પેટ્રોલ-ડીઝલ મોંઘા થવાની ભીતિ

મુંબઇ | ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધની સ્થિતિ વણસી રહી છે, જેથી બજારમાં ક્રૂડના ટોચના ઉત્પાદકો પૈકી એક ઓપેક દેશોમાં ક્રૂડના પુરવઠા પર અસર થવાની ભીતિ જોવા મળી છે. કોમોડિટી નિષ્ણાતોએ ઈરાન-ઈઝરાયલ વચ્ચે તણાવ વધે તો ક્રૂડ 100 ડોલર પ્રતિ બેરલની સપાટીએ પહોંચવાની શક્યતા દર્શાવી રહ્યા છે. ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો નોંધાતા 80 ટકા આયાત પર નિર્ભર ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવોમાં વધારો થવાની સંભાવના વધી છે. ઉલ્લેખનીય છે, ઉત્પાદકોએ ઈઝરાયલ પર ઈરાનના હુમલાના પગલે રિસ્ક પ્રીમિયમ ઘટાડતાં આજે ક્રૂડના ભાવોમાં ઘટાડો જોવા મળ્યો હતો. જૂન માટે બ્રેન્ટ ફ્યુચર્સ 24 સેન્ટ ઘટી 90.21 ડોલર પ્રતિ બેરલ જ્યારે વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમિડિયેટ (WTI) ફ્યુચર્સ મે વાયદો 38 સેન્ટ ઘટી 85.28 ડોલર પ્રતિ બેરલે પહોંચ્યું હતું.

### મસ્કની ભારતીય કંપની સાથે સૌથી મોટી ડીલ

મુંબઈ | Tesla Deals With Tata: એલન મસ્ક આગામી સપ્તાહે ભારતમાં આવે તે પહેલાં જ દેશના દિગ્ગજ ઉદ્યોગપતિ રતન તાતા સાથે મોટી ડીલ કરી છે. એલન મસ્ક ભારતમાં ઈવી માટે મોટુ રોકાણ કરવા માગે છે. તેમજ પ્લાન્ટ પણ સ્થાપિત કરવાના હેતુ સાથે ભારતની મુલાકાતે આવી રહ્યા છે. એલન મસ્કે ભારતમાં ટેસ્લાના પ્રવેશ માટે ટાટા ઈલેક્ટ્રોનિક્સ પાસેથી સેમિકંડક્ટર ચીપ ખરીદવાની મોટી ડીલ કરી છે. વડાપ્રધાન મોદી સાથેની મુલાકાત બાદ એલન મસ્ક ઈવી માટે મોટુ રોકાણ કરવાના છે. ભારતમાં ફેક્ટરી સ્થાપિત કરી મોટી રોજગારી આપશે.

### શાકભાજીના ભાવો વધતાં જથ્થાબંધ મોંઘવારી માર્ચમાં 50 ટકા વધી

મુંબઇ | WPI in March: શાકભાજીના રિટેલ ભાવોમાં ઘટાડાથી વિપરિત માર્ચમાં જથ્થાબંધ ભાવો વધ્યા છે. પરિણામે જથ્થાબંધ મોંઘવારીમાં વધારો જોવા મળ્યો છે. માર્ચમાં જથ્થાબંધ ફુગાવો (WPI) નજીવો 0.5 ટકા વધ્યો છે. જે ગતવર્ષે 0.2 ટકા હતો. સરકાર દ્વારા જારી આંકડાઓ અનુસાર, જથ્થાબંધ ફુગાવો (WPI) વાર્ષિક ધોરણે વધી માર્ચમાં 0.53 ટકા નોંધાયો છે. જે ફેબ્રુઆરીમાં 0.20 ટકા હતો. ખાદ્ય ચીજોની જથ્થાબંધ મોંઘવારી માર્ચમાં 6.88 ટકા થઈ હતી. જે ગતવર્ષે 5.42 ટકા હતી. શાકભાજીમાં ફુગાવો ગતવર્ષે -2.39 ટકા સામે વધી 19.52 ટકા નોંધાયો છે. માર્ચમાં બટાકા અને ડુંગળીના ભાવમાં 50 ટકાથી વધુનો વધારો થયો છે ફેબ્રુઆરીમાં જથ્થાબંધ ડુંગળીના ભાવમાં 29.22 ટકાનો વધારો થયો હતો, જે માર્ચમાં 56.99 ટકા વધ્યો હતો.

### આ પગલું બંને દેશો વચ્ચેના રાજદ્વારી તણાવની પૃષ્ઠભૂમિ વચ્ચે આવ્યું છે

# ભારતે માલદીવમાં આવશ્યક ચીજવસ્તુઓની નિકાસ પર પોર્ટ પ્રતિબંધો લાદી દીધા છે

(એજન્સી) નવી દિલ્હી | તા.16



તાજેતરના વિકાસમાં, ભારતે માલદીવમાં આવશ્યક ચીજવસ્તુઓની નિકાસ પર પોર્ટ પ્રતિબંધો લાદીને એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. આ પગલું બંને દેશો વચ્ચેના રાજદ્વારી તણાવની પૃષ્ઠભૂમિ વચ્ચે આવ્યું છે, જે તેમના વેપાર સંબંધોમાં પરિવર્તનનો સંકેત આપે છે. ચાલો આ વિકાસ અને તેની અસરોની વિગતોમાં વધુ ઊંડાણપૂર્વક તપાસ કરીએ. ભારત અને માલદીવ વચ્ચે લાંબા સમયથી રાજદ્વારી સંબંધોનો ઈતિહાસ છે. જો કે, તાજેતરના વર્ષોમાં, તણાવ સપાટી પર આવ્યો છે, ખાસ કરીને પ્રમુખ મુઈઝુએ પદ સંભાળ્યું ત્યારથી. રાષ્ટ્રપતિની ચૂંટણી દરમિયાન અને પછી નવી દિલ્હીની તેમની ટીકાએ બંને દેશો વચ્ચેના પરંપરાગત રીતે મૈત્રીપૂર્ણ સંબંધોને વણસ્યા છે. પોર્ટ પ્રતિબંધો લાદવામાં ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (DGFT) એ તાજેતરમાં માલદીવમાં આવશ્યક ચીજવસ્તુઓની નિકાસ પર પોર્ટ પ્રતિબંધો લાદવાની વિગતો આપતાં નોટિફિકેશન બહાર પાડ્યું હતું. નોટિફિકેશન મુજબ, ટાપુ રાષ્ટ્રમાં આવશ્યક ચીજવસ્તુઓની નિકાસ માત્ર ચાર નિયુક્ત કસ્ટમ સ્ટેશનો દ્વારા જ મંજૂરી આપવામાં આવશેઃ મુન્દ્રા સી પોર્ટ, તુતીકોરીન સી પોર્ટ, ન્હાવા શેવા સી પોર્ટ અને ICD તુગલકાબાદ. આ પગલું માલદીવ સરકારની વિનંતી પર, નાણાકીય વર્ષ 2024-25 માટે આવશ્યક ચીજવસ્તુઓની ચોક્કસ માત્રાની નિકાસને મંજૂરી આપતા ભારત દ્વારા શરૂ કરવામાં આવેલી અનન્ય દ્વિપક્ષીય પદ્ધતિને અનુસરે છે. આ મિકેનિઝમનો હેતુ માલદીવની અર્થવ્યવસ્થાની ચોક્કસ જરૂરિયાતોને સંબોધિત કરતી વખતે બંને રાષ્ટ્રો વચ્ચે વેપારને સરળ બનાવવાનો છે.

#### પ્રતિબંધ છતાં નિકાસ ચાલુ

માલદીવમાં માનવ-કેન્દ્રિત વિકાસને ટેકો આપવા માટેની ભારતની પ્રતિબદ્ધતા વૈશ્વિક પ્રતિબંધો છતાં ચોખા, ખાંડ અને ડુંગળી જેવી આવશ્યક વસ્તુઓની સતત નિકાસ દ્વારા સ્પષ્ટ થાય છે. આ તેની 'નેબરહુડ ફર્સ્ટ' નીતિ પ્રત્યે ભારતના સમર્પણને પુનઃપુષ્ટ કરે છે, જે તેના પડોશી દેશોની સુખાકારી અને વિકાસને પ્રાથમિકતા આપે છે.

#### વણસેલા સંબંધો

જો કે આ પ્રયાસો છતાં ભારત અને માલદીવ વચ્ચેના સંબંધો તાજેતરના સમયમાં વણસેલા છે. રાષ્ટ્રપતિ મુઈઝુની ભારતની ટીકાએ આ તણાવમાં ફાળો આપ્યો છે, જે બંને રાષ્ટ્રો વચ્ચે સુમેળભર્યા સંબંધો જાળવવામાં પડકારોને પ્રકાશિત કરે છે.

## PLI હેઠળ સ્ટીલ ઉત્પાદકોનું લક્ષ્યાંકથી ઓછું રોકાણ



મુંબઈ | તા.16

ચીન ખાતેથી મસીનરી આયાત કરવામાં તથા ચીનના નિષ્ણાતોને વિઝા મળવામાં ઢીલને પરિણામે ભારતના આગેવાન સ્ટીલ ઉત્પાદકો પ્રોડકશન લિન્કડ ઈન્સેન્ટિવ (પીએલઆઈ) સ્કીમ હેઠળ નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં ઈન્વેસ્ટમેન્ટની ખાતરી પૂરી કરી શકયા નહોતા. પીએલઆઈ સ્કીમ હેઠળ એકંદર ઈન્વેસ્ટમેન્ટ પણ ખાસ પ્રોત્સાહક જોવાતું નથી. સ્ટીલ ઉદ્યોગ માટે ૨૦૨૦માં વહેતી મુકાયેલી પીએલઆઈ હેઠળ દેશના ૨૭ જેટલા સ્ટીલ ઉત્પાદકોએ સરકાર સાથે ૫૭ કરાર કર્યા હતા જે હેઠળ નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૧૦ અબજ રૂપિયાના ઈન્વેસ્ટમેન્ટસની ખાતરી અપાઈ હતી. પ્રાપ્ત આંકડા પ્રમાણે સ્ટીલ કંપનીઓ ગયા નાણાં વર્ષમાં ૧૫૦ અબજ રૂપિયાનું જ ઈન્વેસ્ટમેન્ટ કરી શકી હતી. ઈન્વેસ્ટમેન્ટસ નીચું રહેતા સ્ટીલ ઉદ્યોગમાં ક્ષમતાનું વિસ્તરણ પણ ધીમું પડયું હતું એમ સરકારી સુત્રોએ જણાવ્યું હતું. વિશ્વમાં ભારત ક્રુડ સ્ટીલનો બીજો મોટો ઉત્પાદક દેશ છે. ચીન ખાતેથી મસીનરી અને નિષ્ણાતો મેળવવામાં ઢીલને કારણે પીએલઆઈ સ્કીમ હેઠળ કરેલા કરાર પૂરા થઈ શકયા નહીં હોવાનું સુત્રોએ ઉમેર્યું હતું.

### મોટાભાગની આયાતમાં એક્સચેન્જ રેટ તરીકે ડોલરનો ઉપયોગ થતો હોવાથી ફુગાવો વધી શકે છે

## ઈરાન-ઈઝરાયલ યુદ્ધની અસર, ડોલર સામે રુપિયો રેકોર્ડ તળિયે પહોંચ્યો

(એજન્સી) મુંબઇ | તા.16




ઈરાન-ઈઝરાયલ વચ્ચે વણસી રહેલા તણાવના પગલે ડોલર ઈન્ડેક્સ મજબૂતાઈથી આગળ વધી રહ્યો છે. ડોલર સામે રૂપિયો આજે 9 પૈસા તૂટી 83.53ની રેકોર્ડ તળિયે પહોંચ્યો છે. અગાઉ 22 માર્ચ, 2024ના રોજ રૂપિયો 83.45ના તળિયે નોંધાયો હતો. ઈરાન-ઈઝરાયલ વચ્ચે તણાવ વધી રહ્યો છે, જેનો સપોર્ટ ડોલરને મળ્યો છે. બીજી બાજુ અમેરિકી ફેડ રિઝર્વ પણ હાલ રેટ કટમાં વિલંબ કરે તેવો આશાવાદ નિષ્ણાતો દર્શાવી રહ્યા છે. જેના લીધે યુએસ ડોલર ઈન્ડેક્સ 6 માસની ટોચે પહોંચ્યો છે. રૂપિયામાં કડાકાના પગલે ભારત દ્વારા થતી આયાતો મોંઘી થશે. વિદેશ પ્રવાસ અને વિદેશમાં અભ્યાસ પણ મોંઘો થશે. વિશ્વના 85 ટકા વેપાર અમેરિકી ડોલર મારફત થાય છે. વિદેશી રોકાણ પણ ઘટવાની ભીતિ દર્શાવાઈ છે. મોટાભાગની આયાતમાં એક્સચેન્જ રેટ તરીકે ડોલરનો ઉપયોગ થતો હોવાથી ફુગાવો વધી શકે છે. ઈરાન-ઈઝરાયલ યુદ્ધના પગલે ક્રૂડ ઝડપી તેજીથી આગળ વધી રહ્યું છે, જ્યારે બીજી બાજુ ડોલર ઈન્ડેક્સ પણ મજબૂત બન્યો છે. પરિણામે આગામી સમયમાં દેશમાં પેટ્રોલ-ડીઝલ મોંઘા થવાની શક્યતા છે. ભારત પેટ્રોલ-ડીઝલની કુલ વપરાશના 80 ટકા માગ આયાત મારફત પૂરી કરે છે. આજે બ્રેન્ટ ક્રૂડ 0.53 ટકા ઉછાળા સાથે 90.58 ડોલર પ્રતિ બેરલ પર ટ્રેડ થઈ રહ્યું હતું. ડોલરની મજબૂતીના કારણે વિદેશી રોકાણકારો ભારતમાંથી રોકાણ પાછું ખેંચશે, તેમજ નવા રોકાણો પર વિરામ લગાવશે. જેની અસર શેરબજારો પર થશે. ગઈકાલે વિદેશી રોકાણકારોએ શેરબજારમાંથી રૂ. 3268 કરોડનું રોકાણ પાછું ખેંચ્યું હતું.

## નવું FedEx ઇમ્પોર્ટ ટુલ ભારતીય વ્યવસાયો માટે આયાત પ્રક્રિયાની કાર્યક્ષમતા વધારશે

(એજન્સી) મુંબઈ | તા.16



FedEx Corp. (NYSE: FDX)ની પેટા કંપની અને વિશ્વની સૌથી મોટી એક્સપ્રેસ ટ્રાન્સપોર્ટેશન કંપનીઓ પૈકીની એક FedEx Express (FedEx)એ ભારતમાં આયાતોની વધતી જટિલતાઓ અને વોલ્યુમના સમાધાન માટે અત્યાધુનિક સોલ્યુશન FedEx Import Tool (FiT) રજૂ કરવાની જાહેરાત કરી છે. આ સમયસર લોંચ મહત્વપૂર્ણ છે જ્યારે ભારત વ્યાપારિક આયાતોમાં 12.2 ટકાનો નોંધપાત્ર વધારો અનુભવી રહ્યું છે, જે ગત વર્ષના જાન્યુઆરીમાં 54.4 બિલિયન ડોલરથી વધીને ફેબ્રુઆરી, 2024માં 60.11 બિલિયન યુએસ ડોલર થઇ છે. આયાત ક્ષેત્રની જટિલતાઓના વ્યવસ્થાપન માટે સ્માર્ટ, વધુ કાર્યક્ષમ ઉકેલની જરૂર છે. અદ્યતન ટેક્નોલોજી અને યુઝર-કેન્દ્રિત ડિઝાઈના એકીકરણ સાથે FiT આયાત પ્રક્રિયામાં પરિવર્તન લાવવા, કાર્યક્ષમતા, અનુપાલન અને એકંદર એન્ડ-ટુ-એન્ડ શિપમેન્ટ કામગીરીમાં સુધારો લાવવા સજ્જ છે.

## IIIT હૈદરાબાદે કોર્સેરા પર ઇન્ફોર્મેશન ટેક્નો.માં સસ્તું ઓનલાઇન MS ડિગ્રી શરૂ

### eMSIT પ્રોગ્રામ તેના પ્રકારનો પહેલો કાર્યક્રમ છે

(એજન્સી) મુંબઇ | તા.14



ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફોર્મેશન ટેકનોલોજી હૈદરાબાદ (IIITH) એ તાજેતરમાં Coursera પર ઓનલાઈન માસ્ટર ઓફ સાયન્સ ઈન ઈન્ફોર્મેશન ટેકનોલોજી (eMSIT) લોન્ચ કરવાની જાહેરાત કરી છે, જે ઓનલાઈન શિક્ષણના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આ પહેલનો ઉદ્દેશ્ય ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (IT)ના ક્ષેત્રમાં ઉચ્ચ-ગુણવત્તાવાળા શિક્ષણની ઍક્સેસને લોકશાહી બનાવવાનો અને સમગ્ર ભારતમાં અને તેનાથી બહારના વિદ્યાર્થીઓને સશક્ત કરવાનો છે. eMSIT પ્રોગ્રામ તેના પ્રકારનો પહેલો કાર્યક્રમ છે, જે વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત ઓનલાઈન લર્નિંગ પ્લેટફોર્મ Coursera પર ભારતીય યુનિવર્સિટી દ્વારા ઓફર કરવામાં આવે છે. તે IIIT હૈદરાબાદના સંશોધન-આગળિત શિક્ષણના વારસા અને નવીન શિક્ષણના અનુભવો પહોંચાડવા માટેની તેની પ્રતિબદ્ધતા પર નિર્માણ કરે છે. આઈટી અને કોમ્પ્યુટર સાયન્સમાં તેમની કારકિર્દીને આગળ વધારવા માંગતા શીખનારાઓની જરૂરિયાતોને પૂરી કરવા માટે આ પ્રોગ્રામની રચના કરવામાં આવી છે. ઈએમએસઆઈટી પ્રોગ્રામની વિશિષ્ટ વિશેષતાઓમાંની એક તેનું એકીકરણ અને ઉદ્યોગના સૂક્ષ્મ ઓળખપત્રોની માન્યતા છે. આ અનોખો અભિગમ વિદ્યાર્થીઓને તેમના શૈક્ષણિક ધ્યેયો હાંસલ કરવા માટે લવચીક માર્ગો પૂરા પાડીને તેમના અગાઉના શિક્ષણ અને વ્યાવસાયિક અનુભવોનો લાભ લેવા માટે પરવાનગી આપે છે. ઉદ્યોગના ધોરણો સાથે સંરેખિત કરીને, પ્રોગ્રામ એ સુનિશ્ચિત કરે છે કે વિદ્યાર્થીઓ આજના ગતિશીલ IT લેન્ડસ્કેપ દ્વારા માંગવામાં આવતી કુશળતા અને જ્ઞાનથી સજ્જ છે. ઈએમએસઆઈટી પ્રોગ્રામનો અભ્યાસક્રમ હેન્ડ-ઓન પ્રોજેક્ટ્સ અને રીઅલ-વર્લ્ડ એપ્લિકેશન્સ પર ધ્યાન કેન્દ્રિત કરીને વ્યાપક અને વ્યવહારુ બનાવવા માટે રચાયેલ છે.

## નાણાંકીય વર્ષ 2023-24માં દેશમાંથી વાહનોની નિકાસમાં 5.5 ટકાનો ઘટાડો

(એજન્સી) નવી દિલ્હી | તા.16

ગયા નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં દેશમાંથી વાહનોની નિકાસમાં ૫.૫ ટકાનો ઘટાડો થયો છે તેમ સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સે જણાવ્યું હતું. ઘણા વિદેશી બજારોમાં નાણાકીય સંકટને કારણે દેશમાંથી વાહનોની નિકાસમાં ઘટાડો થયો છે. ડેટા અનુસાર, પાછલા નાણાકીય વર્ષમાં કુલ વાહનોની નિકાસ ૪૫,૦૦,૪૯૨ યુનિટ્સ રહી હતી, જ્યારે અગાઉના નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં તે ૪૭,૬૧,૨૯૯ યુનિટ્સ હતી. વિવિધ વિદેશી બજારોમાં સ્થિતિ અસ્થિર રહે છે. કેટલાક દેશો, જ્યાં આપણે કોમર્શિયલ વ્હીકલ અને ટુ-વ્હીલરની નિકાસમાં ખૂબ જ મજબૂત છીએ, તેઓ વિદેશી હૂંડિયામણ સંબંધિત સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. ગત નાણાકીય વર્ષમાં કોમર્શિયલ વાહનો, ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલરની નિકાસમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો, ત્યારે પેસેન્જર વાહનોની નિકાસમાં નજીવો વધારો થયો હતો. આ વર્ષે જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં ખાસ કરીને ટુ-વ્હીલર સેગમેન્ટમાં થોડો સુધારો જોવા મળ્યો છે. ગયા નાણાકીય વર્ષમાં પેસેન્જર વાહનોની નિકાસ ૧.૪ ટકા વધીને ૬,૭૨,૧૦૫ યુનિટ થઈ છે.

## વોડાફોન આઈડિયા લિમિટેડનો રૂ. 18,000 કરોડનો એફપીઓ ગુરૂવારે, 18 એપ્રિલ, 2024ના રોજ ખૂલશે

(એજન્સી) અમદાવાદ | તા. 16




વોડાફોન આઈડિયા લિમિટેડ ગુરૂવાર, 18 એપ્રિલ, 2024ના રોજ ઈક્વિટી શેર્સની તેની ફર્ધર પબ્લિક ઓફરિંગ (એફપીઓ)ના સંદર્ભે તેની બિડ/ઓફર ખોલશે. કુલ ઓફર સાઇઝમાં રૂ. 1,80,000 મિલિયન સુધીના મૂલ્યના (રૂ. 18,000 કરોડ) ઈક્વિટી શેર્સના ફ્રેશ ઇશ્યૂનો સમાવેશ થાય છે. ("ફ્રેશ ઇશ્યૂ") ("કુલ ઇશ્યૂ સાઇઝ"). ઓફરનો પ્રાઇઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. 10થી રૂ. 11 પર ફિક્સ કરવામાં આવ્યો છે. બિડ્સ લઘુત્તમ 1,298 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ 1,298 ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે ("પ્રાઇઝ બેન્ડ"). એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ મંગળવાર, 16 એપ્રિલ, 2024 રહેશે. બિડ/ઓફર ગુરૂવાર, 18 એપ્રિલ, 2024ના રોજ સબ્સ્ક્રીપ્શન માટે ખૂલશે અને સોમવાર, 22 એપ્રિલ, 2024ના રોજ બંધ થશે. કંપની ઈક્વિટી શેર્સના ફ્રેશ ઇશ્યૂથી મળનારી કુલ રકમનો ઉપયોગ (1) રૂ. 1,27,500 મિલિયન (રૂ. 12,750 કરોડ) ના મૂલ્યના નેટવર્ક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણ માટે ઉપકરણોની ખરીદી માટે જેમાં (એ) નવી સાઈટ્સ 4G સાઈટ્સ ઊભી કરવા (બી) હાલની 4G સાઈટ્સની તથા નવી 4G સાઈટ્સની ક્ષમતા વિસ્તારવા (સી) નવી 5G સાઈટ્સ ઊભી કરવા (2) ટેલિકોમ વિભાગને સ્પેક્ટ્રમ માટે તથા જીએસટીને બાકીના પેમેન્ટની ચૂકવણી માટે જેનું મૂલ્ય રૂ. 21,753.18 મિલિયન (રૂ. 2,175 કરોડ) થાય છે તથા (3) બાકીની રકમ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે.

## યુપીએલ લિ.ને ઇન્ડિયન ટ્રેડમાર્ક રજિસ્ટ્રી દ્વારા 'Well-known trademark' તરીકે બિરદાવવામાં આવી

(એજન્સી) મુંબઇ | તા.16

વૈશ્વિક સ્તરે ટકાઉ કૃષિ ઉકેલો પ્રદાન કરતી યુપીએલ લિ.ને ઈન્ડિયન ટ્રેડમાર્ક રજિસ્ટ્રી દ્વારા 'Well-known trademark' તરીકે બિરદાવવામાં આવી છે. આ સન્માન યુપીએલની બજારમાં ટોચની ભારતીય એગ્રોકેમિકલ કંપની તરીકેની સ્થિતિને વધુ મજબૂત બનાવવાની સાથે ગ્રાહકોમાં વિશ્વસનીયતાને વેગ આપે છે. યુપીએલએ નવા નીતિ-નિયમોને આધિન 2021માં પ્રથમ 'well-known' ટ્રેડમાર્ક માટે અરજી કરી હતી. આ અરજીમાં તેણે બ્રાન્ડની ઉત્ક્રાંતિ, જાહેર ઓળખનો પુરાવો તેમજ વિવિધ પહેલો વિશે માહિતી સહિત વિગતવાર માહિતી રજૂ કરી હતી. જેનું વિસ્તૃત એનાલિસિસ અને પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કંપનીને 'Well-known trademark'નું ટાઈટલ આપવામાં આવ્યું હતું. યુપીએલની બ્રાન્ડ તરીકેની લોકપ્રિયતાને વધુ મજબૂત બનાવતા આ સન્માન કાયદાકીય સુરક્ષામાં વધારો કરે છે, સ્પર્ધાત્મક લાભો, માર્કેટિંગના પ્રયાસોને સરળ બનાવવાની સાથે કંપનીની વેલ્યૂમાં વધારો કરે છે. આ સિદ્ધિ અંગે યુપીએલ એસએએસના સીઈઓ શ્રી આશિષ ડોભાલે જણાવ્યું હતું કે, 'Well-known trademark' મળવા બદલ અમે ગર્વ અનુભવીએ છીએ. આ સિદ્ધિ અમારા અજોડ કૌશલ્યને દર્શાવે છે. તે અમારી કૃષિ ઉત્પાદક્તામાં વધારો કરવા ઉચ્ચ ગુણવત્તાની પ્રોડક્ટ્સ સાથે ખેડૂતોને સશક્ત બનાવતા ઈનોવેટિવ સોલ્યુશન્સ પ્રદાન કરવાની પ્રતિબદ્ધતાને અનુરૂપ છે.

### વપરાશકર્તા-મૈત્રીપૂર્ણ ઈન્ટરફેસ | સિસ્ટમ એક સરળ રૂપરેખાંકન અને સાહજિક વપરાશકર્તા ઈન્ટરફેસ ધરાવે છે

## ડ્રેગરે ભારતમાં Vista 300નું અનાવરણ કર્યું: નવી પેશન્ટ મોનિટરિંગ સિસ્ટમ હોસ્પિટલ-વ્યાપી માહિતી પ્રવાહમાં ક્રાંતિ લાવી રહી છે

(એજન્સી) મુંબઇ | તા.16



મેડિકલ અને સેફ્ટી ટેક્નોલોજીમાં વૈશ્વિક અગ્રણી ડ્રેગરે ભારતમાં Vista 300 રજૂ કરી છે, જે દર્દીની દેખરેખ પ્રણાલીના ક્ષેત્રમાં નોંધપાત્ર સીમાચિહ્નરૂપ છે. વિસ્ટા 300 એ એક ગ્રાઉન્ડબ્રેકિંગ સોલ્યુશન છે જે હોસ્પિટલોના વિવિધ વિભાગોમાં માહિતીના પ્રવાહને ઑપ્ટિમાઇઝ કરવા માટે રચાયેલ છે, જેનાથી ક્લિનિકલ કેર ડિલિવરીમાં વધારો થાય છે. વિસ્ટા 300 સિસ્ટમ ઘણી મુખ્ય સુવિધાઓ પ્રદાન કરે છે જે તેને પરંપરાગત દર્દી મોનિટરિંગ સિસ્ટમ્સથી અલગ પાડે છે:

સીમલેસ ઈન્ટિગ્રેશન: Vista 300 ની સૌથી નોંધપાત્ર વિશેષતાઓમાંની એક એ છે કે તે દર્દીના ડેટા, મહત્વપૂર્ણ સંકેતો અને થેરાપી ડિવાઈસ ડેટાનું ક્લિનિકલ વર્કસ્ટેશનમાં સીમલેસ એકીકરણ છે. આ એકીકરણ તબીબી વ્યાવસાયિકોને બહુવિધ સ્ત્રોતોમાંથી વ્યાપક તબીબી સંભાળ માહિતીને ઍક્સેસ કરવાની મંજૂરી આપે છે, જાણકાર નિર્ણય લેવાની સુવિધા આપે છે. વપરાશકર્તા-મૈત્રીપૂર્ણ ઈન્ટરફેસ: સિસ્ટમ એક સરળ રૂપરેખાંકન અને સાહજિક વપરાશકર્તા ઈન્ટરફેસ ધરાવે છે, જે ખાતરી કરે છે કે તબીબી વ્યાવસાયિકો દર્દીના ડેટાને ઝડપથી અને સચોટ રીતે અર્થઘટન કરી શકે છે. માહિતીનું સ્પષ્ટ પ્રદર્શન વર્કફ્લો કાર્યક્ષમતામાં વધારો કરે છે અને દર્દીના સારા પરિણામોમાં ફાળો આપે છે. વિસ્તૃત ડેટા મેનેજમેન્ટ: મૂળભૂત મોનિટરિંગ ક્ષમતાઓ ઉપરાંત, વિસ્ટા 300 વધારાના ઘટકો જેમ કે વિસ્ટા સ્પોટ ચેક મોનિટર, સેન્ટ્રલ મોનિટરિંગ સ્ટેશન, ગેટવે સોફ્ટવેર અને દર્શક સ્ટેશનો સાથે વિસ્તૃત ડેટા મેનેજમેન્ટ ક્ષમતાઓ પ્રદાન કરે છે. આ ઘટકો તબીબી વ્યાવસાયિકોની વિવિધ જરૂરિયાતોને પૂરી કરીને સિસ્ટમની વૈવિધ્યતા અને કાર્યક્ષમતામાં વધુ વધારો કરે છે. ડ્રેગર ઈન્ડિયા ગ્રૂપના મેનેજિંગ ડિરેક્ટર શાલીન પટેલે હેલ્થકેર ટેક્નોલોજીમાં નવીનતા અને શ્રેષ્ઠતા પ્રત્યે ડ્રેગરની પ્રતિબદ્ધતા પર ભાર મૂકતા, લોન્ચ વિશે તેમનો ઉત્સાહ વ્યક્ત કર્યો. તેમણે નોંધ્યું હતું કે વિસ્ટા 300 દર્દીની દેખરેખમાં નોંધપાત્ર પ્રગતિનું પ્રતિનિધિત્વ કરે છે, જે તબીબી વ્યાવસાયિકોને વર્કફ્લોને સુવ્યવસ્થિત કરતી વખતે શ્રેષ્ઠ સંભાળ પૂરી પાડવા સક્ષમ બનાવે છે. ધૃતિમય ધર, વાઈસ પ્રેસિડેન્ટ - સેલ્સ એન્ડ માર્કેટિંગ, મેડિકલ બિઝનેસ, સિસ્ટમની વર્સેટિલિટી અને કનેક્ટિવિટી પર પ્રકાશ પાડે છે, એમ કહીને કે તે એક્યુટ કેર સેટિંગમાં મેડિકલ પ્રોફેશનલ્સની વિવિધ જરૂરિયાતોને પહોંચી વળવા માટે રચાયેલ છે.

## ક્રોમ્પ્ટનએ પોતાની IndiBreeze ઇન્ડસ્ટ્રીઝ એર કૂલર્સની નવી રેન્જ રજૂ કરી જે ઉનાળાની ગરમીમાં 'જલ્દી કૂલીંગ' દ્વારા રાહત આપે છે

(એજન્સી) મુંબઇ | તા.16



એપ્લાયસીસમાં ગુણવત્તા અને નવીનતાઓમાં આગવી પોતાની પ્રતિબદ્ધતા માટે જાણીતી ક્રોમ્પ્ટન ગ્રીવ્સ કન્ઝુમર ઈલેક્ટ્રિકલ્સ લિમીટેડે તમારી લિવીંગ સ્પેસને અદ્યતનતા અને અસમાંરીત શૈલી સાથે સતત પુનઃવ્યાખ્યાયિત કરવાનું ચાલુ રાખ્યુ છે. તેને નવા સ્તરે લઈ જતા, ક્રોમ્પ્ટન ફરી એક વખત IndiBreeze (ઇન્ડિબ્રીઝ) ઈન્ડસ્ટ્રીયલ કૂલર રેન્જના લોન્ચ સાથે કૂલીંગ સોલ્યુશન્સને પ્રસ્થાપિત કરી રહી છે.

95L અને 135Lની ક્ષમતામાં ઉપલબ્ધ આ ઔદ્યોગિક ગ્રેડના કૂલર્સની રસોડુ અને વિશાળ લોબી વિસ્તારો ધરાવતી ફેક્ટરીઓ, વેરહાઉસિસ, રેસ્ટોરન્ટ જેવી મોટી ખુલ્લી જગ્યા ધરાવનારાઓની તાતી જરૂરિયાતને પહોંચી વળવા માટે ખાસ રચના કરવામાં આવી છે. જ્યારે આબોહવા પરિવર્તન એક નક્કર વાસ્તવિકતા બની ગઈ છે અને તાપમાન અણધાર્યા સ્તરે વધી ગયુ છે ત્યારે આપણે આગામી સિઝનમાં ભારે ગરમીનો સામનો કરીશું તેવી શક્યતા છે. આ તીવ્ર ગરમી અને બળતા તાપમાન એવા લોકો માટે તેને અગત્યના બનાવે છે જેમને લાંબા દિવસ સુધી ત્વરીત ઠંડકનો અનુભવ કરવા માગે છે. ત્વરીત ઠંડક ફક્ત ગરમીને નાથવા માટે આવશ્યક છે એટલુ જ નહી આરામ, સુગમતા અને એકંદરે સુખાકારીની ઉનાળાના મહિનામાં ખાતરી આપે છે. તેથી કૂલર્સ તેની પોષણક્ષમતા, મજબૂતાઈ અને ઉર્જા કાર્યક્ષમ ફીચર્સ સાથે ગમે ત્યારે, ગમે ત્યાં ઈષ્ટમત ઠંડક પૂરી પાડે છે. આમ છતાં પરંપરાગત મેટલ કૂલર્સ કરકસરપૂર્ણ હોવાની સાથે ઘણી વખત વિશાળ ખુલ્લી જગ્યામાં અસરકારક ઠંડક પૂરી પાડવામાં ઘણી વખત પડકારોનો સામનો કરતા હોય છે. ક્રોમ્પ્ટનની ગ્રાહકોના અનુભવમાં વધારો કરવાની પ્રતિબદ્ધતા અનુસાર કંપનીએ ઔદ્યોગિક એર કુલર્સની નવી રેન્જ - IndiBreeze શ્રેણી રજૂ કરી છે જેથી ઉનાળાની સિઝનમાં "જલ્દી કુલીંગ" પૂરું પાડી શકાય.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2080, ચૈત્ર સુદ-09

# આતંકીઓને જવાબ આપવાનો નિયમ

એક એવા સમયે જ્યારે પાકિસ્તાન ભારત માટે ખતરો બનેલા આતંકીઓને પોષી રહ્યું છે અને છાશવારે કાશ્મીરમાં તેમની ઘૂસણખોરી કરાવવાની પણ કોશિશ કરતું રહે છે, ત્યારે એવી કોઈ સ્પષ્ટ વાતની જરૂર હતી કે આતંકીઓને જવાબ આપવાનો કોઈ નિયમ હોઈ જ ન શકે, કારણ કે આતંકીઓ પણ કોઈ નિયમને નથી માનતા. વિદેશ મંત્રી જયશંકરે આ નિવેદન આપતાં એનો પણ ઉલ્લેખ કર્યો કે કઈ રીતે મુંબઈમાં ભીષણ આતંકી હુમલા બાદ તત્કાલીન મનમોહન સરકાર પાકિસ્તાન વિરુદ્ધ કાર્યવાહી કરવાને લઈને કેટલાય વિચાર-વિમર્શ બાદ પણ એ નિષ્કર્ષ પર પહોંચી હતી કે તેના વિરુદ્ધ કોઈ પગલું ન ભરવું જ બહેતર છે! આ નિષ્કર્ષ પર પહોંચીને મનમોહન સરકારે ન માત્ર ભારતની કમજોરી ઉજાગર કરી હતી, બલ્કે પાકિસ્તાનના દુસ્સાહસને વધારવાનું પણ કામ કર્યું હતું. તેનાં પરિણામ સારાં ન આવ્યાં અને ભારતે પાકિસ્તાન પ્રાયોજિત આતંકી હુમલા સહન કરતા રહેવું પડ્યું. પાકિસ્તાનની સાન ઠેકાણે ત્યારે આવી જ્યારે પુલવામામાં આતંકી હુમલાના જવાબમાં ભારતીય વાયુસેનાએ પાકિસ્તાનની સીમામાં ઘૂસીને બાલાકોટમાં એર સ્ટ્રાઇક કરી. આના પહેલાં ભારતીય સેના સીમા પાર જઈને સર્જિકલ સ્ટ્રાઇક પણ કરી ચૂકી હતી. એ સાચું કે મોદી સરકારની નીતિઓને કારણે પાકિસ્તાનના દુસ્સાહસનું દમન થયું છે, પરંતુ તેણે હજી પોતાની જમીન પર ચાલી રહેલા આતંકના એ અડ્ડા બંધ નથી કર્યા, જ્યાં જેહાદી તૈયાર થાય છે અને જે ભારતીય સીમામાં ઘૂસણખોરી કરતા રહે છે. કાશ્મીરમાં હજુ પણ આતંકી ગમે ત્યારે માથું ઊંચકે છે. એવામાં તેને સમયે સમયે ચેતવતા રહેવું જરૂરી છે. એ મહત્ત્વપૂર્ણ છે કે વિદેશ મંત્રી પહેલાં રક્ષા મંત્રી રાજનાથ સિંહ પણ સ્પષ્ટ શબ્દોમાં એમ કહી ચૂક્યા છે કે જો આતંકી ભારતમાં કોઈ હુમલો કરીને સીમા પાર ચાલ્યા જાય છે તો ત્યાં પણ તેમને છોડવામાં નહીં આવે. પહેલાં રક્ષા મંત્રી અને હવે વિદેશ મંત્રીની આ બેધડક વાતોનું મહત્ત્વ એટલા માટે વધી જાય છે, કારણ કે હાલમાં જ એક બ્રિટિશ અખબારે એવો દાવો કર્યો છે કે ભારતે પાકિસ્તાનમાં લગભગ ૨૦ આતંકવાદીઓને ઠેકાણે પાડી દીધા છે. ભારત સત્તાવાર રૂપે તો એવા કોઈ દાવાની પુષ્ટિ નથી જ કરવાનું, પરંતુ આનાથી સારું બીજું શું હોય કે પાકિસ્તાન એ સમજવા લાગ્યું છે કે આતંકવાદ મામલે નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળા ભારતની નીતિ બદલાઈ ચૂકી છે અને જો તે પોતાની હરકતો નહીં છોડે તો તેણે તેની કિંમત ચૂકવવી પડશે. પાકિસ્તાને બ્રિટિશ અખબારનો ઉલ્લેખ કરીને રોદણાં પણ રડ્યાં છે, પરંતુ તેનું ક્યાંય કોઈ સાંભળતું એટલા માટે નથી કે તે આતંકી સંગઠનોને સંરક્ષણ આપવાનું કામ કરતું રહ્યું છે. એવામાં ભારત માટે એ યોગ્ય છે કે તે પાકિસ્તાન પર દબાણ બનાવી રાખે.

# પાટણ ખાતે ભારત રત્ન શ્રી ડૉ.બાબા સાહેબ આંબેડકરની 133મી જન્મ જયંતી યોજાઇ

(એજન્સી) પાટણ । તા. 16



14 મી એપ્રીલ ના રોજ વિશ્વરતન બોધિસત્વ ભારત રત્ન શ્રી ડૉ.બાબા સાહેબ આંબેડકર ની 133 મી જન્મ જયંતી પાટણ ખાતે યોજાઇ હતી. તુરી બારોટ સમાજ સેવા સંઘ ગાંધીનગર (ગુજરાત) દ્વારા પંડિત દીનદયાળ કનવેંશન હોલ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી પાટણ ખાતે ડૉ.બાબા સાહેબની ૧૩૩ મી જન્મ જયંતી ની ઉજવણી ના ભાગરૂપે ભીમ ડાયરો એવમ સમાજના લોકો માટે સાંકળચંદ પટેલ યુનિ. વિસનગરના સૌજન્ય થી ડેન્ટલ, આયુર્વેદિક, હોમિયોપેથીક, ફિજીયોથેરાપી, બ્લડપ્રેશર, અને ડાયાબિટીશ વગેરેનો નિ:શુલ્ક મેડિકલ ચેક અપ કેમ્પનું સુંદર આયોજન કરાયું હતું. સાથે જ તુરી બારોટ સમાજનો ભવ્ય સન્માન સમારોહ પણ યોજાયો હતો. કાર્યક્રમના પ્રારંભે ભીમ ડાયરા માં ડેરિયા બીટ્સ ના રિંકુ ડેરિયાના સંકલનમાં સુપ્રસિધ્ધ ક્રાંતિકારી ભીમ ગાયક ચંદ્ર બારોટ, સહિત ના સાથી કલાકારો એ વિક્રમભાઈ કમલેશભાઈ સહિત અરવિંદ નાદરિયા ના સંગીતના તાલે ભીમ ભજન ની મોજ કરાવી લોકોને મંત્ર મુગ્ધ કરી દીધા હતા..દિવસ દરમ્યાન યોજાયેલો આ સમારંભ બે વિભાગમાં વહેંચવામાં આવ્યો હતો..જેમાં પ્રથમ ચરણ માં સમારંભના અધ્યક્ષ તરીકે ગોત્રી મેડિકલ કોલેજ વડોદરા ના એચ ઓ ડી ડો.સુનીલ એન નાયક, તેમજ ઉદઘાટક શ્રી નિવૃત્ત આઇ એ એસ આર એમ જાદવ , નાયબ વિકાસ કમિશનર ગુ. રા.ગાંધીનગર મુકેશભાઈ આર પરમાર ગુજરાતી ફિલ્મ સ્ટાર રાકેશ બારોટ, પી.આઈ. સુરત ગ્રામ્ય ચંદ્રકાંત બી ચૌહાણ મુખ્ય મહેમાન તરીકે નિવૃત્ત મામલતદાર એલ જે મકવાના, ફિલ્મ અભિનેતા હિમાંશુ તુરી,માસ્ટર ઓફ જરનાલિસ્મ શૈલેષ પરમાર અમરેલી,પીએસઆઈ હર્ષદભાઈ પરમાર, એલઆઈસી માંથી નિવૃત્ત એડીએમ મોતીભાઈ વી તુરી. નિવૃત્ત તાલુકા વિકાસ અધિકારી હિંમતનગરના ગુણવંતભાઈ બી જાદવ. રમણભાઈ જે પરમાર. નિવૃત્ત જિલ્લા મેલેરિયા અધિકારી શ્રી ધીરુભાઈ આર પરમાર (અઘાર ) પાટણ જિલ્લા વિ.વિ.મંડળ યુવા પ્રમુખ મનોજભાઈ એ પરમાર, લોક કલ્યાણ સેવા ગ્રુપ ગુજરાતના એમ ડી.લક્ષ્મીચંદ બી.સોલંકી વિશેષ ઉપસ્થિત રહી ને કાર્યક્રમ ને શોભાવ્યો હતો. ત્યારે બપોરે બીજા ચરણમાં મુખ્ય મહેમાન સન્માન સમારોહ ના અધ્યક્ષ તરીકે પ્રકૃતિના મહર્ષિ ગ્રીન એમ્બેસેડર ગુજરાત એવમ તિરૂપતિ નેચરલ પાર્ક વિસનગર ના જીતુભાઈ પટેલ..તેમજ મુખ્ય મહેમાન તરીકે એપી એમ સી ચેરમેન ઊંઝા ના દિનેશભાઈ એ પટેલ, સ્પિપા સાથે સંકળાયેલા શિક્ષણ પ્રહરી કે.સી.બારોટ આમંત્રિત મહાનુભાવો ગ્રીન ગ્લોબલ બ્રિગેડ ગુ.રાજ્યના પ્રમુખ શ્રી નિલેષ રાજગોર ટ્રસ્ટી શ્રી પારસ સોની,ડાહ્યાભાઈ પટેલ પાટણ ના ડો.વરુણ કે દેસાઈ, ડૉ.લાલબહાદુર એલ સાધુ.સહિત સમાજ રત્નો ડો.દક્ષાબેન એસ તુરી, સતલાસણા,દીક્ષિત આર સાધુ ગાંધીનગર, નરસિંહભાઈ તુરી પાટણ, અને નરેન્દ્રભાઈ બી. સામધીયા. સહિત પાટણ જનતા હોસ્પિટલના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. પ્રમોદભાઈ પટેલ વતી જનતા હોસ્પિટલ ના પ્રતિનિધિ જયેશભાઈ પ્રજાપતિ જનતા હોસ્પિટલ ના ન્યુરોસર્જન ડૉ.ધ્રુવ પટેલના આસી.ડૉ.આકાશ જોષી વિશેષ ઉપસ્થિત રહી કાર્યક્રમ માં સહભાગી થયા હતા.

# ધનસુરા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજનો વાર્ષિકોત્સવ યોજાયો

રાકેશ મહેતા : ધનસુરા



ધી. ધનસુરા પ્રદેશ એજ્યુકેશન સોસાયટી સંચાલિત ધી ધનસુરા પિપલ્સ કો. ઓ બેન્ક આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ નો 39 મો વાર્ષિકોત્સવ મા કૉલેજ દ્વારા વર્ષ દરમિયાન અલગ અલગ વિદ્યાર્થીઓ ની પ્રવૃત્તિઓ. વય નિવૃત્તિ અને કૉલેજ ના વિદ્યાર્થીઓ એ તૈયાર કરેલ રંગોત્સવ કાર્યક્રમ મંડળ ના પ્રમુખ રાજેન્દ્રકુમાર મહેતા. ના અધ્યક્ષ સ્થાને યોજાયો જેમાં ઉદઘાટક પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર સાથે મુખ્ય મહેમાન પદે આર. વી. ગ્રુપ અમદાવાદ ના કૌશિકભાઈ શાહ મંડળ ના ઉપપ્રમુખ.મંત્રી અને કૉલેજ ના હોદેદારો ઉપસ્થિતિ રહ્યા હતા કાર્યક્રમ મા આવેલ મહેમાનો નું સૌ નું સ્વાગત સાથે દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ની શરૂઆત કરી હતી કૉલેજ મા વયમર્યાદા કારણે નિવૃત્ત થનાર અધ્યાપક વિ. કે. વણકર ને સન્માનપત્ર આપી સન્માન કરાયુ હતું. વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર કૉલેજ અધ્યાપકો નું સન્માન ઊપસ્થિત મહેમાનો દ્વારા કરાયું હતું કૉલેજ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને સન્માન સાથે ટ્રોફી આપી બિરદાવ્યા હતા. ત્યાર બાદ રંગારંગ કાર્યક્રમ કૉલેજ ના વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયો હતો.સમગ્ર કાર્યક્રમ કૉલેજ ના પ્રિન્સીપાલ ડૉ. પ્રફુલ્લા બેન બ્રહ્મભટ્ટ ના માર્ગદર્શન હેઠળ કૉલેજ ના અધ્યાપકો ના સહકાર થી કરાયો હતો. આભાર વિધિ ડૉ.સી આર. પટેલ કરી હતી સમગ્ર કાર્યક્રમ નું સફળ સંચાલન ડો. નિલેશભાઈ જોષી. ડૉ.ભૂમિબેન વડથાની. ડો. મનહરભાઈ દેસાઈ કપ્રિન્સીપાલ ના માર્ગદર્શન હેઠળ કર્યું હતું.

# પાટણ લોકસભાની બેઠક પર ભાજપના ઉમેદવાર ભરતસિંહ ડાભીએ ઉમેદવારી પત્ર ભર્યું

નિતીન ઠાકર : ચાણસ્મા



પાટણ લોકસભા ની બેઠક પર કોંગ્રેશ ઉમેદવાર ચંદન જી ઠાકોર ૧૮મી એપ્રિલે ઉમેદવારી પત્ર ભરશે. ૧૬મી એપ્રિલ ને મંગળ વાર ના રોજ પાટણ સંસદીય બેઠક માટે ભાજપ ના ઉમેદવાર ભરતસિંહ ડાભીએ તેમનું નામાંકન ભર્યું હતું તે પહેલાં પાટણ ખાતે આવેલી જૂની શીશુ મંદિર શાળા ખાતે જનસભા ને સંબોધન કરી દેશ ના વિકાસ ને વેગવંતો કરવા વધારે માં વધારે મનદાન કરી ભાજપ સરકાર ને વિજય આપાવવા ઉપસ્થિત ભાજપ ના અગ્રણીઓ એ હાકલ સાથે નમ્ર અપીલ કરી હતી ત્યાર બાદ પાટણના દોશીવટ બજાર હિંગળાચાચર રેલ્વે સ્ટેશન રોડ થઈ ક્લેક્ટર કચેરી સુધી ભાજપના ઉમેદવાર ભરતસિંહ ડાભી એ રોડ શો યોજ્યો હતો સાથે પાટણ જિલ્લા ના પ્રભારી જગદીશભાઈ વિશ્વકર્મા ભાજપ ના પૂર્વ પ્રદેશ મહામંત્રી કાન્તીભાઈ..સી. પટેલ જિલ્લા ભાજપ પ્રમુખ દશરથજી ઠાકોર સહિત ભાજપ ના પદાધિકારીઓ કાર્યકરો ટેકેદારો ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે ૧૮મી એપ્રિલે કોગ્રેશ ના પાટણ લોકસભા ના ઉમેદવાર ચંદન જી ઠાકોર તેમનું ઉમેદવારીપત્ર ભરશે.

# ડાંગના ચીખલી ગામ નજીક પિકઅપ ગાડીએ બાઈક સવારોને અડફેટમાં લેતા ઘટના સ્થળે એક ઈસમનું મોત, એક ગંભીર સારવાર હેઠળ

સુશીલ પવાર : ડાંગ



ડાંગ જિલ્લાનાં વઘઇ તરફથી મહારાષ્ટ્રમાં જઈ રહેલ પિકઅપ ગાડી.ન.એમ.એચ.15.જે.સી.2188 એ સાપુતારાથી વઘઈને જોડતા આંતર રાજ્ય ધોરીમાર્ગનાં ચીખલી ગામ નજીક શિવારીમાળ ગામનાં મજૂરોની સ્પેલન્ડર મોટરસાયકલ. ન.જી.જે.30.બી.6665ને પુરપાટવેગે અડફેટમાં લેતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો.આ અકસ્માતનાં બનાવમાં મોટરસાયકલ પર સવાર માહદયાભાઈ લક્ષયાભાઈ મોહવરીયા ઉ.67 રે.શિવારીમાળ તા.વઘઇ જી.ડાંગને માથાનાં ભાગે ગંભીર ઈજાઓ પોહચતા તેનું સ્થળ પર જ મોત નીપજ્યુ હતુ.જ્યારે મોટરસાયકલ ચાલક સંજયભાઈ સખારામભાઈ પવારને પગનાં ભાગે ગંભીર ઈજાઓ પોહચતા તેને પ્રથમ 108 એમ્બ્યુલન્સ મારફતે શામગહાન સી.એચ.સી ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.જ્યાં તેની હાલત નાજુક જણાતા વધુ સારવારનાં અર્થે આહવા સિવિલ બાદ વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.અહી સ્થળ પર મોટરસાયકલ સવારોને અડફેટમાં લઈ મહારાષ્ટ્રીયન પિકઅપ ચાલક પિકઅપ ગાડી લઈને બારીપાડા થઈ માંળુગા તરફ નાસી છૂટયો હતો.જેની જાણ સાપુતારા પોલીસ મથકનાં પી.એસ.આઈ. એન.ઝેડ ભોયાને થતા તેઓએ તુરંત જ મહારાષ્ટ્રને અડીને આવેલ ગુજરાતની માંળુગા ચેકપોસ્ટ એલર્ટ કરી હતી.જે બાદ સાપુતારા પોલીસની ટીમે નાસી છુટેલ ચાલકને પિકઅપ ગાડી સાથે માંળુગા ચેકપોસ્ટ પરથી ઝડપી લઈ તેની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

# નખત્રાણા ધોડમ ટેકરી પર આવેલા મોમાઈ માના મંદિરે હવન તેમજ મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા





મહેશ એલ.સોની : નખત્રાણા

નખત્રાણા ભુજ હાઈવે પર ધોડમ ટેકરી પર આવેલા આઈ શ્રી મોમાઈ માતાજીના મંદિરે તારીખ ૧૬/૪/૨૦૨૪ મંગળવારને ચૈત્રી સુદ આઠમના દિવસે હોમ હવન તેમજ મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો શ્રી મોમાઈમિત્ર મંડળ દ્વારા યોજવામા આવેલ. જેમાં આસો નવરાત્રી અને ચૈત્રી નવરાત્રીના આઠમના દિવસે તેમજ મંદિરના પાટોત્સવ વખતે પણ હવન અને મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજવામાં આવે છે ત્યારે નખત્રાણા શહેરના મોટી સંખ્યામાં ભાવિક ભકતો માતાજીનાં દર્શન, હોમહવન દર્શન તેમજ મહાપ્રસાદનો લાભ લેતા હોય છે.

# પ્રોહિબીશનના ગુન્હામાં છેલ્લા એક વર્ષથી નાસ્તા ફરતા આરોપીને પકડી પાડતી સાવરકુંડલા ડિવીઝન નાસ્તા ફરતા સ્કવોડ પોલીસ

કિશોર આર. સોલંકી : જાફરાબાદ



મ્હે. ભાવનગર રેન્જ આઇ.જી શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જીલ્લાઓમાં નાસ્તા ફરતા આરોપીઓ પકડી પાડવા માટે ડિવિઝન વાઈઝ નાસ્તા ફરતા સ્કવોડની રચના કરી નાસ્તા ફરતા આરોપીને પકડી પાડવા સુચના આપેલ હોય જે અન્વયે મ્હે. અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી હિંમકર સિંહ સાહેબ નાઓએ અમરેલી જીલ્લામાં નાસ્તા ફરતા સ્કવોડની રચના કરી નાસ્તા ફરતા આરોપીને પકડી પાડવા સુચના આપેલ હોય જે અનુસંધાને સાવરકુંડલા ડીવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક શ્રી વલય વૈધ સાહેબ નાઓ દ્વારા નાસ્તા ફરતા સ્કવોડની રચના કરી નાસ્તા ફરતા આરોપીને પકડી પાડવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે સાવરકુંડલા ડિવીઝન નાસ્તા ફરતા સ્કવોડના ઈન્ચાર્જ પોલીસ સબ. ઈન્સ્પેક્ટર શ્રી એમ.ડી. ગોહિલ તથા પોલીસ સ્ટાફ દ્વારા ખાંભા પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧૧૯૩૦૨૭૨ ૩૦૦૯૯/૨૦૨૩ પ્રોહિ.કલમ ૬૫(એ)(ઈ) ૧૧૬(બી) ૯૮(૨) ૮૧ મુજબના ગુન્હાનો આરોપી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા છેલ્લા એક વર્ષથી નાસ્તો ફરતો હોય જે અંગે સાવરકુંડલા ડીવીઝન નાસ્તા ફરતા સ્કવોડને મળેલ.

# 114- સોજીત્રા વિધાનસભા મતવિસ્તારમાં 7 મહિલા સંચાલિત મતદાન મથકો ઉભા કરાશે

આણંદ : ભારતના ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માં વિવિધ થીમ આધારિત મતદાન મથકો તૈયાર કરવામાં આવી રહ્યા છે. આગામી તા. ૭ મે ના રોજ ગુજરાતના તમામ મતવિસ્તારો સાથે આણંદ લોકસભા મતદાર વિભાગમાં પણ મતદાન યોજાશે. ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ વધુમાં વધુ મહિલાઓ ચૂંટણીમાં મતદાન કરવા પ્રેરાય તે માટે જિલ્લાના દરેક વિધાનસભા મતદાર વિભાગોમાં સંપૂર્ણ રીતે મહિલાઓ દ્વારા સંચાલિત ૭-૭ સખી મતદાન મથકો ઉભા કરવામાં આવનાર છે.

# ચાણસ્મામાં છેલ્લા 1 દાયકાથી ઉનાળામાં પંખીડાઓને પાણીના કુંડા ભરવા અને બારે માસ પંખીડાઓને ચણ નાંખી મૂંગા જીવોની સેવા કરતા પિતા પુત્ર

નિતીન ઠાકર : ચાણસ્મા



ચાણસ્મા સરકારી વિશ્રામગૃહ માં ફરજ બજાવતા પ્રહલાદભાઈ પરમાર (ઘરમોડા વાળા) અને પિતા ની સાથે મદદરૂપ થતા પિતા ના પડછાયા રૂપ પુત્ર મેહુલભાઈ આ બંન્ને પિતા પુત્ર છેલ્લા એક દાયકા થી મૂંગા જીવો એવા ક્લબલ કરતા પંખીડા ઓ ને ઉનાળા ગરમી ન લાગે વિશ્રાંતી મળી રહે તે માટે માટી અને કાગળ ના પૂંઠા માંથી બનાવવામાં આવેલા માળા સરકારી વિશ્વામ ગૃહ ના પરીશર માં આવેલા લીંમડા ના વૃક્ષો પર બાંધવામાં આવે છે તદ્ઉપરાંધ પંખીડાઓ ને ઉનાળા માં પીવા માટે પાણી મળી રહે તે માટે પાણીના કુંડા ભરવામાં આવે છે તો રોજ સવારે પંખીડા ઓ ને ચણ નાંખવામાં આવે છે આમ આ પિતા પુત્ર દ્વારા છેલ્લા દશ વર્ષ થી મુગા જીવો એવા પંખીડાઓ ની કોઈ ની પાસે હાથ લાંબો કર્યા સિવાય અહર્નિશ સેવા કરવામાં આવે છે મૂંગા જીવો એવા પંખીડા ઓ ને ઉનાળામાં વિશ્રાંતી માટે માળા બારે માસ ચણ નાખવા પાણી ના કૂંડા ભરી સેવા કરી સેવા પરમો ધર્મ ઉક્તિ ને સાર્થક કરતા પિતા પ્રહલાદભાઈ અને પુત્ર મેહુલ ભાઈ એ જણાવ્યું હતું સેવાઅને સમરણ એ ઈશ્વર સુધી પહોંચવાનો સરળ માર્ગ છે. દર ઉનાળામાં પંખીના માળા કુંડામાં પાણી ભરી પંખીઓ ની તરસ છીપાવવી અને ચણ થકી પંખીડાઓ ની ભુખ મડાડવી આ સેવા અમે પિતાપુત્ર માટે નિત્ય કર્મ બની ગયું છે કોઈ ની પાસે હાથ લાંબો કરતા નથી અમોને પણ સેવાનો ખુબ આનંદ મળતો હોવાનું જણાવ્યું હતું. ચાણસ્મા ના સરકારી વિશ્રામગૃહ માં સેવા આપના પિતા પુત્ર દ્વારા મુગા જીવ એવા પંખીડા ઓ ને પીવાનું પાણી ચણ વિશ્રાંતી માટે ઝાડ પર માળા લગાવી સેવાની સુવાસ ફેલાવે છે.

## ખડકાયેલા ઉકરડો ખદબદતી ગંદકી અને કાગળ ઉપર ચાલતું સ્વચ્છતા હી સેવા

# જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાં ખદબદતી ગંદકી બાબતે લોકોમાં આક્રોશ

કિશોર આર. સોલંકી : જાફરાબાદ



જાફરાબાદના સામાકાંઠે આવેલ બાલકૃષ્ણ સોસાયટી વિસ્તારમાં ખડકાયેલા ઉકરડા શહેરીજનો પાલિકાના વિવિધ કરવેરા ભરતા હોવા છતાં પણ સુવિધા ઝીરો જાફરાબાદ ના સામાકાંઠે આવેલ તલાવડી વિસ્તારમાં રહેણાંક વિસ્તાર માં ખદબદતી ગંદકી પરંતુ પાલિકાના જવાબદાર અધિકારીઓ ના ધ્યાન ઉપર આવતું નથી અવારનવાર દૈનિક સમાચારપત્રમાં આ બાબતે અવાર-નવાર અહેવાલો પ્રસિદ્ધ થતા હોય છે.અને પાલિકા દ્વારા કામગીરી પણ કરવામાં આવતી હોય છે. પરંતુ સાફસફાઈ માત્રને માત્ર થોડો ઘણો કચરો જી.સી.પી. દ્વારા ટ્રેક્ટર દ્વારા ઉપાડી અને બીજો ગંદવાડો મુકીને નાટક કરી ચાલ્યા જાય છે. પરંતુ ખડકાયેલો ઉકરડો ખદબદતી ગંદકી અને રસ્તા ઉપર ગંધ મારતો કચરાથી ખદબદી રહ્યો છે. જ્યાં ચાલવું તો દુર ઉભું રહેવું પણ દુશવાર છે. તેમજ બાલકૃષ્ણ સોસાયટીની બાજુમાં આવેલ ભૂતડા દાદા ના મંદિર ની બાજુમાં પણ ખડકાયો ઉકરડો નગરપાલિકા ના જવાબદાર અધિકારીના નજરમાં નથી આવતું બાલકૃષ્ણ સોસાયટી ભૂતડા દાદા ના મંદિર ની બાજુમાં ઉકરડા ના ઢગલા જોવા મળી રહ્યા છે. પરંતુ પાલિકા સાફસફાઈ કરવા માટે નથી વેરા વસૂલાત કેવી રીતે કરવા તેમાં વધારે રસપ્રદ હોય તેવું શહેરીજનો જણાવી રહ્યા છે.આ ગંદકી દૂર કરવા માટે ની માંગ ત્યાંના નાગરિકો દ્વારા થઈ છે. તલાવડી ની બાજુમાં આવેલ ખેતરમાં ગંદકીથી ખદબદી રહ્યું હોય તેમાં પણ વરસાદી પાણી અને ગટર ના ગંધાતા પણી હોવાથી દુર્ગંધ મારતું હોય અને તેમાં કચરાના ખડકાયેલા ઢગલા હોય હાલ ધગધગતા આકરાં તાપમાનના લીધે દુર્ગંધ મારતું હોય અને આ ગંદકીથી આવતી દુર્ગંધ ના કારણે કોઈ નાગરિક ના સ્વાસ્થ્ય ઉપર આડ અસર થાય તો જવાબદારી કોની ? તલાવડી વિસ્તારનું ગટર પણી કે જે ગટરો અવારનવાર જામ થવાથી ગટરના પાણી રોડે ચડતા હોય છે. પરંતુ નગરપાલિકા ના ધ્યાન ઉપર આવતું નથી તો શું આ ખડકાયેલા ઉકરડા ગંદકીના કારણે કોઈ રોગચાળો ફેલાય તો જવાબદારી કોની ? જાફરાબાદ ના શહેરીજનો પાલિકાની નિષ્ક્રિયતાથી ત્રાહિમામ સામાકાંઠા ના વિસ્તાર ના શહેરીજનો પાલિકાના વિવિધ કરવેરા ભરતા હોવા છતાં પણ સુવિધા આપવામાં થતાં તાતાથૈયા તલાવડી વિસ્તાર તથા બાલકૃષ્ણ સોસાયટી ના ભૂતડા દાદા ના મંદિર બાજુમાં ખડકાયાલા કચરાના ઢગલા નગરપાલિકા દ્વારા કચરો ઉપાડવામાં ન આવતા દિનપ્રતિદિન ઉકળડો વધી રહ્યો છે. અને પવનના લીધે કાગળો ઉડી ઉડી રોડ સુધી આવતા હોવાથી આ ખડકાયેલા ઉકળાટથી નાગરિકો માં પણ આક્રોશ જોવા મળી રહ્યો છે. પાલિકા ને સામાકાંઠા વિસ્તારમાં ફેલાયેલા ઉકરડા અને ખદબદતી ગંદકી નજર માં આવતું નથી સારીએવી સુવિધાઓ ઉભી કરી શક્યા નથી સ્વચ્છતા હી સેવા અભિયાન માત્રને માત્ર કાગળ પર ચાલતું હોવાનો શહેરીજનો કરે છે. આક્ષેપ આ ખડકાયેલા કચરાના ઢગલા વચ્ચે તેમજ ખદબદતી ગંદકી વચ્ચે જીવતી જનતા જનાર્દનની ઉચ્ચ અધિકારી દ્વારા આ બાબતે ભાવનગર નિયામક શ્રી તથા જિલ્લા કલેકટર શ્રી દ્વારા નાગરિકો ની સમસ્યાનો અભ્યાસ કરી નિકાલ કરાવે તેવી જાફરાબાદ ની જનતા જનાર્દનની તથા બાલકૃષ્ણ સોસાયટીના સ્થાનિકો રહીશોની માંગ થઈ છે. આ વિસ્તારોમાં લોકો ના રહેણાંક મકાનો આવેલ હોય પરંતુ ઘણા સમયથી આ ઉકરડો દિનપ્રતિદિન ગંદકી થી ખદબદી રહ્યો હોય પરંતુ પાલિકા ગંભીર બનતી નથી આ દુર્ગંધ મારતાં ઉકરડા બાબતે પાલિકા કોઈ નક્કર પગલાં ભરશે ? લોકોનું સ્વાસ્થ્ય માટે આરોગ્ય માટે આ ઉકરડા નો નિકાલ કરવામાં આવશે ? આ ખડકાયેલ ગંદકીના ઢગલા ઉપર વહીવટી તંત્ર લાલ આંખ કરવાને બદલે આંખ આડા કાન કરવામાં આવશે ? તેવું નાગરિકો માંથી થતી ચર્ચાઓ આ ખદબદતી ગંદકી ના લીધે ડેંગ્યૂ, મેલેરિયા, અન્ય બિમારીઓ ઉત્પન્ન થાય તો જવાબદાર કોન ? સામાકાંઠા માં નાગરિકો દરેક સ્તરે વેરો ભરવા છતાં સારી એવી સુવિધા દેવામાં પાલિકા નિષ્ફળ સ્વચ્છતા બાબતે ઘોર બેદરકારી રાખવામાં આવી છે. તલાવડી વિસ્તારમાં વસવાટ કરતા લોકોને આ ગંદકી ના લીધે બિમારી નો સામનો કરવો પડે તેવી મુસીબત પરંતુ આરોગ્ય વિભાગ ને પણ ધ્યાન ઉપર આવતું નથી પાલિકા ના જવાબદાર લોકો સફાઈ કરવા આવે છે.

# મોતીલાલ ઓસવાલ ફાઇનાન્સિયલ સર્વિસીસ લિમિટેડ સિક્યોર્ડ રિડીમેબલ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (એનસીડી)ના ₹1,000 કરોડના જાહેર ભરણાંની જાહેરાત કરે છે

(એજન્સી) મુંબઇ । તા. 16

મોતીલાલ ઓસ્વાલ ફાઇનાન્સિયલ સર્વિસ લિમિટેડ ( " એ મ ઓ એ ફ એ સ એ લ " / "કંપની"/ "ઇશ્યુઅર"), એ 500 કરોડ ("બેઝ ઈસ્યુ સાઈઝ") સુધીની રકમ માટે 1,000 પ્રત્યેક રકમની ફેસ વેલ્યુના સિક્યોર્ડ રિડીમેબલ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ ("એનસીડી"), જે 500 કરોડ સુધીના ગ્રીન શૂ વિકલ્પ સાથે, એકંદરે 1,000 કરોડ ("ઈશ્યુ") સુધીના જાહેર ભરણાં ખોલવાની જાહેરાત કરી છે. નિયત કૂપન ધરાવનાર અને વાર્ષિક, માસિક અને પાકતી મુદતે વ્યાજના વિકલ્પો સાથે 24 મહિના, 36 મહિના, 60 મહિના અને 120 મહિનાની મુદત ધરાવતી એનસીડી ની આઠ શ્રેણીઓ છે. એનસીડી માટે અસરકારક વાર્ષિક ઉપજ 8.85% પ્રતિ વર્ષ થી 9.70% પ્રતિ વર્ષ ની રેન્જ ધરાવે છે. ભરણું 23 એપ્રિલ, 2024ના રોજ ખુલશે અને 7 મે, 2024ના રોજ બંધ થશે. આ ભરણાં મારફતે એકત્ર કરવામાં આવેલા ભંડોળમાંથી ઓછામાં ઓછા 75 ટકા ભંડોળનો ઉપયોગ કાર્યકારી મૂડીની જરૂરિયાતને પહોંચી વળવા અને હાલની જવાબદારીઓની પુનઃચુકવણીના હેતુ માટે કરવામાં આવશે અને બાકીની રકમનો ઉપયોગ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે, જે ભરણાં માં એકત્ર કરવામાં આવેલી રકમના 25 ટકાથી વધુ ન હોય તેવા ઉપયોગને આધિન છે, જે ભારતીય સિક્યુરિટીઝ અને એક્સચેન્જ બોર્ડ (ભરણાં અને નોન-કન્વર્ટિબલ સિક્યોરિટીની લિસ્ટિંગ) 2021 નાં નિયમોનું પાલન કરીને સમયાંતરે સુધારવામાં આવ્યા મુજબ ("સેબી એનસીએસ રેગ્યુલેશન્સ") કરવામાં આવશે. ભરણાં હેઠળ પ્રસ્તુત કરવાની દરખાસ્ત ધરાવતી એનસીડીને ક્રિસિલ રેટિંગ્સ દ્વારા "ક્રિસિલ એએ/સ્ટેબલ" અને ઈન્ડિયા રેટિંગ્સ દ્વારા "આઈએનડી એએ/સ્ટેબલ"નું રેટિંગ આપવામાં આવ્યું છે. માનવામાં આવે છે કે આ રેટિંગવાળા સાધનોમાં નાણાકીય જવાબદારીઓની સમયસર સેવા આપવાથી સંબંધિત ઉચ્ચ સ્તરની સુરક્ષા હોય છે. આવા સાધનોમાં ધિરાણનું જોખમ ઘણું ઓછું હોય છે. ટ્રસ્ટ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ, નુવામા વેલ્થ મેનેજમેન્ટ લિમિટેડ અને મોતીલાલ ઓસ્વાલ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ લિમિટેડ★ આ ભરણાં ના લીડ મેનેજર છે. રોકાણકારોને તરલતા પૂરી પાડવા માટે એનસીડી ને બીએસઇ પર સૂચિબદ્ધ કરવામાં આવશે. કંપનીને બીએસઇ અને એનએસઈ તરફથી સૈદ્ધાંતિક મંજૂરી મળી છે. આ ભરણાં નાં હેતુઓ માટે, બીએસઇ એ નિયુક્ત સ્ટોક એક્સચેન્જ રહેશે.

# શું તમે પણ ગરમીમાં વારંવાર કરો છો ફેસ વોશ?



## ફેસ વોશ કરતી વખતે આ સ્ટેપ કરો ફોલો

**ફેસવોશ સ્ટેપ-1 |** ફેસવોશ કરતાં સમયે મોટાભાગની મહિલાઓ હથેળી પર ફેસવોશ લઈને સીધા ચહેરા પર લગાવે છે અને તેને રગડવા લાગે છે. મોટાભાગની મહિલાઓ કાજલ, લિપસ્ટિક અને મેકઅપનો ઉપયોગ કરે છે. માટે ફેસવોશ કરતાં પહેલાં મેકઅપ રિમૂવરથી મેકઅપ દૂર કરવો જરૂરી છે. આવું ન કરવાથી મોટાભાગની મહિલાઓને સ્કીન એલર્જી, આંખોમાં બળતરા, ચહેરા પર ખંજવાળ, ખીલ વગેરેની સમસ્યા સર્જાય છે.

**ફેસવોશ સ્ટેપ-2 |** મેકઅપ રિમૂવરથી ચહેરો સાફ કર્યા પછી પણ તમારે સીધું ફેસવોશ ન લગાવવું જોઈએ. તે પહેલાં ચહેરાને સારા પાણીની સાફ કરી લેવો જોઈએ. તે બાદ હથેળીમાં ફેસવોશ લઈને બંને હાથથી રગડતા રગડતા ચહેરો સાફ કરવો અને સર્કુલર મોશનમાં ફેરવેને ચહેરાને ફેસવોશ કરવું.

**ફેસવોશ સ્ટેપ-3 |** ફેસવોશ કર્યા પછી ચહેરાને રૂમાલથી સાફ કરી લો અને તેમાં તરત ટોનર અને મોઈશ્ચુરાઈઝર લગાવી દો. આ સિવાય તમે અસેન્શિયલ ઓઈલ પણ લગાવી શકો છો. આવું કરવાથી સ્કીન પોર્સને ટાઈટ કરવામાં અને તેને પોષણ આપવામાં મદદરૂપ થાય છે.

**ફેસવોશ સ્ટેપ-4 |** તમારા ચહેરાની સ્કીન ટાઈટ રહે તે માટે જરૂરી છે કે તમે ફેસવોશ પછી ચહેરાને સાફ કરીને તરત ટોનર અને મોઈશ્ચુરાઈઝર લગાવી દો. જો તમે ફેસવોશ પછી ઘણીવાર સુધી ત્વચાને એમનામ રાખો છો તો સ્કીન પરના પોર્સ મોટા થઈ જાય છે અને ત્વાચા ઢીલી પડી જાય છે. આમ ફેસવોશ પછી તમારી સ્કીનને પોષણની જરૂર હોય છે. માટે ફેસવોશ કર્યા પછી તમારે સ્કીન પર જલદીથી ટોનર અને મોઈશ્ચુરાઈઝર લગાવવું જોઈએ.

## સ્કીન બચાવવી હોય તો જાણી લો આ વાત

ગરમી આવી ગઈ છે. જેને કારણે વારંવાર પરસેવો પણ થતો હોય છે. આવી સ્થિતિમાં ગરમીથી રાહત મેળવવા માટે ઘણાં લોકોને વારંવાર ફેસ વોશ કરવાની આદત હોય છે. જો તમને પણ આવી આદત હોય તો આ આર્ટિકલમાં આપવામાં આવેલી જાણકારી ખાસ વાંચી લેજો. કારણકે, વારંવાર ફેસ વોશથી પણ થઈ શકે છે નુકસાન. તમારી સ્કીનને ખરાબ થતા અટકાવવી હોય તો અહીં આપેલી જાણકારી તમારે અચુક વાંચવી જોઈએ. ઘણાં લોકો ફેસ વોશ કરતી વખતે કેટલી ભૂલો કરતા હોય છે સૌથી પહેલાં એ ચકાશો કે શું તમે પણ આવી કોઈ ભૂલ નથી કરતાને. કારણકે, ફેસવોશ કરતાં સમયે કરેલી ઘણી ભૂલો તમારી સ્કીન માટે ભારે પડી શકે છે. મોટાભાગની મહિલાઓ ફેશવોશ કરતાં સમયે જાણેઅજાણે એવી ભૂલો કરે છે કે તે સ્કીન માટે ખૂબ જ નુકસાનકારક હોય છે. પુરુષોની સરખામણીએ મહિલાઓ ફેસવોશનો વઘુ ઉપયોગ કરતી હોય છે. એ એક સ્વભાવિક વાત છે. કારણકે, પુરુષોની સરખામણીએ મહિલાઓ પોતાના અપિરિયન્સ, પોતાના લૂક અને પોતાની ત્વચાની વિશેષ કાળજી લેતી હોય છે. આવી સ્થિતિમાં ફેસવોશ અંગેની આ જાણકારી તમારા માટે ખુબ મહત્ત્વની બની રહેશે. ઉલ્લેખનીય છેકે, ગરમીમાં આપણે ફેસવોશનો ઉપયોગ કરીએ છીએ. જે ચહેરાને સાફ કરવાની સાથે સાથે સ્કીન પર ગ્લો લાવે છે. પરંતુ ફેસવોશ કરવાની એક રીત છે. જેનાથી મોટાભાગની મહિલાઓ અજાણ છે. એ જ કારણે તેમની સ્કીનને ફેસવોશનો પૂરો લાભ મળતો નથી. અને તેનાથી અમુક મહિલાઓને સ્કીન સંબંધી અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

# પરસેવાના કારણે ત્વચા પર થતા રેશિસથી તુરંત રાહત મેળવવી હોય તો ટ્રાય કરો આ ઘરેલુ નુસખા

ઉનાળામાં સતત વધતા તાપમાનના કારણે સ્વાસ્થ્ય અને ત્વચા પ્રભાવિત થાય છે. ખાસ તો પરસેવાના કારણે ત્વચા પર રેશ અને ખંજવાળ વધારે આવે છે. તડકાના કારણે પણ સ્કીન ડેમેજ થાય છે. ગરમીના કારણે શરીર જે જગ્યાએ પરસેવો વધારે થાય છે ત્યાં રેશ થવાની અને ખંજવાળ આવવાની સમસ્યા પણ વધી જાય છે. આ સ્થિતિ પાણીની ઊણપના કારણે પણ સર્જાઈ શકે છે. તેવામાં જરૂરી થઈ જાય છે કે ઉનાળામાં તમે ત્વચાનું ખાસ ધ્યાન રાખો. જે લોકોને વધારે પરસેવો થતો હોય તેમણે વધારે તકેદારી રાખવાની સાથે સ્વચ્છતાનું પણ ધ્યાન રાખવું જોઈએ. આજે તમને કેટલાક એવા દેશની નુસખા પણ જણાવીએ જેને અપનાવીને તમે ઉનાળામાં થતી સ્કીન પ્રોબ્લેમને દુર કરી શકો છો.



### રેશ અને ખંજવાળને દુર કરવાના 4 અકસીર ઉપાય

- જે લોકોની સ્કીન ડ્રાય હોય છે તેમને વધારે સ્કીન કેરની જરુર પડે છે. જો ડ્રાય સ્કીન હોય અને રેશ થઈ જાય તો બરફના ટુકડાથી મસાજ કરવાનું રાખો. તેનાથી સ્કિનને ઠંડક મળશે અને બળતરાથી પણ રાહત મળશે.
- સ્કીન સંબંધિત સમસ્યામાં નાળિયેરનું તેલ પણ ઉપયોગી છે. નાળિયેરના તેલમાં કપૂર પીસીને મિક્સ કરી પ્રભાવિત ત્વચા પર લગાવો. દિવસમાં બે વાર આ તેલનો ઉપયોગ કરશો એટલે ઝડપથી રાહત મળશે.
- જો તમને વધારે પરસેવો થાય છે અને તેના કારણે ત્વચા પર રેશ અને ખંજવાળ આવે છે તો ફટકડીને પીસીને પાણીમાં ઘોળી લગાવો. આ આયુર્વેદિક ઉપાય ખૂબ જ કારગર છે.
- ત્વચા પર ખંજવાળ, એલર્જી, સોજો કે બળતરા છે તો સંક્રમિત જગ્યા પર એલોવેરા અને કાચી કેરીની આ પેસ્ટ લગાવો. તેના માટે કાચી કેરીની પેસ્ટ બનાવી તેમાં એલોવેરા જેલ મિક્સ કરો અને પછી સ્કીન પર 10 મિનિટ માટે લગાવો.

# બસ આટલું કરવાથી ગુસ્સો કાબૂમાં આવી જશે!

### રિસર્ચમાં મોટો ઘટસ્ફોટ, તમે પણ ટ્રાય કરો



માણસમાં કુદરતી રીતે લાગણીઓ ભરેલી છે. કારણ કે તે પરિસ્થિતિ પ્રમાણે તેના અંદરથી વિવિધ લાગણીઓ ઉભી થતી હોય છે. આ લાગણીઓમાં ગુસ્સો પણ હોઈ શકે છે. કેટલીક વખત વ્યક્તિ જ્યારે ખૂબ જ ગુસ્સામાં હોય છે, ત્યારે તે કેટલાક ખોટા પગલાં ભરી લેતો હોય છે. જેના માટે તેને જીવનભર પસ્તાવો કરવો પડતો હોય છે. પરંતુ જો તમને એમ કહેવામાં આવે કે, એક નાનકડાં કામ કરી તમે તમારા ગુસ્સાને ચપટીમાં કંટ્રોલ કરી શકો છો. આ કોઈ સાંભળેલી વાતો નથી પરંતુ તેના પર વિજ્ઞાની રીતે સંશોધનો થયા છે. આવો આપણે તેને વિગતવાર સમજાવીએ.

### આ પ્રકારનો પ્રયોગ કરવામાં આવ્યો

હકીકતમાં આ રિસર્ચ માટે 100 વિદ્યાર્થીઓને એકત્રિત કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ તેમને એક એક કાગળ અને પેન આપી તેમને કેટલાક સામાજિક મુદ્દાઓ પર તેમના સંક્ષિપ્ત અભિપ્રાય લખવા માટે કહેવામાં આવ્યું હતું. જેમ કે જાહેર સ્થળોએ ધૂમ્રપાન પર પ્રતિબંધ હોવો જોઈએ કે નહીં. થોડીવાર પછી જ્યારે વિદ્યાર્થીઓએ કાગળ પર તેમના મંતવ્યો લખ્યા ત્યારે તેમને કહેવામાં આવ્યું કે પીએચડી વિદ્યાર્થી તમારી લખેલી દરેક વાતનું મૂલ્યાંકન કરશે.

### તેમના ગુસ્સાનું લેવલ ધીરે-ધીરે ખતમ થઈ ગયું હતું

વિજ્ઞાનીઓએ જોયું કે, આ અપમાનજનક ફીડબેક બાદ જે લોકો પોતાની લાગણીઓને એક કાગળ પર લખીને તે ચિઠ્ઠી ફાડી નાખી હતી, તેમના ગુસ્સાનું લેવલ ધીરે-ધીરે ખતમ થઈ ગયું હતુ. જ્યારે, જે લોકોએ પોતાની લાગણીઓની ચિઠ્ઠીને કાચના પાત્રમાં સંભાળીને મુકી હતી દીધી હતી, તેમના ગુસ્સાનું લેવલ એ જ રહ્યું હતું.

# વંદાની આખી ફોજ ઘરમાં ઘુસી ગઈ છે

### વંદાને ભગાડવા અજમાવો આ 5 ઘરગથ્થુ ઉપાયો

ઘરને સ્વચ્છ રાખવું ખૂબ જ જરૂરી છે. કોઈ તમારા ઘરે આવશે તો પણ તેને જો ઘર ખરાબ હશે તો નહીં ગમે. ગંદા ઘરમાં અનેક પ્રકારના જંતુઓ ફરે છે, જેમાંથી વંદો પણ એક છે. વંદાને કારણે ઘરમાં ઘણી ગંદકી ફેલે છે. આજે અમે તમને જણાવીએ છીએ કે તમે તેનાથી કેવી રીતે છુટકારો મેળવી શકો છો. વંદો ઘરમાં ઘણો આતંક મચાવે છે અને તે ઘણી ગંદકી પણ



ફેલાવે છે. તેમની ફેલાતી ગંદકીને કારણે તમને અનેક પ્રકારની બીમારીઓ થઈ શકે છે. આજે અમે તમને જણાવીએ છીએ કે તમે તેમના આતંકને કાયમ માટે કેવી રીતે ખતમ કરી શકો છો. તેમને ઘરથી દૂર કરવા માટે તમારે ખાવાનો સોડા અને ખાંડ મિક્સ કરીને ઘરના દરેક ખૂણામાં છાંટી દેવું જોઈએ, તેનાથી તમે તેનાથી છૂટકારો મેળવી શકો છો. લીમડાના પત્તાનો ઉપયોગ કરીને તમે તમારા ઘરમાંથી વંદા ભગાડી શકો છો. લીમડાને પીસીને તેનું સોલ્યુશન બનાવો અને તેને સ્પ્રે બોટલમાં ભરી લો અને તેને વંદોની જગ્યા પર સ્પ્રે કરો. તેજ પત્તાના ટુકડા કરીને પણ ખૂણે ખૂણે મુકી દેવાથી વાંદા એની સ્મેલથી જ ભાગી જતા હોય છે. કાળા મરી, ડુંગળી અને લસણની બરાબર પેસ્ટ બનાવીને જ્યાં વંદા આવતા હોય એવી જગ્યાએ પાણી મિક્સ કરીને આ મિશ્રણનો છંટકાવ કરી દો નહીં દેખાય પછી એક પણ વંદો.

ડાર્ક સર્કલ્સ એટલે કે આંખ નીચે કાળા કુંડાળા. આ કુંડાળા અનિયમિત જીવનશૈલી, શરીરમાં પોષકતત્વોની ખામી, ડિહાઈડ્રેશન, મોડે સુધી જાગવાની આદત અને સ્ટ્રેસના કારણે થઈ જાય છે. ડાર્ક સર્કલથી મુક્તિ મેળવવા માટે લોકો અલગ અલગ પ્રોડક્ટ નો ઉપયોગ પણ કરે છે. પરંતુ આવા પ્રોડક્ટમાં હાનિકારક કેમિકલ હોય છે. આ કેમિકલ ત્વચાને નુકસાન પણ કરી શકે છે. તેવામાં ડાર્ક સર્કલ ની સમસ્યાથી મુક્તિ મેળવવા માટે તમે ઘરેલુ ઉપાય અજમાવી શકો છો. ડાર્ક સર્કલને દૂર કરવા હોય તો કાકડી ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે. કાકડી વિટામીન્સથી ભરપૂર હોય છે. તે ત્વચાની રંગત સુધારવામાં મદદ કરે છે અને તેનાથી ડાર્ક સર્કલ પણ દૂર થાય છે. કાકડી સ્કિનને હાઈડ્રેટ કરવામાં પણ મદદ કરે છે.

# કાકડી ગણતરીના દિવસોમાં દુર કરશે ડાર્ક સર્કલ્સ 3 રીતે ઉપયોગ કરી શકો છો



**કાકડી અને એલોવેરા |** ડાર્ક સર્કલની સમસ્યા દૂર કરવા માટે કાકડી અને એલોવેરાનો ઉપયોગ કરી શકાય છે. તેના માટે કાકડીની પેસ્ટ કરી તેમાંથી રસ કાઢી લેવો. હવે આ રસમાં એલોવેરા જેલ મિક્સ કરો અને આ મિશ્રણને આંખની નીચે લગાડો. 15 મિનિટ તેને રહેવા દો અને પછી ઠંડા પાણીથી ચહેરો સાફ કરો. અઠવાડિયામાં બેથી ત્રણ વખત આ પેસ્ટનો ઉપયોગ કરશો તો ડાર્ક સર્કલ ઓછા થઈ જશે.

**કાકડી અને લીંબુનો રસ |** આંખ નીચેના ડાર્ક સર્કલ દૂર કરવા માટે લીંબુનો રસ અને કાકડી પણ અસરકારક છે. લીંબુમાં બ્લીચિંગ ગુણ હોય છે. ડાર્ક સર્કલ દૂર કરવા માટે એક વાટકીમાં બે થી ત્રણ ચમચી કાકડીનો રસ લઈ તેમાં લીંબુનો રસ મિક્સ કરો. આ મિશ્રણને રૂની મદદથી આંખની આસપાસ લગાડો. 10 થી 15 મિનિટ પછી પાણીથી ચહેરો સાફ કરી લો. અઠવાડિયામાં બે વખત આ મિશ્રણ લગાડશો તો ડાર્ક સર્કલ ઓછા થવા લાગશે.

**કાકડી અને મધ |** ડાર્ક સર્કલથી છુટકારો મેળવવા માટે કાકડી અને મધનો ઉપયોગ પણ કરી શકાય છે. કાકડીનો રસ કાઢી તેમાં થોડું મધ ઉમેરીને આંખની નીચે દસ મિનિટ માટે લગાડો. દસ મિનિટ પછી ચહેરો સાફ કરી લેવો. આ મિશ્રણને તમે રોજ પણ લગાડી શકો છો. તેનાથી આંખ નીચેની ત્વચા મુલાયમ થશે ડાર્ક સર્કલ પણ દૂર થઈ જશે.

# હવા,પાણી અને જમીન સર્વ ઈશ્વરનું અસ્તિત્વ સમજો



રામ નવમી

- રુપાલી દવે

મંગલ ભવન અમંગલ હારી દ્રવ્હુ શું દશરથ અજીર બિહારી

રામાયણ અનુસાર ભગવાન શ્રી રામચંદ્ર જી નો જન્મ સરયૂ નદી ના કઠે વસેલી અયોધ્યા નગરી મા થયો હતો એમ રામાયણ કહે છે.ધર્મ અને શાસ્ત્રની સામે આંગળી ઉઠાવનાર વ્યક્તિઓ નબળી માનસિકતા અને અપૂરતું જ્ઞાન ના ધરાવે છે.કોણ છે? આ બધા.કહેવાતા તુચ્છ લોકો જેને ખુદનું ભવિષ્ય ખબર નથી એવા અજ્ઞાન લોકોની ફોજ ને જવાબ આપવાનું ટાળીવા માંજ ભલાઈ છે.ભગવાન ના સી.સી.ટીવી કેમેરા માં સંપૂર્ણ વિશ્વ કેદ થતું હોય છે એવું અજ્ઞાની મૂર્ખ લોકોને સમજાવું વ્યર્થ છે.મર્યાદા પુરુષોત્તમ પ્રભુ શ્રીરામ ચંદ્રજી તો પૃથ્વી ના અંત બાદ પણ છે ને રહેવાના.હવા,પાણી અને જમીન સર્વ ઈશ્વર નું અસ્તિત્વ સમજો.રામ સ્મરણ થાય ત્યાં પ્રગટ સ્વરૂપે હનુમાનજી હોય છે. પૂર્ણ પુરૂષોતમ પ્રભુ શ્રી રામચંદ્ર નો જન્મ સરયૂ નદી ના કાંઠે વિકસિત રાજ્ય અયોધ્યા માં થયો છે..

अयोध्या नाम नगरी तत्रासील्लोकविश्रुता |
मनुना मानवेन्द्रेण या पुरी निर्मिता स्वयम् || रामायण

અયોધ્યા નગરી એ સ્વયં સુર્ય દેવના પુત્ર મનું મહરાજ એ વસાવી છે.આ નગરી ની પવિત્રતા ત્રેતા,દ્વાપર, સત્ય યુગ માં અકબધ હતી એનું મુખ્ય કારણ ત્યારે હિન્દુ ધર્મ એટલે શું? એનો સ્વભાવ શું?આચાર વિચાર શું? એ જન જન સ્વીકાર્ય હતું. એ સમય માં હિન્દુઓના લલાટ પર ચમકતી ત્રણ રેખા એ હિન્દુત્વ ની નિશાની હતી.એ સમયમાં સમગ્ર પૂર્વ ભારત એ બિહાર ના નામે પ્રસિદ્ધ હતો એટલે તુલસી દાસ જી એ ચોપાઈ માં "બિહારી" શબ્દ ની ઉલ્લેખ કર્યો છે.

રામાયણ અનુસાર દશરથ રાજા અને કૌશલ્યાજી ને પૂર્વ જન્મ માં સંતાન નહતું એટલે એણે ખૂબ તપ કર્યું દેવ સમાન લક્ષણો વાળા પુત્રની પ્રાપ્તિ માટે. હજારો વર્ષ માત્ર એક સમય અન્ન ખાઈ ને કર્યો,..એ પછી બીજા હજારો વર્ષ માત્ર પાણી પી ને ઉપવાસ કર્યો..હજારો વર્ષ હવા લઈને ઉપવાસ કર્યોઅંતે અન્ન,જલ,હવા નો ત્યાગ કર્યો ને અત્યંત કઠિન ઉપવાસ કર્યો.ભગવાન પ્રસન્ન થયા ત્યારે બન્ને એ દેવ સમાન ગુણો વાળા પુત્ર ની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે ભગવાન એ વરદાન આપતા કહ્યું કે હું સ્વયં તમારે ત્યાં પુત્ર રૂપે પ્રગટ થઈશ..

બીજા જન્મ માં રઘુકુળ વંશ માં રાજા દશરથ અને એની બે પત્ની સાથે કૌશલ્યા રાણી બન્યા. ગુરુ વિશ્વામિત્ર ની સલાહ અનુસાર પુત્ર કામેષ્ટી યજ્ઞ દ્વારા ચરું ની પ્રાપ્તિ થઈ એમાંથી રાજા દશરથ એ બે ભાગ કર્યા હતા. એક ભાગ માંથી બે ભાગ સુમિત્રા અને ક કૈકૈયી વચ્ચે વહેચિયો અને એક આખો ભાગ કૌશલ્યાજી ને આપ્યો.

દશરથ કે દુલારે રામ કૌશલ્યા સુખ નંદન રામ..

ચૈત્ર સુદ નવમી ના બપોરે બાર વાગ્યે અભિજિત મુહૂર્ત માં ભગવાન નું પ્રાગટ્ય થયું હતું. ભગવાન એ શંખ,ચક્ર, પદ્મ, ગદા ધારણ કરી છે,પીળું પીતાંબર, ઝરિયાલ ખેસ, પગ સુધી વનમલા,કમલમલા સાથે સોનાના આભૂષણ ધારણ કર્યાં છે.પૂર્ણ પુરુષોત્તમ શ્રી રઘુનાથજી પૂર્ણ સ્વરૂપે સુતિકા સદન માં પ્રગટ થયા ત્યારે માતા કૌશલ્યા એ પ્રભુ ના શ્રી રૂપ ના દર્શન કર્યા ને ગદ ગદ થતાં કહ્યું કે ભગવાન આપ કેટલા કૃપાળુ છો આપના ભક્તો ની ઈચ્છા પૂર્ણ કરવા બધું કરો છો. પૂર્ણ પુરુષોત્તમ આપની માતા રૂપે જગતમાં પ્રસિધ્ધ થઈશ આહો!!ભાગ્ય મારું એવા કેવા પુણ્ય નો પ્રતાપ છે કે આપની માં બનીશ. કૌશલ્યાજીની આંખ માંથી દડ દડ હર્ષના અશ્રુઓ સરી ને ભગવાન ના ચરણો મા પડી રહિયા છે એ પણ એ ખબર નથી રહેતી. કૌશલ્યા જી ભગવાન સમક્ષ બે હાથ જોડી પ્રાર્થના કરતા કહ્યું કે,

ભયે પ્રગટ કૃપલા દિન દયાલા કૌશલ્યા હિતકારી,
હર્ષિત મહતારી મુનીમન હારી અવધૂત રૂપ બિચારી,

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન એ માતા ના નયન માંથી વહેતા આંસુઓ રોકતા કહ્યું કે માતા આપના પૂર્વ જન્મ ને યાદ કરશો તો યાદ આવશે.પૂર્વ જન્મ માં આપે દેવ જેવા પુત્ર ની પ્રાપ્તિ માટે કઠોર તપશ્ચર્યા પતિ સાથે કરી હતી. તમારા તપ પ્રસન્ન થઈ ને વરદાન આપ્યું હતું કે હું સ્વયં વિષ્ણુ આપનો પુત્ર બની પ્રગટ થઈશ.કૌશલ્યા જી ને પૂર્વ જન્મ નું તપ યાદ આવતા ખૂબ ખુશ થતા ભગવાન ને વિનંતી કરતા કહ્યું કે,

માતા પુની બોલી, સો મતી ડોલી
તજહું તાત યહ રૂપા,
કીજે શિશુલિલા,અતિપ્રિય સિલા,
યહ સુખ પરમ અનુપા.

માતાની વિનંતી સાંભળીને પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ શ્રી રામ ચંદ્ર જી એ તાત્કાલિક તાજા જન્મેલા બાળક નું સ્વરૂપ ધારણ કરીને રડવાનું શરૂ કરી દીધું. બાળક ના રડવા નો અવાજ સાંભળી ને દાઈ સૂતિકા સદન ની અંદર પ્રવેશી ને જોયું તો નીલમણિ બાળક કૌશલ્યા જી ની આગળ રડી રહ્યું હતું.. દાઈ એ અન્ય દાસી ને કૌશલ્યા જી આગળ બેસાડીને થાળી ને વાસ થી વગાડતા વગાડતા રાજા દશરથ આગળ આવીને ખુશ ખબર આપતા બોલી કે : આનંદ ભાયો આનંદ ભયો દશરથ કે ભવન આનંદ ભયો

આનંદ ભયો આનંદ ભયો,..
કા ભયો..

વધાઈ વધાઈ કૌશલ્યા કો પુત્ર ભયો..

રાજા દશરથ ને પ્રથમ તો વિશ્વાસ ના બેઠો એટલે ફરી ફરીને પૂછ્યું દાઈ નો ફરીફરી એક જવાબ સાંભળીને દશરથ રાજા નો આનંદ સમતો નથી એણે પહેરેલ આભૂષણો દાઈ ને આપી ને ઢોલ નગારા પખવાજ માં આખું અયોધ્યા આનંદ ના હિલ્લોળે ચડ્યું.એવું કહેવાય છે કે ભગવાન શ્રી રામચંદ્ર જી ના જન્મ વખતે અયોધ્યા માં લોકો એટલું નાચ્યા હતા કે ભાન ભૂલી ગયા હતા. રાજા દશરથ એના પુત્ર સ્નેહમાં રાજકાજ ભૂલ્યા હતા. બાળલીલા તો ભગવાન એ એવી કરી હતી કે માતા પણ ભુલભુલામણી માં પડી જતી હતી. પુત્ર ને સ્તન પાન કરાવ્યા બાદ હાલરડાં ગાય ને પારણાં મા પોઢાડી ગૃહ કાર્ય માં વ્યસ્ત થઈ ને યાદ આવતું કે જઈને જોવ રામ લલ્લા પોઢે તો છે ને પારણાં મા લલ્લા પોઢીયા હોય પરંતુ મંદિર મા અવાજ આવતા દોડીને જુવે છે તો રામ લાલા પ્રસાદ આરોગતા દીઠે ત્યારે વિચારમાં પડી જાય છે કે આવું કેમ? ભગવાન માતાને પરેશાન નિહાળી ને અદ્રશ્ય થઈ જતાં માં ને મનનો ભ્રમ લાગે છે..

ભગવાન રામ ચંદ્ર જી નો જન્મ તો યુગો પહેલા થયો હતો પરંતુ આજ પણ હનુમાનજી દ્વારા સ્વયં ભગવાન નો પરચો મળીયા કરતો હોય છે.એનું કારણ ચૈત્ર સુદ નવમી ના દિવસે સ્વયં ભગવાન નું પ્રાગટ્ય થયું હતું.ના સમજ એ લોકો છે જેને સ્વયં ઈશ્વર ના દર્શન નથી થતા. અયોધ્યા નું નિર્માણાધિન રામ મંદિર એ પ્રગટ પરચો છે,સ્વયં ભગવાન કેસ લડ્યા અને જીત્યા પણ છે.જે ધર્મ ના પથ પર અગ્રેસર છે એનો એકજ નિર્ધાર હોય છે કે:

રામ કાજ કીયે બીનું મોહે કહા વિશ્રામ.

તુલસીદાસ જી બાળક રામ નું વર્ણન કરતાં કહે છે કે

"તુલસીદાસ અતિ આનંદ દેખી તે મુખારવિંદ રઘુવર છબી કે સમાન રઘુવર છબી બનિયા..

ઘૂંટણિયે ચાલતા બાળ રામચંદ્રની સાથે રાજા દશરથ પણ પકડા પકડીના દાવ માં ઘૂંટણિયે રાજા પણ પાછળ દોડતા હતા.આ દ્રશ્ય નિહાળી ને તુલસીદાસ ના શબ્દ મૌન થઈ ગયા હતા. અચાનક ઉંમર અને અવસ્થા ને લીધે ઘૂંટણિયે ચાલતા ચાલતા થાકેલા પિતા તરફ પ્રભુ એ નજર કરી ને ઉભા રહીને પાછળ ફરીને પિતા તરફ સુંદર સ્મિત કર્યું. આ દ્રશ્ય નિહાળી ને ફરી તુલસીદાસ જી ના મૌન શબ્દો ને વાચા આવી લખ્યું કે ભગવાન ના સ્વરૂપ નું વર્ણન માત્ર ને માત્ર ભગવાન સાથે જ થઈ શકે..

ભગવાન શિવજી પ્રભુ શ્રી રામચંદ્રજી ની સ્તુતિ કરતા રામાયણ ની ચોપાઈ માં કહે છે કે,

"અવધેશ સુરેશ રમેશ વિભો શરણાગત માંગત પાહી પ્રભુ,
જય રામ જય જય રામ જય રામ રાજા રામ,

પ્રભુ શ્રી રામ ભક્ત હનુમાનજી વગર આર્ટિકલ પુરો કરવો અશક્ય છે. જ્યાં પ્રભુ શ્રી રામના ગુણગાન થતાં હોય ત્યાં હનુમાનજી પ્રગટ સ્વરૂપે હાજર હોય છે. એમાં પણ આરાધ્ય દેવ પ્રભુ શ્રી રામચંદ્ર જી નો જન્મ દિવસ હોય ત્યારે એની ખુશી રામ ભક્ત હનુમાનજી ની કેટલી હશે વિચારો:

રામદૂત અતુલિત બલ ધામા અંજની પુત્ર મહા બળવાના
શંકર સ્વયં કેસરી નંદન તેજ પ્રતાપ મહા જગ વંદન..

# રાજકુમાર રાવે લૂક બદલાવવા ચિન ઈમ્પ્લાન્ટ કરાવ્યાની ચર્ચા




મુંબઇ : રાજકુમાર રાવનો બદલાયેલો લૂક વાયરલ થયો છે. તેણે પ્લાસ્ટિક સર્જરી કરાવી હોવાની અટકળો વ્યક્ત થઈ રહી છે. રાજકુમાર રાવ બોલીવૂડનો લોકપ્રિય અભિનતા છે. તેની સાદગી અને નેચરલ એકટિંગથી દર્શકો તેના પર ફિદા છે. અભિનેતા હાલમાં દિલજીત દોસાંજની એક કોન્સર્ટમાં સામેલ થયો હતો ત્યારની તેની તસવીરો અને વીડિયો વાયરલ થતા જ તેના પ્રશંસકો આશ્ચર્યમાં પડી ગયા છે. સીધો સાદો લુક ધરાવતો રાજકુમાર રાવનો દેખાવ અચાનક જ બદલાઈ ગયેલો જણાય છે. રાજકુમાર રાવે પ્લાસ્ટિક સર્જરી કરાવી હોવાનો દાવો સોશયલમીડિયાના યુઝર્સ કરી રહ્યા છે. તેમનુંકહેવું છે કે, રાજકુમાર રાવે ચિન ઈમ્પ્લાન્ટ કરાવી છે. રાજકુમાર રાવના લુકથી તેના પ્રશંસકો નારાજ છે. તેમનું કહેવું છે કે, અભિનેતાએ તેનો ચાર્મ ગુમાવી દીધો છે.તેના દેખાવની સખરામણી ફાઈટરના વિલન ઋષભ સહાની સાથે કરવામાં આવી રહી છે. તો ઘણા તેને અનુષ્કા શર્માના મેલ વર્ઝનકહી રહ્યા છે.આવું કરાવાની તેને શું જરૂર પડી તેવો સવાલ યૂઝર્સ દ્વારા થઈ રહ્યો છે. કેટલાક લોકોએ ટિપ્પણી કરી હતી કે રાજ કુમાર રાવે યાદ રાખવું જોઈએ કે લોકો તેની એક્ટિંગ જોવા માટે આવે છે, તેનો ચહેરો કેવો સૌમ્ય લાગે છે તે જોવા નહીં. તે ગમે તેવી સર્જરી કરાવે પરંતુ ક્યારેય હૃતિક રોશન કે શાહિદ કપૂર જેવો પણ દેખાવાનો નથી.

## કોઇ પણ રાજકીય પાર્ટીને પ્રમોટ નથી કરી રહ્યાં

# આમિર ખાન, વાયરલ થઇ રહેલા વીડિયો વિરુદ્ધ FIR



લોકસભા ચૂંટણી 2024ને હવે ગણતરીના દિવસો જ બાકી છે. આવી સ્થિતિમાં અભિનેતા આમિર ખાનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જેમા આમિર ખાન એક ખાસ પાર્ટીને પ્રમોટ કરતો જોવા મળી રહ્યો છે. જોકે, અભિનેતાએ આ વીડિયોને નકલી ગણાવ્યો છે.આમીર ખાનની ટીમે એક ઓફિશિયલ સ્ટેટમેન્ટ જારી કરતા લખ્યું કે, - 'અમે સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે મિસ્ટર આમિર ખાને તેમની 35 વર્ષની કારકિર્દીમાં ક્યારેય કોઈ રાજકીય પક્ષને સમર્થન આપ્યું નથી. છેલ્લી ઘણી ચૂંટણીઓમાં આમિરે ચૂંટણી પંચના જનજાગૃતિ અભિયાનો દ્વારા જનજાગૃતિ વધારવાનો પ્રયાસ કર્યો છે. અમે હાલમાં જ એક વીડિયો વાયરલ થતો જોયો હતો, જેમાં કહેવામાં આવ્યું છે કે, આમિર ખાન એક ખાસ પાર્ટીનો પ્રચાર કરી રહ્યો છે. આ વીડિયો સંપુર્ણપણ ફેક છે. તેની નોંધ લેવી. તેમણે આ અંગે સંબંધિત અધિકારીઓને જાણ કરી છે. મુંબઈ પોલીસના સાયબર ક્રાઈમ સેલમાં FIR પણ નોંધવામા આવી છે. આમિર ખાને દરેકને મત આપવા અને ચૂંટણી પ્રેસનો ભાગ બનવા વિનંતી કરી છે.'

આમિર ખાનના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તે છેલ્લે ફિલ્મ લાલ સિંહ ચઢ્ઢામાં કરિના કપૂર સાથે જોવા મળ્યો હતો.આ ફિલ્મને સારા રિવ્યુ મળ્યા પરંતુ બોક્સ ઓફિસ પર ફિલ્મ ખાસ કમાલ ન કરી શકી. હવે એક્ટર સિતારે જમીન પર ફિલ્મમાં જોવા મળશે.




# શો મસ્ટ ગો ઓન : સલમાન કોઈ શૂટિંગ નહીં અટકાવે

મુંબઈ : સલમાન ખાને તેના ઘર પર ફાયરિંગના બનાવ પછી પણ ફિલ્મ શૂટિંગ તથા અન્ય ઈવેન્ટસ સહિતના તેના તમામ નિર્ધારિત કમીટમેન્ટસ ચાલુ રાખવાનું નક્કી કર્યું છે. ફાયરિંગના બનાવ બાદ સલમાન સહિત સમગ્ર પરિવારની સિક્યુરિટી વધારવામાં આવી છે. સલમાન તેના પરિવાર સાથે બાન્દ્રાનું ગેલેક્સી એપાર્ટમેન્ટ છોડી પનવેલ ફાર્મ હાઉસ અથવા તો અન્યત્ર રહેવા જતો રહે તેવી પણ ચર્ચા છે. જોકે, સલમાને પોતાની ટીમને સાફ સાફ જણાવી દીધું છે કે આગામી દિવસોમાં કોઈ શૂટિંગ શિડયૂલ કેન્સલ કરવાનું નથી. કોઈ ઈવેન્ટમાં હાજરી, બ્રાન્ડ પ્રમોશન વગેરે જે પણ કમિટમેન્ટસ આપ્યાં છે તેનું પૂરેપૂરું પાલન કરવાનું છે. સલમાન એવી છાપ સર્જવા પ્રયાસ કરી રહ્યો છે કે આ ફાયરિંગની ઘટનાથી તેના પેટનું પાણી પણ હલ્યું નથી.

**શિડયૂલમાં કોઈ ફેરફાર નહીં કરવા ટીમને સૂચના**

## પૃથ્વીરાજ પછી અક્ષયની વધુ એક મેગા ફ્લોપ

# અક્ષયન બડે મિયાં પહેલા વીક એન્ડમાં 50 કરોડે માંડ પહોંચી



મુંબઇ : અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' પહેલા વીક એન્ડમાં ૫૦ કરોડના કલેક્શન પર પહોંચવામાં જ હાંફી ગઈ છે. આ ફિલ્મ 'સમ્રાટ પૃથ્વીરાજ' પછી અક્ષયની વધુ એક મેગા ફલોપ પુરવાર થાય તેવી સંભાવના છે. તેના કારણે અક્ષયની કારકિર્દી પર પ્રશ્નાર્થ મૂકાઈ ગયો છે. ઈદની રજાને ધ્યાનમાં રાખીને ૨૫૦૦ સ્ક્રીન્સ પર આ ફિલ્મન રીલિઝ કરાઈ હતી. એક જમાનામાં અક્ષયની ફિલ્મ પહેલા જ દિવસે પચ્ચીસથી ૩૦ કરોડનું ઓપનિંગ લેતી હતી. તેને બદલે આ ફિલ્મને પહેલા દિવસે ૧૨થી ૧૫ કરોડની કમાણી પણ માંડ થઈ હતી. ટ્રેડ વર્તુળોના જણાવ્યા અનુસાર આ આંકડા પણ કોર્પોરેટ બૂકિંગના કારણએ હતા કારણ કે થિયેટર્સમાં ઓક્યુપેન્સી માંડ ૩૫થી ૫૦ ટકા જ હતી. તે પછી શનિ-રવિમાં પણ ફિલ્મની કમાણી ફિક્કી રહી છે. રવિવાર જેવા દિવસે પણ બપોરના શોમાં માંડ ૨૦ ટકા થિયેટર ભરાયું હતું. તે પરથી આ ફિલ્મ બહુ મોટું ડિઝાસ્ટર પૂરવાર થશે તેવી આશંકા વ્યક્ત થઈ રહી છે. આ ફિલ્મની સૌથી વધુ કમાણી ઉત્તર પ્રદેશ અને દિલ્હી એનસીઆરથી છે. પરંતુ મુંબઈ,કાજસ્થાન, બિહાર, મધ્ય પ્રદેશ અને ગુજરાતમાં આ ફિલ્મે પછાટ ખાધી છે. પાછલાં બે-ત્રણ વર્ષમાં અક્ષયે ભાગ્યે જ કોઈ હિટ ફિલ્મ આપી છે. તેની 'સમ્રાટ પૃથ્વીરાજ' પણ જંગી બજેટમાં બનેલી હતી અને માંડ બે-ચાર દિવસમાં ટિકિટબારી પર ફસડાઈ પડી હતી.

# પૂજા હેગડે મુંબઈમાં 45 કરોડનાં નવાં ઘરમાં શિફ્ટ થઈ



મુંબઈ: બોલીવૂડ ઉપરાંત સાઉથની ફિલ્મોમાં પણ સક્રિય એક્ટ્રેસ પૂજા હેગડે મુંબઈમાં તેના ૪૫ કરોડનાં નવાં ઘરમાં શિફ્ટ થઈ ગઈ હોવાનું કહેવાય છે. પૂજા હેગડેએ તાજેતરમાં બાન્દ્રામાં ૪૦૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલું આ ઘર ખરીદ્યું હતું. આ ઘર સીફેસિંગ છે. તેની નજીકમાં જ બીજા ટોચના સ્ટાર્સનાં ઘર આવેલાં છે. પૂજા બોલીવૂડની બહુ સકસેસફૂલ સ્ટાર ગણાતી નથી. જોકે, તેણે સાઉથમાં અનેક હિટ ફિલ્મો આપી છે. પૂજા તાજેતરમાં સ્વ. વિનોદ મહેરાના પુત્ર રોહન સાથે દેખાઈ હતી. તે પરથી બંને વચ્ચે ડેટિંગ ચાલી રહ્યું હોવાની અટકળો પ્રસરી હતી. જોકે, પૂજા અથવા તો રોહને આ વિશે કોઈ સ્પષ્ટતા કરી નથી. આ અગાઉ પૂજા મુંબઈના એક ક્રિકેટર સાથે રિલેશનશિપમાં હોવાનું પણ ચર્ચાયું હતું. પૂજાની આગામી ફિલ્મ શાહિદ કપૂર સાથેની 'દેવા' છે. આ ઉપરાંત તેની 'સનકી' નામની નવી ફિલ્મ પણ આવવાની છે.



# PRIYAMANI IYER

# મારા પર જ નહીં, મારી ફૅમિલી પર પણ એની અસર થઈ હતી

અજય દેવગનની 'મૈદાન'માં જોવા મળેલી પ્રિયામણિનું કહેવું છે કે ઇન્ટરફેથ લગ્નને લઈને તેને જે રીતે ટ્રોલ કરવામાં આવી હતી એની અસર તેની સાથે તેની ફૅમિલી પર પણ પડી હતી. પ્રિયામણિએ ૨૦૧૭ની ૨૩ ઑગસ્ટે મુસ્તફા રાજ સાથે લગ્ન કર્યાં હતાં. તેનાં લગ્ન બાદ તેને ખૂબ જ ટ્રોલ કરવામાં આવી હતી. 'ધ ફૅમિલી મૅન'ને કારણે જાણીતી થયેલી પ્રિયામણિ આ વિશે કહે છે, 'સાચું કહું તો એની અસર મારા પર પડી હતી. હું જ નહીં, પરંતુ મારી ફૅમિલી પર પણ પડી હતી અને એમાં પણ ખાસ કરીને મારાં મમ્મી અને પપ્પા પર. જોકે મારો પતિ મારી સાથે દરેક પળે ઊભો હતો. તેણે કહ્યું હતું કે તારા પર આવતી દરેક મુશ્કેલી પહેલાં મારા પર આવશે. તેણે મને દરેક મુશ્કેલીમાં બસ, તેનો હાથ પકડી રાખવા કહ્યું હતું. મને ખુશી છે કે મને આવો સપોર્ટિંગ હસબન્ડ મળ્યો.'

# તારક મહેતાની 'સોનુ' ઉર્ફે પલક સિધવાનીએ 26માં જન્મદિવસ પર ખરીદી લક્ઝરી કાર...

અભિનેત્રી પલક સિધવાની ટીવીની લોકપ્રિય સીરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં સોનુનું પાત્ર ભજવી રહી છે. લોકો સોનુને ખૂબ પસંદ કરે છે. અભિનેત્રીએ હાલમાં જ તેનો 26મો જન્મદિવસ ઉજવ્યો હતો. પલક પણ તેના ખાસ દિવસે પોતાને એક ખાસ ભેટ આપી છે જેની એક ઝલક તેણે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરીને બતાવી છે. પલક સિધવાનીએ 26માં જન્મદિવસ પર પોતાને એક કાર ગિફ્ટ કરી છે. આ વાતની જાણકારી ખુદ પલક એ પોતાના ફેન્સને આપી છે. અભિનેત્રીએ તેના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો પણ પોસ્ટ કર્યો છે. અભિનેત્રીએ આ



વીડિયોમાં પોતાની ખુશી વ્યક્ત કરી છે.વીડિયોમાં પલકે કાર ખરીદવાથી લઈને તેને ચલાવવા સુધીની સફર બતાવી છે. વીડિયોમાં સૌથી પહેલા પલક પેપર્સ પર સહી કરતી જોવા મળે છે. ત્યાર બાદ તે પોતાની કારનો ખોલે છે. આ દરમિયાન તેની સાથે તેના માતા-પિતા અને ભાઈ પણ જોવા મળે છે. વીડિયોમાં પલકનો અવાજ સાંભળી શકાય છે. આ વીડિયોમાં પલક કહે છે કે, મેં મારી બીજી કાર ખરીદી છે. હા, તે બહુ મોંઘી નથી પરંતુ ખૂબ જ ખાસ છે.પલક આગળ જણાવે છે કે, કારણ કે માતાને છત જોઈતી હતી અને પિતાને મોટી કાર જોઈતી હતી. ભાઈ અને હું બંને માટે ખુશ છીએ. આજે હું વધુ એક વર્ષ મોટી થઈ છું પણ આજે મને સમજાયું છે કે મારી સાચી ખુશી મારા લોકોના સુખમાં છે. હું તેમને મારા આખા જીવનમાં ખુશ જોવા માંગુ છું.

# 'અમે બંને એક જ છીએ...', ભૂમિ પેડનેકરની બહેને સર્જરી મુદ્દે ટ્રોલ્સનો લીધો ક્લાસ





બોલિવૂડ એક્ટ્રેસ ભૂમિ પેડનેકરની બહેન સમિક્ષા પેડનેકર સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. તે ઈન્સ્ટાગ્રામ પર પોતાની સાથે જોડાયેલી કેટલીક પોસ્ટ શેર કરતી રહે છે. તેની સરખામણી તેની બહેન ભૂમિના દેખાવ સાથે કરવામાં આવે છે. આ દરમિયાન સમિક્ષા હવે તેના લુકના કારણે ટ્રોલના નિશાના પર બની છે અને તેના પર પ્લાસ્ટિક સર્જરીનો આરોપ લાગ્યો છે. તેના પર તેણે ટ્રોલ્સને પણ જડબાતોડ જવાબ આપ્યો છે.

હકીકતમાં સમિક્ષા પેડનેકરે તેનો એક મેકઅપ ટ્યુટોરિયલ વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. આમાં તે તેની બહેન ભૂમિ પેડનેકર સાથે મેકઅપ કરતી જોવા મળી રહી છે. હવે તેનો વીડિયોમાં જોઈને લોકો મૂંઝવણમાં છે કે કોણ છે ભૂમિ? બંને એક સરખા દેખાતા હોવાથી ફેન્સ ટ્રોલ કરી રહ્યા છે અને કહી રહ્યા છે કે પેડનેકર બહેનોએ પ્લાસ્ટિક સર્જરી કરાવી છે. હવે આ બાબતે સમિક્ષા ગુસ્સે થઈ ગઈ અને હંગામો જોઈને તેણે કોમેન્ટ બોક્સમાં જ યોગ્ય જવાબ આપીને તમામની બોલતી બંધ કરી છે.હવે સમીક્ષાએ પ્લાસ્ટિક સર્જરીના મુદ્દે ગુસ્સો વ્યક્ત કર્યો છે. ટ્રોલ્સ પર ક્લાસ લેતી વખતે તેણે લખ્યું હતું કે, 'કયું પ્લાસ્ટિક?' આ સાથે તેણે અન્ય યુઝરની કમેન્ટ પર એવી પ્રતિક્રિયા આપી કે બધાની બોલતી બંધ થઈ ગઈ હતી. તેણે લખ્યું કે, 'અમે બંને એક જ માતા-પિતાના સંતાન છીએ તેથી અમે એક સરખા દેખાઈએ છીએ તેનો અર્થ એ નથી કે સર્જરી થઈ ગઈ છે.'જો કે, ભૂમિ પેડનેકરના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ, તો તે છેલ્લે ક્રાઈમ થ્રિલર ફિલ્મ 'ભક્ષક'માં જોવા મળી હતી. તે 2024ની શરૂઆતમાં 9 ફેબ્રુઆરી 2024ના રોજ OTT પર સ્ટ્રીમ થવાનું છે. તેનું નિર્દેશન પુલકિતે કર્યું હતું. ગૌરી ખાન તેની નિર્માતા છે. આ ફિલ્મમાં ભૂમિ ઉપરાંત સંજય મિશ્રા, આદિત્ય શ્રીવાસ્તવ અને સાઈ તામ્હંકર પણ છે. અભિનેત્રીએ પણ આ ફિલ્મથી ઓટીટી ડેબ્યુ કર્યું હતું. હવે ટૂંક સમયમાં જ ભૂમિ પેડનેકર 'ધ લેડી કિલર' અને 'આફવાહ' જેવી ફિલ્મોમાં જોવા મળવાની છે.

# હૈદરાબાદ હાઇ-સ્કોરિંગ મેચ 25 રનથી જીત્યું



એજન્સી હૈદરાબાદ તા 16

હૈદરાબાદે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ના ઈતિહાસમાં સૌથી વધુ સ્કોર કરનારી મેચ 25 રને જીતી લીધી હતી. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી હતી. SRHએ 20 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને 287 રન બનાવ્યા હતા. RCBએ બીજા દાવમાં પણ 7 વિકેટ ગુમાવીને 262 રન બનાવ્યા હતા પરંતુ મેચ હારી ગઈ હતી. મેચમાં કુલ 549 રન બન્યા હતા, જે T20ના ઈતિહાસમાં સૌથી વધુ છે. આ પહેલાં, SRH અને MI વચ્ચેની મેચમાં 523 રન બનાવ્યા હતા. SRHએ IPLનો સર્વોચ્ચ સ્કોર બનાવ્યો, ટીમે પોતાનો જ 19 દિવસ જૂનો રેકોર્ડ તોડ્યો હતો. 27 માર્ચે ટીમે MI સામે 277 રન બનાવ્યા હતા. SRH તરફથી ટ્રેવિસ હેડે 39 બોલમાં સદી ફટકારી હતી, તેણે 41 બોલમાં 102 રન બનાવ્યા હતા. હેનરિક ક્લાસેને 67 રન અને અબ્દુલ સમદે 37 રન બનાવ્યા હતા. લોકી ફર્ગ્યુસને 2 વિકેટ લીધી હતી.

RCB તરફથી દિનેશ કાર્તિકે 35 બોલમાં 83 રન બનાવ્યા હતા. ફાફ ડુ પ્લેસિસે 62 રન અને વિરાટ કોહલીએ 42 રનનું યોગદાન આપ્યું હતું. SRH તરફથી કેપ્ટન પેટ કમિન્સે 3 અને મયંક માર્કંડેએ 3 વિકેટ ઝડપી હતી.

# દિનેશ કાર્તિકે 108 મીટરની સિક્સર ફટકારી



હૈદરાબાદ તા 16

સોમવારે રાત્રે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) માં SRH એ હાઈ-સ્કોરિંગ મેચમાં RCBને 25 રનથી હરાવ્યું. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી હતી. SRH એ 20 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને 287 રન બનાવ્યા હતા. RCBએ બીજા દાવમાં પણ 7 વિકેટ ગુમાવીને 262 રન બનાવ્યા હતા પરંતુ મેચ હારી ગઈ હતી. SRHના ટ્રેવિસ હેડે 39 બોલમાં સદી ફટકારી હતી, તેણે 41 બોલમાં 102 રન બનાવ્યા હતા. આરસીબી તરફથી દિનેશ કાર્તિકે 35 બોલમાં 83 રન બનાવ્યા હતા. તેણે 108 મીટરની સિક્સ પણ ફટકારી હતી. સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી 20 બોલમાં માત્ર 42 રન બનાવી શક્યો હતો, તે મયંક માર્કંડેના હાથે બોલ્ડ થયો હતો. કેપ્ટન ડુપ્લેસીસની ભૂલને કારણે વિલ જેક્સ રનઆઉટ થયો હતો. મેચ મોમેન્ટ્સ... 1. હેડે ચોગ્ગો ફટકારીને સદી ફટકારી હતી SRH માટે સદી ફટકારનાર ઓપનર ટ્રેવિસ હેડે ચોગ્ગો ફટકારીને ફિફ્ટી ફટકારી હતી. વિજયકુમાર વૈશાખે 12મી ઓવરના ચોથા બોલ પર ફુલ લેન્થ બોલ ફેંક્યો હતો. જે હેડે લોંગ ઓન તરફ રમ્યો અને માત્ર 39 બોલમાં પોતાની સદી પૂરી કરી હતી. હેનરિક ક્લાસને RCB સામે 106 મીટરમાં સિક્સ ફટકારી હતી. 17મી ઓવરના બીજા બોલ પર ક્લોસલાને લોકી ફર્ગ્યુસનના આગળના બોલ પર સીધી સિક્સર ફટકારી હતી. આ IPL 2024માં બીજી સૌથી લાંબી સિક્સ સમાન છે. આ પહેલાં નિકોલસ પૂરન અને વેંકટેશ અય્યર પણ આ સિઝનમાં 106 મીટરની સિક્સર ફટકારી ચૂક્યો છે. પૂરને બેંગલુરુના મેદાન પર જ RCB સામે આ સિક્સર ફટકારી હતી. આ જ મેચમાં ત્રણેય બેટ્સમેનોના રેકોર્ડ તોડી નાખ્યો હતો. ક્લાસેનની વિકેટ પછી, એડન માર્કરામે 18મી ઓવરના બીજા બોલ પર યશ દયાલના ફુલ ટોસને શોર્ટ થર્ડ-મેન માટે ખોટી રીતે દર્શાવ્યો.

### માર્કરમની વિકેટ મળી, અમ્પાયરે નો બોલ આપ્યો

ટીમે તરત જ વિકેટનું સેલિબ્રેટ કરવા લાગી હતી, પરંતુ ફિલ્ડ અમ્પાયરે નો-બોલનો ઈશારો કર્યો હતો, તેથી માર્કરામ 17 બોલમાં 32 રન બનાવ્યા બાદ અંત સુધી અણનમ રહ્યો હતો અને અબ્દુલ સમદની 10 બોલમાં 37 રનની શાનદાર ઈનિંગની મદદથી ટીમનો સ્કોર 287/7 થયો હતો. બોર્ડ પર તેને તેના અગાઉના સ્કોરને 3 પોસ્ટ કરવામાં સરળતાથી મદદ કરી.

### માર્કંડેએ કોહલીને બોલ્ડ કર્યો

SRH સ્પિનર મયંક માર્કંડેએ RCBના ઓપનર વિરાટ કોહલીને બોલ્ડ કર્યો હતો. માર્કંડેએ 7મી ઓવરના બીજા બોલ પર ધીમી ગુગલી ફેંકી હતી. વિરાટ કોહલી સ્વિપ કરવા ગયો, પણ ચૂકી ગયો. આ કારણે બોલ સીધો સ્ટમ્પ પર ગયો. મયંક માર્કંડેએ કુલ 2 વિકેટ ઝડપી હતી. RCBના બેટર દિનેશ કાર્તિકે 108 મીટરની સિક્સ ફટકારી હતી.

### વિલ જેક્સ ડુપ્લેસીસના શોટથી નોન-સ્ટ્રાઈક પર આઉટ થયો હતો

વિલ જેક્સે કોઈ ભૂલ કર્યા વગર પોતાની વિકેટ ગુમાવી દીધી હતી. જયદેવ ઉનડકટે તેને તેના જ બોલ પર પેવેલિયન પરત મોકલી દીધો હતો. ઉનડકટે 8મી ઓવરમાં ધીમો બોલ ફેંક્યો હતો. બોલ ઓફ સ્ટમ્પની બહાર ગયો અને સ્ટ્રાઈક પર બેટિંગ કરી રહેલા ફાફ ડુ પ્લેસિસે તેને સીધો ટાઈમિંગ સાથે રમ્યો. જો કે, બોલ સ્ટમ્પને અથડાતા પહેલાં ઉનડકટની જમણી હથેળીમાં વાગ્યો હતો. તે સમયે જેક્સ સારી રીતે ક્રિઝની બહાર હતો. તે 4 બોલમાં 7 રન બનાવીને આઉટ થયો હતો. આઉટ થયા પછી, ડુ પ્લેસિસે આક્રમક રીતે તેની નિરાશા વ્યક્ત કરી, જ્યારે ઉનડકટ ખુશ હતો અને તેના ચહેરા પર સ્મિત હતું.

# પેરિસ ઓલિમ્પિકમાં ટ્રેકનો કલર પર્પલ હશે:ટોક્યોમાં લાલ હતો



એજન્સી પેરિસ તા 16

પેરિસ ઓલિમ્પિકમાં ટ્રેક આ વખતે પર્પલ કલર હશે. સામાન્ય રીતે ટ્રેક લાલ રંગમાં હોય છે. ટોક્યોમાં આયોજિત ઓલિમ્પિક ગેમ્સનો ટ્રેક લાલ રંગનો હતો. પેરિસ ઓલિમ્પિકમાં એથ્લેટિક્સ સ્પર્ધાના પ્રભારી ભૂતપૂર્વ ઓલિમ્પિયન એલેન બ્લોન્ડેલે કહ્યું છે કે ટ્રેકને પર્પલ કલર આપવાનું કારણ એ છે કે જાંબુડિયા પેરિસ ઓલિમ્પિક ગેમ્સના રંગોમાંનો એક છે. તાજેતરમાં ઓલિમ્પિક એસોસિયેશને પેરિસ ઓલિમ્પિક ગેમ્સ માટે ત્રણ રંગો પસંદ કર્યા હતા. જેમાં ગુલાબી, વાદળી અને જાંબલી રંગોનો સમાવેશ થતો હતો. ઈટાલીમાં ટ્રેક સામગ્રી તૈયાર કરવામાં આવી છે ઈટાલીમાં પેરિસ ઓલિમ્પિકના એથ્લેટિક્સ ટ્રેકની મટિરિયલ તૈયાર કરવામાં આવી છે. મોન્ડો, એક કંપની જે 1976 થી ઓલિમ્પિક માટે ટ્રેક તૈયાર કરી રહી છે, તે માને છે કે ટ્રેક પહેલા કરતા વધુ સારા હશે. તેનાથી ખેલાડીઓને તેમનું પ્રદર્શન સુધારવામાં મદદ મળશે. ટોક્યો ઓલિમ્પિકમાં ત્રણ વર્લ્ડ રેકોર્ડ બન્યા હતા ટોક્યો ઓલિમ્પિકમાં એથ્લેટિક્સમાં ત્રણ વર્લ્ડ રેકોર્ડ અને 10 ઓલિમ્પિક રેકોર્ડ બનાવવામાં આવ્યા હતા. પેરિસ ઓલિમ્પિકમાં એથ્લેટિક્સ સ્પર્ધાના પ્રભારી એલેન બ્લોન્ડેલે કહ્યું કે ટોક્યો કરતાં પેરિસમાં વધુ રેકોર્ડ બનશે. પેરિસ ઓલિમ્પિક 26 જુલાઈથી શરૂ થશે પેરિસ ઓલિમ્પિક 26 જુલાઈથી 11 ઓગસ્ટ વચ્ચે યોજાવાની છે. ટોક્યોમાં ભારતને પ્રથમ વખત એથ્લેટિક્સમાં ગોલ્ડ મેડલ મળ્યો છે. નીરજ ચોપરાએ ઓલિમ્પિક ટ્રેક એન્ડ ફિલ્ડમાં જેવલિન થ્રોમાં ભારત માટે પહેલો મેડલ જીત્યો હતો.

# લેવરકુસેન બુંદેશલીગામાં ચેમ્પિયન

120 વર્ષ જૂની બાયર લેવરકુસેન ક્લબે લીગની એક મેચમાં એસવી વેડર બ્રેમેનને 5-0ના મોટા માર્જિનથી હરાવીને ટ્રોફી પોતાના નામે કરી લીધી હતી. મેચની અંતિમ વ્હિસલ વાગવાની સાથે હજારો સમર્થકો ગ્રાઉન્ડમાં ઘૂસી ગયા હતા અને ગોલપોસ્ટની નેટ કાપીને સુવેનિયર તરીકે પોતાની સાથે લઈ ગયા હતા. લેવરકુસેને 29 મેચ બાદ પોતાનું ટોચનું સ્થાન હાંસલ કરી લીધું હતું. હજુ તેને પાંચ મુકાબલા રમવાના બાકી છે. 1904માં બાયર લીગાનું ટાઇટલ જીતી શકી નહોતી. અગાઉ પાંચ વખત તેને બીજા સ્થાન સાથે સંતોષ માનવો પડયો હતો.

# RCB ને મોટો ઝટકો, આખી સીઝનથી બહાર થયો ખેલાડી



એજન્સી બેંગ્લોર તા 16

આઈપીએલ 2024માં સતત હારથી પરેશાન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની ટીમનું ટેન્શન વધ્યું છે. ટીમના સ્ટાર ઓલરાઉન્ડરે આઈપીએલ 2024માંથી બ્રેક લીધો છે. જો કે આ ખેલાડીનું આ સીઝનમાં પરફોર્મન્સ પણ ઘણું ખરાબ રહ્યું હતું.

ખરાબ પરફોર્મન્સની સામે ઝઝૂમી રહેલા મેક્સવેલે આઈપીએલ 2024 સીઝન-17માંથી બ્રેક લીધો છે. શનિવાર 15 માર્ચે આઈપીએલ 2024માં 30મી મેચ આરસીબી અને હૈદરાબાદની વચ્ચે રમાશે. આ મેચમાં મેક્સવેલ રમ્યા ન હતા. અહીં મેક્સવેલ બાહર બેઠેલા પણ જોવા મળ્યા નહીં. આઈપીએલ 2024માં રહ્યું ખરાબ પરફોર્મન્સ

આ સીઝનમાં મેક્સવેલ ખરાબ પરફોર્મન્સમાં જોવા મળ્યા. આ મેચમાં મેક્સવેલ ટીમને નિરાશ કરતા જોવા મળ્યા હતા. એક પણ મેચમાં તેમની બેટિંગમાં કોઈ સારો સ્કોર મળ્યો ન હતો. આ પછી મેક્સવેલ પર પણ સવાલો થઈ રહ્યા હતા. આ સીઝનમાં મેક્સવેલે 6 મેચ રમી છે જેમાં તેઓએ 5.33ની સરેરાશ અને 94.11ના સ્ટ્રાઈક રેટથી ફક્ત 32 રન બનાવ્યા હતા. આ સમયે મેક્સવેલ 3 વાર ડક આઉટ પણ થયા.આઈપીએલ 2024ના બ્રેક લેતા પહેલા ગ્લેન મેક્સવેલે કહ્યું કે આ મારા માટે સરળ નિર્ણય હતો કે હવે મારી જગ્યાએ ટીમમાં કોઈ અન્યને અવસર આપવામાં આવે. મારા માટે પોતાને થોડી માનસિક અને શારીરિક આરામની જરૂર છે. આરસીબીને માટે આ સીઝન ઘણી ખરાબ રહી છે. ટીમ અત્યાર સુધી 7માંથી 6 મેચ હારી છે. આરસીબીને અત્યાર સુધી ફક્ત 1 જીત મળી છે. પોઈન્ટ ટેબલની વાત કરીએ તો ટીમ સૌથી નીચે 10મા સ્થાને છે.

# RCB ટીમને હાર અપાવનાર ખેલાડીઓથી પ્રશંસકો નારાજ



એજન્સી નવી દિલ્હી તા 16

IPL 2024ની 30મી મેચમાં પ્રશંસકોને રનનો વરસાદ જોવા મળ્યો. સન રાઈઝર્સ હૈદરાબાદે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે આઈપીએલ ઈતિહાસમાં સૌથી વધુ સ્કોર (287 રન) બનાવ્યો હતો. જેનો પીછો કરતા RCB ટીમને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. આ હારથી આરસીબીના પ્રશંસકો ખૂબ જ નિરાશ થયા છે. જ્યાં એક તરફ પ્રશંસકો આરસીબીની હાર માટે બોલરોને જવાબદાર ઠેરવી રહ્યા છે, તો બીજી તરફ તેઓ કેટલાક બેટ્સમેનો પર પણ ગુસ્સે છે. રીસ ટોપ્લે આ મેચમાં RCBના રૂ. 1.90 કરોડના બોલર રીસ ટોપ્લેએ પોતાની બોલિંગથી નિરાશ કર્યો હતો. તેણે 4 ઓવરમાં 17ની ઈકોનોમી સાથે 68 રન આપ્યા હતા. તે આરસીબીને સફળતા પણ અપાવી શક્યો ન હતો. તે પાવરપ્લેમાં પણ ઘણો ખર્ચાળ સાબિત થયો હતો. જેના કારણે સન રાઈઝર્સ મોટો સ્કોર બનાવવામાં સફળ રહી હતી. ટોપ્લીને માત્ર એક જ વિકેટ મળી હતી. આ પછી તે ખાલી ıથ રહ્યો. પ્રશંસકોને આ હાઈપ્રોફાઈલ ક્રિકેટર પર ઘણો વિશ્વાસ હતો, પરંતુ વિલ જૈક્સે શરમજનક પ્રદર્શન કર્યું. હતા, જ્યારે બેટિંગમાં તે 4 બોલમાં માત્ર એક ચોગ્ગો ફટકાર્યા બાદ 7 રન બનાવીને આઉટ થયો હતો.

# હાર્દિક પંડ્યાએ ધોનીના વખાણ કર્યા



એજન્સી મુંબઈ તા 16

મુંબઈ ઈન્ડિયન્સ (MI) હાર્દિક પંડ્યાએ રવિવારે મેચ બાદ ચેન્નઈ સુપર કિંગ્સ (CSK)ના ભૂતપૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીની પ્રશંસા કરી હતી. CSK એ રવિવારે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2024ની 29મી મેચમાં MIને 20 રને હરાવ્યું હતું. પંડ્યાએ ચેન્નઈ સામેની મેચમાં હાર બાદ કહ્યું, 'આ એક ટાર્ગેટ હતું જે અમારે ચોક્કસપણે ચેઝ કરવો જોઈતો હતો, પરંતુ તેઓએ ખૂબ જ સારી બોલિંગ કરી, જેમાં મથિશ પથિરાનાએ સૌથી મોટો ડિફરન્સ રહ્યો. CSK તેમના પ્લાન અને મેચ દરમિયાન તેમને કેવી રીતે અમલમાં મૂકવું તે વધુ સારી દેખાતી હતી. તેમની પાસે વિકેટની પાછળ એક વ્યક્તિ છે જે તેમને કહેતો રહે છે કે આ વિકેટ પર શું કરવું જોઈએ અને આ બોલરોને ઘણી મદદ કરે છે. તેણે આગળ કહ્યું, 'આ પિચ પર બોલ થોડો બ્રેક કરીને આવી રહ્યો હતો. અમારે સારી બેટિંગ કરવી જોઈતી હતી. પથિરાના બોલિંગ કરવા આવ્યો ત્યાં સુધી અમે ટાર્ગેટને ચેઝ કરતા સારી શરૂઆત કરી હતી. તેણે આવતાની સાથે જ 2 વિકેટ ઝડપી હતી. ધોનીએ છેલ્લી ઓવરમાં સતત ત્રણ સિક્સર ફટકારી ચેન્નઈની ઈનિંગની 20મી ઓવરમાં ધોની બેટિંગ કરવા આવ્યો હતો. તેણે છેલ્લા ચાર બોલ રમ્યા અને હાર્દિક પંડ્યાની ઓવરમાં 20 રન બનાવ્યા. આ સમયગાળા દરમિયાન તેણે તેના પ્રથમ ત્રણ બોલ પર સતત ત્રણ છગ્ગા ફટકાર્યા હતા. આ પછી ચોથા બોલ પર બે રન લેવામાં આવ્યા હતા. આ સાથે ચેન્નઈનો સ્કોર 206 રન સુધી પહોંચી શક્યો હતો. CSKના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે મેચ બાદ કહ્યું, 'તે યંગ વિકેટકીપર (ધોની)ની ત્રણ છગ્ગાએ અમને ઘણી મદદ કરી. આ ત્રણ છગ્ગા આખરે જીત અને હાર વચ્ચેનો તફાવત બની ગયા. આ પ્રકારની પિચ પર અમને તે વધારાના 10-15 રનની જરૂર હતી. જસપ્રીત બુમરાહે સારી બોલિંગ કરી. રવિવારે વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈએ ટૉસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. ચેન્નઈએ 20 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 206 રન બનાવ્યા હતા. મુંબઈ 6 વિકેટના નુકસાને 186 પ્રદર્શન માટે તેને પ્લેયર ઑફ ધ મેચનો અવોર્ડ મળ્યો. એમએસ ધોનીએ પણ છેલ્લા 4 બોલમાં 3 છગ્ગા ફટકારીને અણનમ 20 રન બનાવ્યા હતા.

# કોહલીએ રચ્યો ઇતિહાસ, IPLમાં રેકોર્ડ તોડ્યો



એજન્સી બેંગ્લોર તા 16

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે રમાઈ રહેલી મેચમાં વિરાટ કોહલીએ એક મોટો રેકોર્ડ તોડ્યો છે. વિરાટ કોહલીએ આ મેચમાં 3 બાઉન્ડ્રી ફટકારીને IPLનો મોટો રેકોર્ડ બનાવ્યો હતો. આ પહેલા આ રેકોર્ડ શિખર ધવનના નામે હતો. આ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમને 288 રનનો ટાર્ગેટ મળ્યો છે.

વિરાટ કોહલીએ IPLમાં ઈતિહાસ રચ્યો છે સનરાઈઝર્સ હૈદરાબાદ સામે રમાઈ રહેલી મેચમાં વિરાટ કોહલીએ 20 બોલમાં 42 રનની ઈનિંગ રમી હતી. આ દરમિયાન તેણે 6 ફોર અને 2 સિક્સર ફટકારી હતી. આ સાથે, IPLમાં તેનો કુલ સ્કોર 926 બાઉન્ડ્રી (ચોક્કા + છગ્ગા) પર પહોંચી ગયો છે અને તે IPLમાં સૌથી વધુ બાઉન્ડ્રી ફટકારનાર બેટ્સમેન બની ગયો છે. આ યાદીમાં શિખર ધવન બીજા સ્થાને છે. શિખર ધવને આઈપીએલમાં અત્યાર સુધી 920 બાઉન્ડ્રી ફટકારી છે.વિરાટ કોહલીના હવે T20 ક્રિકેટમાં 12355 રન છે. તેણે T20 ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવવાના મામલે એલેક્સ હેલ્સને પાછળ છોડી દીધા છે. વિરાટ કોહલી હવે ચોથા નંબર પર આવી ગયો છે. એલેક્સ હેલ્સના નામે T20 ક્રિકેટમાં 12,319 રન છે.

# કેન્ડિડેટ્સ ચેસમાં વિદિતને હરાવી ગુકેશ ફરીથી સંયુક્ત લીડમાં સામેલ થયો



લંડન તા 16

આઠમાં રાઉન્ડની બે બાજીમાં પરિણામ આવ્યા, બે ડ્રો રહી ડી ગુકેશે વિદિત ગુજરાતીને 39 ચાલમાં હરાવીને વિજય હાંસલ કર્યો આ વિજય સાથે ગુકેશ પાંચ પોઈન્ટ સાથે વધુ એક વખત સંયુક્ત લીડમાં સામેલ ફિડે કેન્ડિડેટ્સ ચેસમાં હવે બીજા રાઉન્ડના મુકાબલા શરૂ થઈ ચૂક્યા છે. 14 રાઉન્ડની ટૂર્નામેન્ટમાં આઠમો રાઉન્ડ રમાયો હતો જેમાં બે બાજીનું પરિણામ આવ્યું હતું અને બે બાજી ડ્રો રહી હતી. ભારતે સૌથી મોટું પરિણામ મળ્યું હતું. ડી ગુકેશે બ્લેક મહોરાંથી ઈટાલિયન ઓપનિંગમાં ભારતના અન્ય ખેલાડી વિદિત ગુજરાતીને 39 ચાલમાં હરાવીને વિજય હાંસલ કર્યો હતો. આ વિજય સાથે ગુકેશ પાંચ પોઈન્ટ સાથે વધુ એક વખત સંયુક્ત લીડમાં સામેલ થઈ ગયો છે. રશિયાના યાન નેપોમનિશિન સામે અજરબેજાનના નિજત અબાસોવે મુકાબલો ડ્રો કરતાં ગુકેશને ફાયદો થયો હતો. હવે નેપોમનિશિન અને ગુકેશ બંને પાંચ-પાંચ પોઈન્ટ સાથે ટોચના ક્રમે છે. અન્ય એક મોટા મુકાબલામાં અમેરિકાના હિકારુ નાકામુરાએ પોતાના જ દેશના અને ટોપ સિડેડ ફેબિયાનો કારુઆનાને હરાવીને અપસેટ સર્જ્યો હતો. ભારતના આર પ્રજ્ઞાનાનંદા અને ફ્રાન્સના અલીરેજા ફિરોઝા વચ્ચેની બાજી ડ્રો રહી હતી. પ્રજ્ઞાનાનંદા અને નાકામુરા બંને 4.5 પોઈન્ટ ધરાવે છે.રશિયાના યાન નેપોમનિશિન સામે અજરબેજાનના નિજત અબાસોવે મુકાબલો ડ્રો કરતાં ગુકેશને ફાયદો થયો હતો. હવે નેપોમનિશિન અને ગુકેશ બંને પાંચ-પાંચ પોઈન્ટ સાથે ટોચના ક્રમે છે.

# ટેસ્ટમાં ગાવસ્કરને 12 વખત આઉટ કરનાર ઈંગ્લેન્ડના અંડરવૂડનું નિધન



એજન્સી ઈંગ્લેન્ડ તા 16

બીજા વિશ્વયુદ્ધ બાદ ઈંગ્લેન્ડના સર્વશ્રેષ્ઠ શ્પિનર ડેરેક અંડરવૂડનું સોમવારે 78 વર્ષની વયે નિધન થયું હતું. ભારતના મહાન બેટ્સમેન સુનીલ ગાવસ્કરને પોતાની બોલિંગથી પરેશાન કરનાર અંડરવૂડને 60 તથા 70ના દશકાની પિચો ઉપર રમવું તે અત્યંત જોખમી હતું. શિસ્તબદ્ધ લાઈનલેન્થથી બોલિંગ માટે જાણીતા અંડરવૂડે 86 ટેસ્ટમાં 297 વિકેટ ઝડપી હતી જે ઈંગ્લેન્ડ તરફથી કોઈ પણ સ્પિનર તરીકે સર્વાધિક છે. અંડરવૂડે 24 વર્ષની પોતાની પ્રથમ કક્ષાની કારકિર્દીમાં 2465 વિકેટ હાંસલ કરી હતી. તેમણે 1977માં ભારત સામે પાંચ ટેસ્ટની શ્રેણીમાં 29 વિકેટ પોતાના નામે કરી હતી. ઈંગ્લેન્ડે આ શ્રેણી 3-1થી જીતી હતી અને ઈંગ્લેન્ડે 1933-34ના પ્રવાસ બાદ પ્રથમ શ્રેણીવિજય મેળવ્યો હતો. અંડરવૂડે ગાવસ્કરને ટેસ્ટ ક્રિકેટમાં સર્વાધિક 12 વખત આઉટ કર્યો હતો. પાકિસ્તાનના ઈમરાન ખાન તથા વેસ્ટ ઈન્ડિઝના માઈકલ હોલ્ડિંગે ગાવસ્કરની 11-11 વખત વિકેટ ઝડપી હતી. અંડરવૂડે 26 વન-ડેમાં 32 વિકેટ પણ પોતાના નામે કરી હતી. ત્રણ દશકાની કારકિર્દીમાં અંડરવૂડ 900 કરતાં વધારે મેચો રમ્યા હતા અને લિસ્ટ-એની 411 મેચોમાં 572 વિકેટ ઝડપી હતી. ઈંગ્લિશ ક્રિકેટમાં અંડરવૂડને 'ડેડલી' તરીકે ઓળખવામાં આવતા હતા. શિસ્તબદ્ધ લાઈનલેન્થથી બોલિંગ માટે જાણીતા અંડરવૂડે 86 ટેસ્ટમાં 297 વિકેટ ઝડપી હતી જે ઈંગ્લેન્ડ તરફથી કોઈ પણ સ્પિનર તરીકે સર્વાધિક છે. અંડરવૂડે 24 વર્ષની પોતાની પ્રથમ કક્ષાની કારકિર્દીમાં 2465 વિકેટ હાંસલ કરી હતી.

# બાબર આઝમની નજર વર્લ્ડ રેકોર્ડ પર, વિરાટ-રોહિતને છોડશે પાછળ



એજન્સી નવી દિલ્હી તા 16

ઈન્ડિયન પ્રીમિયર લીગ 2024 વચ્ચે વિરાટ કોહલીનો વર્લ્ડ રેકોર્ડ જોખમમાં છે. પાકિસ્તાનના કેપ્ટન બાબર આઝમની નજર આ વર્લ્ડ રેકોર્ડ પર છે. વાસ્તવમાં ન્યૂઝીલેન્ડની ટીમ પાકિસ્તાનના પ્રવાસે છે. આ સમયગાળા દરમિયાન બંને ટીમો વચ્ચે 5 T20 મેચોની સિરીઝ રમાશે. આ સિરીઝ 18 એપ્રિલથી શરૂ થશે. આ સિરીઝમાં પાકિસ્તાનના કેપ્ટન બાબર આઝમ વિરાટ કોહલીને પાછળ છોડીને T20 ઈન્ટરનેશનલમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન બની શકે છે. કોહલીનો વિરાટ રેકોર્ડ ખતરામાં વિરાટ કોહલી હાલમાં T20 ઈન્ટરનેશનલમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન છે. તેણે 117 T20 મેચોની 109 ઈનિંગ્સમાં 4037 રન બનાવ્યા છે. આ સમયગાળા દરમિયાન તેની એવરેજ 51.75 હતી અને સ્ટ્રાઈક રેટ 138.15 હતો. બાબર આઝમ આ યાદીમાં ત્રીજા નંબરે છે. બાબરે અત્યાર સુધી 109 મેચની 103 ઈનિંગ્સમાં 3698 રન બનાવ્યા છે. આવી સ્થિતિમાં તેને વિરાટ કોહલીને પાછળ છોડવા માટે માત્ર 340 રનની જરૂર છે.

# શૂટર પલકે બ્રોન્ઝ જીતી 20મો ઓલિમ્પિક



એજન્સી નવી દિલ્હી તા 16

ISSF વર્લ્ડ કપની 10 મીટર એર પિસ્તોલમાં બ્રોન્ઝ જીત્યો 19મા શોટ પહેલાં પલક 0.6 પોઈન્ટની લીડ મેળવીને ફાઈનલ માટે ક્વોલિફાય કર્યું બ્રોન્ઝ માટે પલકનો હંગેરિયન શૂટર સાથે જોરદાર મુકાબલો અનુભવી શૂટર પલક ગુલિયાએ 10 મીટર એર પિસ્તોલ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીતીને ભારતને પેરિસ ઓલિમ્પિકની શૂટિંગ ઈવેન્ટમાં 20મો ક્વોટા અપાવ્યો હતો. બ્રાઝિલના રિયો ડી જાનેરો ખાતે આઈએસએસએફ શૂટિંગ વર્લ્ડ કપની ફાઈનલમાં પલકે વિમેન્સ કેટેગરીમાં બ્રોન્ઝ જીત્યો હતો. આ ઈવેન્ટમાં આર્મેનિયાની એલ્મિરાએ ગોલ્ડ તથા થાઈલેન્ડની સાંએચાએ સિલ્વર જીત્યો હતો. પલકે 24 શોટ્સની ફાઈનલમાં ખરાબ શરૂઆત કર્યા બાદ લીડરબોર્ડમાં ધીમે ધીમે આગેકૂચ કરી હતી પરંતુ તે 22 શોટ બાદ 217.6 પોઈન્ટ સાથે બહાર થઈ ગઈ હતી. એલિમિનેશન રાઉન્ડ શરૂ થતાં પહેલાં પલક અને સાન્યામ પાંચમા સ્થાનથી આગળ વધવા માટે સંઘર્ષ કરી રહી હતી. 19મા શોટ પહેલાં પલક 0.6 પોઈન્ટની લીડ મેળવીને ફાઈનલ માટે ક્વોલિફાય કર્યું હતું. બ્રોન્ઝ માટે પલકનો હંગેરિયન શૂટર સાથે જોરદાર મુકાબલો થયો હતો પરંતુ હરીફ શૂટર 10 રિંગને ટાર્ગેટ કરી શકી નહોતી.

# હૈદરાબાદે તોડ્યો પોતાનો જ રેકોર્ડ

એજન્સી હૈદરાબાદ તા 16

સનરાઈઝર્સ હૈદરાબાદે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે ઈતિહાસ રચ્યો છે. હૈદરાબાદે ફરી એકવાર IPL ઈતિહાસનો સૌથી મોટો સ્કોર બનાવ્યો છે. હૈદરાબાદે આ IPL સિઝનમાં બેંગલુરુના સર્વોચ્ચ સ્કોરનો રેકોર્ડ તોડ્યો હતો. RCBએ IPL 2013માં 263 રન બનાવ્યા હતા. હૈદરાબાદે એ જ સિઝનમાં મુંબઈ સામે રમતા 277 રન બનાવ્યા હતા. હવે હૈદરાબાદે પોતાનો જ રેકોર્ડ તોડી નાખ્યો છે. SRHએ બેંગલુરુ સામે પોતાનો જ રેકોર્ડ તોડીને સ્કોર બોર્ડ પર 287 રન બનાવ્યા છે. ટ્રેવિસ હેડે SRH માટે શાનદાર સદી રમી છે. તેણે માત્ર 41 બોલમાં 102 રનની ઈનિંગ રમી છે. આ સિવાય હેનરિક ક્લાસને પણ 67 રન બનાવ્યા છે. હૈદરાબાદના બેટ્સમેનોએ તબાહી મચાવી હૈદરાબાદના બેટ્સમેનોએ મળીને RCBને વિશાળ ટાર્ગેટ આપ્યો છે. સૌથી પહેલા અભિષેક શર્માએ શરૂઆતમાં 22 બોલમાં 34 રનની ઈનિંગ રમી હતી. આ સિવાય ઓપનિંગ ખેલાડી ટ્રેવિસ હેડે આ સિઝનની ચોથી સદી ફટકારી છે.

ન્યૂઝ ફ્લેશ

## જીવિત છે સરબજીતનો હત્યારો સરફરાઝ તાંબા

પાકિસ્તાનમાં અંડરવર્લ્ડ ડોન અમીર સરફરાઝ તાંબાની હત્યાના કેસમાં નવો વળાંક આવ્યો છે. પાકિસ્તાનના સીનિયર પોલીસ ઓફિસરે દાવો કર્યો છે કે સરફરાઝ હજુ જીવિત છે અને ગંભીર રીતે ઘાયલ છે. તો પાકિસ્તાન સરકારના મંત્રીએ ભારત પર આરોપ લગાવ્યા છે. સરબજીત સિંહની 2013માં કરાઈ હતી હત્યા ઉલ્લેખનીય છે કે પાકિસ્તાનની જેલમાં બંધ ભારતના રહેનારા સરબજીત સિંહની 2013માં હત્યા કરી દેવામાં આવી હતી. પાકિસ્તાનની કોટ લખપત જેલમાં હાજિફ સઈદની નજીકના અમીર સરફરાઝ તાંબાએ પોલિથિનથી ગળું દબાવીને મારી મારીને સરબજીતને મોતને ઘાટ ઉતાર્યો હતો. પાકિસ્તાનમાં તાંબાની અજ્ઞાત હુમલાવરોએ રવિવારે ગોળી મારીને હત્યા કરી. હવે પાકિસ્તાનના પંજાબના એક પોલિસ અધિકારીએ દાવો કર્યો છે કે સરફરાઝ તાંબા જીવિત છે.

## વરસાદ બન્યો મુસીબત, 49 લોકોના મોત, ઈમરજન્સી કરાઈ લાગુ

સમગ્ર પાકિસ્તાનમાં ત્રણ દિવસ સુધી સતત ભારે વરસાદ અને વીજળી પડવાને કારણે ઓછામાં ઓછા 49 લોકોના મોત થયા છે, અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું કે મુશળધાર વરસાદને કારણે અધિકારીઓએ દેશના દક્ષિણ-પશ્ચિમમાં કટોકટીની સ્થિતિ જાહેર કરવાની સૂચના આપી છે. જ્યારે તેઓ ઘઉંની કાપણી કરી રહ્યા હતા ત્યારે વીજળી પડતાં કેટલાક ખેડૂતો મૃત્યુ પામ્યા હતા. વરસાદને કારણે ઉત્તર પશ્ચિમ અને પૂર્વ પંજાબ પ્રાંતમાં ડઝનેક મકાનો ધરાશાયી થયા હતા. મળતી માહિતિ અનુસાર પંજાબમાં 21 લોકોના મોત થયા છે, જ્યાં આ અઠવાડિયે વધુ વરસાદની અપેક્ષા છે.મિનિસ્ટર ગેલન્ટે સેક્રેટરીની તેમના નેતૃત્વ અને આંતરરાષ્ટ્રીય ભાગીદારો સાથે મળીને બંને દેશોના સંરક્ષણ સંસ્થાઓ અને સૈન્ય દ્વારા દર્શાવવામાં આવેલા અપ્રતિમ સહકાર અને સંકલન માટે તેમની ઊંડી પ્રશંસા વ્યક્ત કરી હતી.

## યુદ્ધ બન્યું ભયાવહ..! જળ-થળ-નભમાં કોની સેના વધુ શક્તિશાળી?

અમેરિકાની શાંતિની વાતો છતાં પશ્ચિમ એશિયામાં ફરી એકવાર ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધતા સંકટના અવાજો સંભળાઈ રહ્યા છે. ઈરાન અને ઈઝરાયેલની સૈન્ય ક્ષમતા તદ્દન અલગ છે. ઈઝરાયેલ મધ્ય પૂર્વની સૌથી શક્તિશાળી સેનાઓમાંની એક છે. ઈરાન પણ ખૂબ શક્તિશાળી છે. ઈરાનના હુમલા બાદ ઈઝરાયલ કોઈપણ સમયે જવાબી હુમલો કરી શકે છે, જેના પછી મધ્ય પૂર્વમાં સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે તેવી અમેરિકી તરફથી આશા છે અને તમામ શક્યતાઓ પર વિચાર કરવામાં આવી રહ્યો છે. ભલે અમેરિકા ઈઝરાયલની સાથે ઊભું છે, તેણે સ્પષ્ટ કર્યું છે કે તે રક્ષણાત્મક સ્થિતિમાં તેની સાથે આવશે, જો તે ઈરાન પર કોઈપણ રીતે હુમલો કરશે તો તેને સમર્થન નહીં આપે. ઈરાન સંખ્યાત્મક તાકાતમાં આગળ છે. ઈરાનની વસ્તી ઈઝરાયેલ કરતા ઘણી વધારે છે. ઈરાન અંદાજે 89 ઈઝરાયેલની આશરે 10 મિલિયન વસ્તી છે. તેથી તે ઈરાન માટે ફાયદાકારક છે. ઓછામાં ઓછા 580,000 સક્રિય ફરજ કર્મચારીઓ અને 200,000 પ્રશિક્ષિત અનામત કર્મચારીઓ સાથે ઈરાની સશસ્ત્ર દળો પશ્ચિમ એશિયામાં સૌથી મોટી છે.

# સિડનીના ચર્ચમાં ચાકુથી હુમલો, 4 ઘાયલ:પૂજારી પર અજાણ્યા વ્યક્તિએ હુમલો કર્યો



**એજન્સી સિડની તા 16**

સિડનીમાં સોમવારે ફરી એકવાર છરાબાજીની ઘટના સામે આવી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ ઘટનામાં 4 લોકો ઘાયલ થયા છે. આને લગતો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં એક વ્યક્તિ પૂજારીને ચાકુ મારતો જોવા મળી રહ્યો છે. આ ઘટના સિડનીના ક્રાઈસ્ટ ધ ગુડ શેફર્ડ ચર્ચમાં બની હતી. એક યુવકે ચર્ચના પાદરી બિશપ 'માર મારી ઈમેન્યુઅલ' પર ચાકુ વડે હુમલો કર્યો, જેના પછી આખા ચર્ચમાં નાસભાગ મચી ગઈ. આ ઘટના લાઈવ સ્ટ્રીમમાં રેકોર્ડ કરવામાં આવી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી છે અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘાયલ લોકોની ઉંમર 20 થી 70 વર્ષની વચ્ચે છે. પોલીસે લોકોને ઘટના સ્થળે જવાની મનાઈ કરી છે. મોલમાં છરી વડે હુમલો કરનાર વ્યક્તિને મહિલા પોલીસે માર્યો હતો

આ પહેલા પણ 13 એપ્રિલે સિડનીના એક મોલમાં ચાકુ મારવાની ઘટના બની હતી. આ ઘટનામાં 6 લોકોનાં મોત થયા હતા. 9 મહિનાના બાળક સહિત ઘણા લોકો ઘાયલ થયા હતા. સિડની મોલમાં હુમલાની માહિતી મળતાની સાથે જ પોલીસ ટીમની એક મહિલા અધિકારી મોલમાં પહોંચી ગઈ હતી. ત્યાં હાજર એક વ્યક્તિએ હુમલાખોરને જોતાની સાથે જ તેની તરફ ઈશારો કર્યો. આ પછી મહિલા અધિકારીએ ચુપચાપ હુમલાખોરનો પીછો શરૂ કર્યો. આ દરમિયાન હુમલાખોરે પાછળ ફરીને મહિલા પોલીસ અધિકારી તરફ છરી બતાવી હતી. મહિલા અધિકારીએ તરત જ ગોળીબાર કર્યો, જેમાં હુમલાખોરનું મોત થયું. ઘટનાની નજીક હાજર એક વ્યક્તિએ ઓસ્ટ્રેલિયન મીડિયા 'સિડની મોર્નિંગ હેરાલ્ડ'ને જણાવ્યું કે મહિલા પોલીસ અધિકારીએ હુમલાખોર પર 2 થી 3 ગોળીઓ ચલાવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, સિડની મોલમાં થયેલા હુમલામાં મોટાભાગની મહિલાઓને નિશાન બનાવવામાં આવી હતી. આ હુમલામાં માત્ર એક જ વ્યક્તિનું મોત થયું હતું, જે મોલનો સુરક્ષા ગાર્ડ હતો. ગાર્ડે મહિલાઓને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે મહિલાઓ પર હુમલો કરવામાં આવ્યો ત્યારે અધિકારીઓ અને હુમલાખોરના પિતાનું કહેવું છે કે તે માનસિક રીતે બીમાર હતો.

### બેલેસ્ટિક મિસાઈલથી ઈરાન પર હુમલો કરવો પડશે

# ઈઝરાયલ ઈરાનની ઓઈલ રિફાઈનરીઓ પર હુમલો કરી શકે

**એજન્સી તેહરાન/તેલ અવીવ તા 16**

ઈરાને 13 એપ્રિલે મોડી રાત્રે ઈઝરાયેલ પર 300 મિસાઈલ અને ડ્રોન વડે હુમલો કરીને સીરિયામાં તેમના દૂતાવાસ પર થયેલા હુમલાનો બદલો લીધો હતો. ત્યારથી ઈઝરાયેલના જવાબની રાહ જોવાઈ રહી છે. સોમવારે ઈઝરાયેલમાં વોર કેબિનેટની બે વખત બેઠક મળી હતી. એવું નક્કી કરવામાં આવ્યું હતું કે ઈઝરાયેલ ચોક્કસપણે બદલો લેશે. જો કે હજુ સુધી એ જણાવવામાં આવ્યું નથી કે હુમલો ક્યારે અને કેવી રીતે કરવામાં આવશે. સીએનએનના અહેવાલ મુજબ ઈરાન વિરુદ્ધ બનાવવામાં આવેલ સૈન્ય યોજનાને ઈઝરાયેલની વોર કેબિનેટમાં જોવામાં અને ચર્ચા કરવામાં આવી હતી. જો કે હજુ સુધી આ અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

સભ્યો વચ્ચે સર્વસંમતિ છે કે ઈઝરાયેલે તાત્કાલિક જવાબી કાર્યવાહી કરવી જોઈએ. યુદ્ધ કેબિનેટે રાજદ્વારી પદ્ધતિઓ પર પણ ચર્ચા કરી છે જેના દ્વારા ઈરાન પાસેથી બદલો લઈ શકાય. યુદ્ધ કેબિનેટના સભ્યો વચ્ચે જોરદાર ચર્ચા થઈ હતી. ઈઝરાયેલના અધિકારીઓના જણાવ્યા અનુસાર કેબિનેટના સભ્ય બેની ગેન્ટ્ઝે સૂચવ્યું હતું કે ઈરાન પર હુમલો કરવો જોઈએ. પરંતુ એવું ન હોવું જોઈએ કે લોકો જીવ ગુમાવે. સાથે જ અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડન, બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનાક, સાઉદી અને જોર્ડને ઈઝરાયેલને ઈરાન સામે બદલો ન લેવાની અપીલ કરી છે. જેના કારણે સમગ્ર વિસ્તાર યુદ્ધનો શિકાર બનશે. એટેક અથવા ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કેબિનેટે તે તમામ વિકલ્પો પર ચર્ચા કરી જેમાં ઈરાન પર હુમલો કરી તેને નુકસાન પહોંચાડી શકાય.



### ઈરાન પર બેલેસ્ટિક મિસાઈલથી હુમલો કરવો પડશે

ઈઝરાયલની યુદ્ધ કેબિનેટે સોમવારે નિર્ણય લીધો કે ઈરાનને સંપૂર્ણ તાકાત સાથે જવાબી કાર્યવાહી કરવી પડશે. ચેનલ 12ના અહેવાલ મુજબ આ હુમલાનો હેતુ ઈરાનને તે બતાવવાનું હતું, કે ઈઝરાયલ તેના પર કોઈપણ હુમલા બાદ શાંત નહીં રહે. રિપોર્ટ અનુસાર ઈઝરાયલ આ ક્ષેત્રમાં બીજું યુદ્ધ લડવા માંગતું નથી. આ સિવાય તે અમેરિકા અને અન્ય પશ્ચિમી દેશોનું સમર્થન પણ ગુમાવવા માંગતું નથી, જેમણે ઈરાનના હુમલા દરમિયાન તેની મદદ કરી હતી.ચેનલ 12એ અહેવાલ આપ્યો છે કે યુદ્ધ કેબિનેટમાં એ વાત પર સહમતિ બની છે કે અમેરિકા સાથે ચર્ચા કર્યા પછી જ ઈરાન વિરુદ્ધ કાર્યવાહી કરવામાં હુમલાની ગુપ્ત માહિતી ઈઝરાયલ સાથે શેર કરી જેરુસલેમ પોસ્ટ અનુસાર, સાઉદીએ સ્વીકાર્યું છે કે તેઓએ ઈરાનના હુમલા સાથે જોડાયેલી ગુપ્ત માહિતી ઈઝરાયલ સાથે શેર કરી હતી. સાઉદી પરિવારની રોયલ વેબસાઈટે એક પોસ્ટમાં આ માહિતી આપી છે.

### મિડલ ઇસ્ટમાંથી અમેરિકન બેઝ શિફ્ટ નહીં થાય

ઈઝરાયેલના IDF ચીફ નેવાતિમ એર બેઝની મુલાકાત લીધી ઈઝરાયેલના સંરક્ષણ દળ IDFના ચીફ ઓફ સ્ટાફ જનરલ હર્જી હાલેવીએ ધમકી આપી છે કે ઈરાનને મિસાઈલ-ડ્રોન હુમલાની કિંમત ચૂકવવી પડશે. હાલેવીએ સોમવારે નેવાતિમ એરબેઝની મુલાકાત લીધી હતી. આ એ જ બેઝ છે જેના પર ઈરાને 4 બેલેસ્ટિક મિસાઈલોથી હુમલો કર્યો હતો. રક્ષા મંત્રી લોયડ ઓસ્ટીને કહ્યું કે અમેરિકા આ ક્ષેત્રમાં તણાવ વધવા દેવા માંગતું નથી. પરંતુ જો આવું થશે તો અમેરિકન બેઝ અને ત્યાં હાજર સૈનિકોની સુરક્ષા માટે જરૂરી પગલાં લેવામાં આવશે.

**ઈરાન અને ઇઝરાયલ વચ્ચે બદલો લેવાની ભાવનાથી યુદ્ધનો ડર:** ઈરાને દાવો કર્યો છે કે શનિવારે મોડી રાત્રે થયેલા હુમલાના 72 કલાક પહેલા તેણે ઈઝરાયલ અને અમેરિકાને નોટિસ આપી હતી. તુર્કીના વિદેશ મંત્રાલયે પણ કહ્યું છે કે હુમલા પહેલા તેઓએ આ મામલે અમેરિકા અને ઈઝરાયલ સાથે વાત કરી હતી. એક તરફ ઈરાનના હુમલાનો જવાબ કેવી રીતે આપવો તેના પર ઈઝરાયલમાં ચર્ચા ચાલી રહી છે. તેમજ, G7 દેશો ઈરાન પર નવા પ્રતિબંધો લાદવાનું વિચારી રહ્યા છે. પહેલા બ્રિટને અને પછી ઈટાલીએ પણ આને મંજૂરી આપી દીધી છે.જો કે અમેરિકાએ આ દાવાઓને ફગાવી દીધા છે.

નોટિસ આપી

## સાઉદી-ગલ્ફ દેશોને ઈરાનના હુમલાની જાણકારી હતી



**એજન્સી ઈઝરાયેલ તા 16**

ઈરાન દ્વારા ઈઝરાયલ પરના હુમલા બાદ રવિવારે વોર કેબિનેટની બેઠકમાં એ વાત પર સહમતિ થઈ હતી કે ઈરાનને જડબાતોડ જવાબ આપવામાં આવે. ટાઈમ્સ ઓફ ઈઝરાયલના જણાવ્યા અનુસાર આ કેવી રીતે અને ક્યારે થશે તે હજુ નક્કી કરવામાં આવ્યું નથી. બીજી તરફ ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે ઈરાનમાં કેદ 17 ભારતીયોની મુક્તિ માટે ઈરાનના વિદેશ મંત્રી સાથે વાત કરી હતી. જયશંકરે કહ્યું કે બંને દેશોએ શાંતિ અને કૂટનીતિ દ્વારા આ મુદ્દાનો ઉકેલ લાવવો જોઈએ. જોકે, શનિવારે ઈરાને ઈઝરાયલના એક અબજોપતિની કંપનીનું જહાજ કબજે કર્યું હતું. આ કાર્ગો જહાજ ભારત આવી રહ્યું હતું અને તેમાં 17 ભારતીય ક્રૂ મેમ્બર હતા. આ પહેલા ઈરાનની સેનાએ શનિવારે (ભારતીય સમય મુજબ) મોડીરાતે 3 વાગ્યે લગભગ 300 ડ્રોન અને મિસાઈલ વડે ઈઝરાયલ ટાઈમ્સ અનુસાર, ઈઝરાયલે અમેરિકા અને અન્ય સહયોગી દેશો સાથે મળીને 99% ડ્રોન-મિસાઈલો અટકાવી દીધી હતી. હુમલામાં માત્ર ઈઝરાયલના નેવાટીમ એરફોર્સ બેઝને થોડું નુકસાન થયું હતું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર ઈરાને ઈઝરાયલ પરના આ હુમલાને 'ઓપરેશન ટ્રુ પ્રોમિસ' નામ આપ્યું છે. હકીકતમાં 1 એપ્રિલના રોજ ઈઝરાયલે સીરિયામાં ઈરાની એમ્બેસી નજીક હવાઈ હુમલો કર્યો હતો. જેમાં ઈરાનના બે ટોચના આર્મી કમાન્ડર સહિત 13 લોકો માર્યા ગયા હતા. આ પછી ઈરાને બદલો લેવા ઈઝરાયલ પર હુમલો કરવાની ધમકી આપી હતી.

100 ડૉલર સુધી પહોંચી શકે છે

## શું ઈરાન-ઈઝરાયેલના તણાવના કારણે વધશે પેટ્રોલ-ડિઝલના ભાવ

**અમેરિકા તા 16**

1 એપ્રિલે ઈઝરાયેલે સીરિયામાં ઈરાની દૂતાવાસ પર હુમલો કર્યો હતો. ઈરાને 12 દિવસ પછી એટલેકે 13 એપ્રિલે ઈઝરાયેલ પર 300 મિસાઈલ અને ડ્રોનથી હુમલો કર્યો. મધ્ય-પૂર્વમાં તણાવના કારણે આંતરરાષ્ટ્રીય તેલ બજારમાં કાચા તેલની કિંમતો વધી શકે છે. જો આમ થશે તો તેની સીધી અસર ભારતીયોના ખિસ્સા પર પડી શકે છે. આ સ્ટોરીમાં જાણો કે ઈઝરાયેલ-ઈરાનના યુદ્ધની તેલની કિંમતો પર કેટલી અસર થઈ શકે છે, કેવી રીતે 21 વર્ષ પહેલા અમેરિકા અને ઈઝરાયલે ભારતને ઈરાન પાસેથી તેલ ન ખરીદવા દબાણ કર્યું હતું... તેલ પુરવઠાના માર્ગો પર તૈનાત છે ઈરાની મિસાઈલો ઈરાને ઈઝરાયલ પર સીધો હુમલો કરવાના એક દિવસ પહેલા ઓમાનની ખાડીમાં હોર્મુઝ પાસમાંથી પસાર થઈ રહેલા જહાજને કબજે કરી લીધું હતું. વિશ્વના 20% તેલનો સપ્લાઈ આ હોર્મુઝ પાસ માર્ગેથી થાય છે. અહીં ઈરાનની અનેક બેલેસ્ટિક અને ક્રુઝ મિસાઈલો તૈનાત છે. જો બંને દેશો ધમકી આપી છે. ધ ઈકોનોમિક ટાઈમ્સના અહેવાલ મુજબ, સુએઝ કેનાલના માર્ગે દરરોજ 5.5 મિલિયન બેરલથી વધુ ક્રૂડ ઓઈલની સપ્લાઈ કરવામાં આવે છે

# એડલ્ટ સ્ટારને રૂપિયા આપવામાં ફસાયા, હવે જજ પર લગાવ્યા ગંભીર આરોપ

### ટ્રમ્પનું પોર્ન સ્ટાર સાથે 2006માં હતું અફેર, ટ્રમ્પે તેમની પર તમામ આરોપોને નકારી દીધા છે

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિએ સોમવારે આરોપ લગાવ્યા કે ન્યૂયોર્કના જજ જુઆન મર્ચનને તેમના દીકરાની ગ્રેજ્યુએશન સેરેમનીમાં સામેલ થવાની પરમિશન મળશે નહીં. પોતાના દીકરા બૈરનની ગ્રેજ્યુએશન સેરેમનીમાં પત્ની મેલાનિયાની સાથે જવા ઈચ્છે છે. આ સમારોહ 17મે ના રોજ થવાનો છે. પૂર્વ રાષ્ટ્રપતિની સામે ગુપ્ત ધનને આપવા લેવાનો આરોપ ચાલી રહ્યો છે. તેની સુનાવણીની જવાબદારી જુઆન મર્ચનની પાસે છે. 77 વર્ષના રિપબ્લિકન ટાઈકૂને મેનહટન કોર્ટની બહાર કહ્યું કે તેઓએ જજ પાસે સમારોહમાં સામેલ થવાની પરમિશન માંગી હતી. પણ જજે પરમિશન આપી નહીં. આરોપઃ પોર્ન સ્ટારને ચૂપ રહેવા માટે આપ્યા રૂપિયા 18 વર્ષના બૈરન મે મહિનામાં ગ્રેજ્યુએશન પૂરું કરશે. ટ્રમ્પને પોર્ન સ્ટાર સ્ટૉર્મી ડેનિયલ્સને ચૂપ કરાવવાને માટે જ આ કેસનો સામનો કરવો પડી રહ્યો છે. એવું પહેલીવાર છે જ્યારે કોઈ પૂર્વ રાષ્ટ્રપતિને યૂએસમાં આ કેસનો સામનો કરવો પડી રહ્યો હોય. ટ્રમ્પના વકીલોની મુશ્કેલીઓ અને કેટલાક સભ્યોના નહીં.

# રાષ્ટ્રપતિની ચૂંટણી:અમેરિકામાં 50 લાખ હિન્દુ મતદારોને રીઝવવા ટ્રમ્પ-બાઈડેનના ધમપછાડા

**એજન્સી વૉશિંગ્ટન તા 16**

પૂર્વ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેમની 2024ની રાષ્ટ્રપતિની ચૂંટણીના અભિયાનમાં ભારતીયો તેમાં ખાસ કરીને હિન્દુ અમેરિકનો પર વધુ ફોકસ કરી રહ્યા છે. જેનાથી મતદાતાઓના એક મોટા વર્ગનું તેમને સમર્થન મળી શકે. ભારતીય અમેરિકનોને લઈને રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મોટું રણનીતિક પરિવર્તન જોવા મળી શકે છે. ત્યારે, અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડન પણ તેમના વિઝન ડોક્યુમેન્ટમાં 'હિન્દુ પેજ'ને સામેલ કરી રહ્યા છે. ટ્રમ્પના હિન્દુ અને ભારતીય-અમેરિકી અભિયાનના અધ્યક્ષ અને શિકાગોના વ્યવસાયી શલભકુમારે કહ્યું કે અમે હિન્દુ અમેરિકનોના મોટા સમાજ માટે અમારી અપીલને વ્યાપક બનાવી રહ્યા છીએ. શલભનું કહેવું છે કે અમેરિકામાં 50 લાખથી વધુ હિન્દુ છે, જે ભારત ઉપરાંત કેરેબિયન દેશો, દક્ષિણ આફ્રિકા, નેપાળ અને બાંગ્લાદેશમાંથી અમેરિકા પહોંચ્યા છે. તેમાંથી 33 લાખ રજિસ્ટર્ડ વોટર્સ છે. તેમાંથી 60% વોટ કરનારા છે. ાઈડેનના વિઝન ડોક્યુમેન્ટમાં હિન્દુ પેજ સામેલ રાષ્ટ્રપતિ જો બાઈડેનના સમર્થકોનું દબાણ છે કે તેમનું ચૂંટણી અભિયાન હિન્દુ અમેરિકનોને લલચાવવામાં વ્યસ્ત છે. તેનું જ પરિણામ છે કે બાઈડેને આ વખતે તેમના વિઝન ડોક્યુમેન્ટ (જો વિઝન)માં મુસ્લિમો અને યહૂદીઓની જેમ હિન્દુ પેજ સામેલ કર્યું છે. ડેમોક્રેટિક રણનીતિકાર અને ફંડ અભિયાનમાં એક હિન્દુ પેજની જાહેરાત કરાઈ છે. સાથે જ, ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને હિન્દુઓ વચ્ચે પ્રમુખતાથી ઊભા રાખવાના અભિયાનની પણ સલાહ અપાઈ છે.



### તેવા સંકેત ભલે આપ્યા પરંતુ બંને દેશોએ પોતપોતાના સ્તરે વધુ તૈયારીઓ શરૂ કરી દીધી

# મિડલ-ઈસ્ટ:ઈઝરાયલ-ઈરાન શાંત, પરંતુ તૈયારી તેજ



**એજન્સી તેલ અવીવ તા 16**

7 ઓક્ટોબર 2023ના રોજ ઈઝરાયલ પર હમાસ દ્વારા કરવામાં આવેલા આતંકી હુમલા બાદ શરૂ થયેલા સંઘર્ષે સમગ્ર મિડલ-ઈસ્ટને ઘેરી લીધું છે. તાજેતરમાં ઈરાને ઈઝરાયલ પર 300થી વધુ ડ્રોન અને મિસાઈલોથી સીધો હુમલો કર્યો હતો. આ હુમલા બાદ અમેરિકા સહિત દુનિયાના દબાણને લીધે ઈઝરાયલ અને ઈરાને યુદ્ધ આગળ વધે નહીં તેવા સંકેત ભલે આપ્યા પરંતુ બંને દેશોએ પોતપોતાના સ્તરે વધુ તૈયારીઓ શરૂ કરી દીધી હોવાના અહેવાલો છે. ઈઝરાયલની યુદ્ધ કેબિનેટની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે ઈરાનને યોગ્ય જવાબ આપવામાં આવશે, પરંતુ જવાબની પદ્ધતિ અને સમય ઈઝરાયલ જ નક્કી કરશે. આ હુમલા બાદ ઈરાને કહ્યું કે સીરિયામાં તેના દૂતાવાસ પર 1 એપ્રિલે થયેલા હુમલામાં માર્યા ગયેલા કમાન્ડરનો બદલો પૂર્ણ થઈ ગયો છે. અમેરિકાએ પણ ઈઝરાયલને ઈરાન પર જવાબી કાર્યવાહી કરતું રોકી દીધું.

ભારતીય અધિકારીઓ 17 ભારતીય ક્રૂ સભ્યોને મળી શકશેઃ ઈરાન ઈરાનના વિદેશમંત્રી હુસૈન અમીર-અબ્દુલ્લાહિયાએ કહ્યું છે કે તેમનો ઈઝરાયલની યુદ્ધ કેબિનેટની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે ઈરાનને યોગ્ય જવાબ આપવામાં આવશે, પરંતુ જવાબની પદ્ધતિ અને સમય ઈઝરાયલ જ નક્કી કરશે. આ હુમલા બાદ ઈરાને કહ્યું કે સીરિયામાં તેના દૂતાવાસ પર 1 એપ્રિલે થયેલા હુમલામાં માર્યા ગયેલા કમાન્ડરનો બદલો પૂર્ણ થઈ ગયો છે. અમેરિકાએ પણ ઈઝરાયલને ઈરાન પર જવાબી કાર્યવાહી કરતું રોકી દીધું.

દેશ ભારતીય અધિકારીઓને 17 ભારતીય ક્રૂ મેમ્બર્સને મળવાની મંજૂરી આપશે જેમને ઈરાનની સેનાએ શનિવારે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ નજીકથી પકડી પાડ્યા હતા. ઈરાન દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર અમીર-અબ્દુલ્લાહિયાને રવિવારે ટેલિફોન પર વાતચીત દરમિયાન વિદેશમંત્રી એસ જયશંકરને આ માહિતી આપી હતી. વાતચીતમાં જયશંકરે પોર્ટુગીઝ-ધ્વજવાળા કાર્ગો જહાજ એમલી એરીઝ પર સવાર ભારતીય ક્રૂ સભ્યોને મુક્ત કરવા જણાવ્યું હતું. જયશંકરે 17 ભારતીય ક્રૂ મેમ્બર્સની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને આ સંબંધમાં ઈરાન પાસેથી મદદની વિનંતી કરી હતી. ઈઝરાયલની યુદ્ધ કેબિનેટની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે ઈરાનને યોગ્ય જવાબ આપવામાં આવશે.

ઈરાન દ્વારા ઇઝરાયલ પર ડ્રોન અને મિસાઇલ એટેક

## રશિયાની અમેરિકાને ઉઘાડી ધમકી, "જો ઇઝરાયલનો સાથ આપ્યો તો..."

**ઇઝરાયેલ તા 16**

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે તણાવની સ્થિતિ બનેલી છે. શનિવાર અને રવિવારે ઈરાને ઈઝરાયલ પર સતત ડ્રોન અને મિસાઈલ એટેક કરી રહ્યું છે. બંને દેશો વચ્ચે ચાલી રહેલા તણાવમાં અમેરિકા અને રશિયા પણ કૂદી પડ્યા છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને અમેરિકાને ખુલ્લી ઉઘાડી ધમકી આપતા કહી દીધું છે કે જો આ તણાવ વચ્ચે અમેરિકા ઈઝરાયલને સમર્થન આપશે તો રશિયા ચૂપ નહીં બેસી રહે અને ઈરાનનું ખુલ્લેઆમ સમર્થન કરશે.

આ પહેલા રશિયાએ ઈરાન અને ઈઝરાયેલ બંનેને સંયમ જાળવી રાખવા માટે અપીલ કરી હતી. રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લવરોવે પણ ઈરાનના વિદેશ મંત્રી હોસેન અમીર અબ્દુલ્લાહિયન સાથે ટેલિફોન પર વાત કરી હતી.

અમેરિકાએ શું કહ્યું હતું? ઈરાન દ્વારા ઈઝરાયેલ પર હુમલો કર્યાના એક દિવસ બાદ રવિવારે એક મીડિયા ઈવેન્ટમાં યુએસ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના સ્ટ્રેટેજિક કોમ્યુનિકેશન્સ કોઓર્ડિનેટર જોન કિર્બીએ જવાબમાં તેમણે કહ્યું હતું કે રાષ્ટ્રપતિ બાઈડેને ઘણી વાર કહ્યું છે કે, અમે વિસ્તારમાં યુદ્ધ નથી ઈચ્છતા. અમે ઈરાન સાથે યુદ્ધમાં ફસાવા નથી માંગતા.

દેશના લોકશાહી માળખામાં "સૌથી વધુ સંસ્થાકીય ભ્રષ્ટાચાર" ગણાવ્યો છે

# "ઈલેક્ટોરલ બોન્ડ સંસ્થાગત ભ્રષ્ટાચાર હતો": કોંગ્રેસ નેતા મનીષ તિવારી

(એજન્સી) નવી દિલ્હી | તા 16

ભારતીય રાજકારણના ક્ષેત્રમાં, ચૂંટણી બોન્ડ યોજનાની આસપાસની ચર્ચા વધી છે, કોંગ્રેસના નેતા મનીષ તિવારીએ તેને દેશના લોકશાહી માળખામાં 'સૌથી વધુ સંસ્થાકીય ભ્રષ્ટાચાર' ગણાવ્યો છે. તિવારીની નિંદાત્મક ટિપ્પણી વડા પ્રધાન નરેન્દ્ર મોદીની યોજનાના બચાવના પ્રતિભાવ તરીકે આવી છે, જેણે તાજેતરમાં ટીકા અને કાનૂની પડકારોનો સામનો કરવો પડ્યો છે.

ચૂંટણી બોન્ડ્સ 2017 માં રાજકીય ભંડોળને સાફ કરવા અને ઝુંબેશ ફાઈનાન્સમાં પારદર્શિતાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે રજૂ કરવામાં આવ્યા હતા. અનિવાર્યપણે, આ બોન્ડ નાણાકીય સાધનો છે જે વ્યક્તિઓ અને કોર્પોરેશનો નિર્દિષ્ટ બેંકો પાસેથી ખરીદી શકે છે અને બાદમાં તેમની પસંદગીના રાજકીય પક્ષોને દાન આપી શકે છે. યોજનાના હિમાયતીઓ દ્વારા દર્શાવવામાં આવેલી પ્રાથમિક વિશેષતાઓમાંની એક એ હતી કે તે દાતાઓ અને પ્રાપ્તકર્તાઓ બંનેને પ્રદાન કરે છે, દેખીતી રીતે ફાળો આપનારાઓને સંભવિત પરિણામો અથવા અયોગ્ય પ્રભાવથી બચાવવા માટે.

ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમના એક કંઠ્ય ટીકાકાર મનીષ તિવારીએ તેને સંસ્થાકીય ભ્રષ્ટાચારના સાધન તરીકે વખોડવામાં સમય બગાડ્યો ન હતો. તેમની દલીલ આ યોજનામાં સહજ પારદર્શિતાના અભાવમાં રહેલી છે, જે લાગણી ઘણા વિપક્ષી નેતાઓ અને નાગરિક સમાજના કાર્યકરો દ્વારા પડઘાતી હતી. અસ્પષ્ટતા અને જવાબદારી અંગેની ચિંતાઓને ટાંકીને ચુંટણી બોન્ડને ઠપકો આપનાર સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદાને પગલે તિવારીના વલણને વધુ આકર્ષણ મળ્યું હતું.તિવારીના નિવેદનો વજન ધરાવે છે, ખાસ કરીને સુપ્રીમ કોર્ટના નિર્ણયના પ્રકાશમાં, જેણે સ્કીમની પારદર્શિતા અને દુરુપયોગની સંભાવના વિશે ટીકાકારો દ્વારા ઉઠાવેલી ચિંતાઓને સમર્થન આપ્યું હતું. સુપ્રીમ કોર્ટના ચુકાદામાં રાજકીય ભંડોળમાં જવાબદારીની અનિવાર્યતા પર ભાર મૂકવામાં આવ્યો હતો, જેણે ચૂંટણી બોન્ડની આસપાસની અસ્પષ્ટતાને ફટકો માર્યો હતો.

તિવારીના આરોપોનું ખંડન કરવા માટે, વડા પ્રધાન મોદીએ ભ્રષ્ટાચારના આરોપોને પાયાવિહોણા ગણાવતા ચૂંટણી બોન્ડ યોજનાનો મજબૂત બચાવ કર્યો હતો. મોદીએ સરકારના વલણનો પુનરોચ્ચાર કર્યો હતો કે આ યોજના ચૂંટણીમાં કાળા નાણાંના પ્રભાવને રોકવા માટે એક સક્રિય પગલું છે. તેમણે વિપક્ષ પર સરકારની છબી ખરાબ કરવા માટે ભય ફેલાવવાનો અને જુઠ્ઠાણા ફેલાવવાનો આરોપ લગાવ્યો.

## ચૂંટણી પરિણામો માટે આગાહીઓ



ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમને લગતો વિવાદ ભારતીય રાજકારણમાં પારદર્શિતા અને જવાબદારી માટેના વ્યાપક સંઘર્ષને સમાવે છે. જ્યારે સમર્થકો તેને સુધારાત્મક પગલા તરીકે ચેમ્પિયન કરે છે, મનીષ તિવારી જેવા વિવેચકો તેને સંસ્થાકીય ભ્રષ્ટાચારના અભિવ્યક્તિ તરીકે જુએ છે. તાજેતરના સુપ્રીમ કોર્ટના ચુકાદાએ લોકશાહી સિદ્ધાંતોને જાળવી રાખવા અને ચૂંટણી પ્રક્રિયાઓની અખંડિતતા સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂકતા ચર્ચાને ફરીથી ઉત્તેજીત કરી છે.

## રાહુલ ગાંધીની ભૂમિકા

રાહુલ ગાંધીની સક્રિયતા અને અગ્રણી રાજકીય વ્યક્તિ તરીકેની તેમની ભૂમિકા પર તિવારીની ટિપ્પણીઓ ઈલેક્ટોરલ બોન્ડ્સ પરની ચર્ચાની વ્યાપક અસરોને રેખાંકિત કરે છે. ગાંધીજીના પ્રતિકાત્મક કૂચ જેવી પહેલો દ્વારા જનતા સાથે જોડાવાના પ્રયાસો જાહેર સેવા અને સામાજિક ન્યાય પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાના પુરાવા તરીકે કામ કરે છે. તિવારીનું નિવેદન કે ગાંધીને નિશાન બનાવવું એ ભાજપના ડરને પ્રતિબિંબિત કરે છે તે ભારતીય રાજકારણમાં ગાંધી પરિવારના કાયમી પ્રભાવને દર્શાવે છે.અમુક રાજ્યોમાં ભાજપની ચૂંટણીના નસીબ વિશે તિવારીની આગાહીઓ ચાલુ પ્રવચનમાં બીજું સ્તર ઉમેરે છે. તેમનો દાવો કે ભાજપ કેરળ, કર્ણાટક, તમિલનાડુ, આંધ્રપ્રદેશ અને તેલંગાણા જેવા રાજ્યોમાં એક પણ બેઠક જીતી શકશે.

વિવિધ પ્રદેશોમાં મજબૂત હાજરી સ્થાપિત કરવાના BSPના પ્રયાસોને રેખાંકિત કરે

# લોકસભા ચૂંટણી 2024: ઉત્તર પ્રદેશમાં બસપાની વ્યૂહરચનાનું અનાવરણ કરવામાં આવ્યું

(એજન્સી) નવી દિલ્હી | તા 16

ઉત્તર પ્રદેશમાં લોકસભાની ચૂંટણી પહેલા એક મહત્વપૂર્ણ પગલામાં, બહુજન સમાજ પાર્ટી (BSP) એ તેના ઉમેદવારોની તાજેતરની સૂચિનું અનાવરણ કર્યું છે. આ યાદી માત્ર સ્વતંત્ર રીતે ચૂંટણી લડવાના પક્ષના સંકલ્પને જ દર્શાવતી નથી પરંતુ મુખ્ય મતવિસ્તારોમાં તેની વ્યૂહાત્મક પસંદગીઓને પણ દર્શાવે છે. ચાલો બીએસપીની ચૂંટણી વ્યૂહરચના અને તેણે નામાંકિત કરેલા નોંધપાત્ર ઉમેદવારો વિશે વધુ ઊંડાણપૂર્વક વિચાર કરીએ.

ગઠબંધન બનાવવાથી દૂર રહેવાનો BSPનો નિર્ણય ઉત્તર પ્રદેશના રાજકીય લેન્ડસ્કેપમાં તેની વ્યક્તિત્વ પર ભાર મૂકવાની તેની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. વારાણસીથી વડા પ્રધાન નરેન્દ્ર મોદી સામે ચૂંટણી લડવા માટે અથર જમાલ લારીનું નામાંકન ચૂંટણી મેદાનમાં BSPના સાહસિક વલણને દર્શાવે છે.બસપાએ મૈનપુરીમાં તેના ઉમેદવારને બદલ્યા છે, તેના દાવેદાર તરીકે શિવ પ્રસાદ યાદવને આગળ મૂક્યા છે, જે તેના ચૂંટણી અભિગમમાં વ્યૂહાત્મક પરિવર્તન સૂચવે છે.

જૌનપુરથી શ્રીકલા સિંહનું નામાંકન, તેમના પતિની જેલવાસ વચ્ચે, પડકારજનક સંજોગો છતાં ઉમેદવારની પસંદગી પર BSPના ભારને દર્શાવે છે.બુદૌનથી મુસ્લિમ ખાનનું નામાંકન એ વિવિધ સમુદાયો અને તેમના હિતોનું પ્રતિનિધિત્વ કરવા પર બીએસપીના ધ્યાનનો સંકેત આપે છે. બરેલીમાં છોટેલાલ ગંગવારની ઉમેદવારી ઉત્તર પ્રદેશના વિવિધ પ્રદેશોમાં મજબૂત હાજરી સ્થાપિત કરવાના BSPના પ્રયાસોને રેખાંકિત કરે છે. સુલતાનપુરથી ઉદરાજ વર્માનું નામાંકન એ ગ્રાસરુટ કનેક્શન અને સ્થાનિક સુસંગતતા ધરાવતા ઉમેદવારોને મેદાનમાં ઉતારવાની BSPની વ્યૂહરચના દર્શાવે છે.ફર્રુખાબાદ માટે BSP દ્વારા ક્રાંતિ પાંડેની પસંદગી આ મતવિસ્તારના મતદારોની આકાંક્ષાઓ સાથે પડઘો પાડવાના તેના પ્રયત્નો પર ભાર મૂકે છે.બાંદામાંથી મયંક દ્વિવેદીની નોમિનેશન એ ઉમેદવારોને નોમિનેટ કરવાના BSPના અભિગમનું ઉદાહરણ આપે છે જે મતવિસ્તારની ચિંતાઓને અસરકારક રીતે સંબોધિત કરી શકે છે. ડોમરિયાગંજમાં ખ્વાજા શમસુદ્દીનની ઉમેદવારી ચૂંટણી માળખામાં લઘુમતી સમુદાયોનું પ્રતિનિધિત્વ કરવા પર બીએસપીના ધ્યાન પર ભાર મૂકે છે.બલિયામાં લલ્લન સિંહ યાદવનું નામાંકન મજબૂત સ્થાનિક જોડાણ અને પ્રાદેશિક ગતિશીલતાની સમજ ધરાવતા ઉમેદવારોને નોમિનેટ કરવાની BSPની વ્યૂહરચના દર્શાવે છે.

## વ્યૂહાત્મક ચૂંટણી દાવપેચનો સંકેત




ગાઝીપુરથી ઉમેશ કુમાર સિંઘની ઉમેદવારી સામુદાયિક જોડાણ અને વિકાસ પહેલના ટ્રેક રેકોર્ડ સાથે ઉમેદવારો ઉભા કરવાના BSPના પ્રયાસોને દર્શાવે છે. ઉત્તર પ્રદેશમાં લોકસભા ચૂંટણી માટે BSP દ્વારા ઉમેદવારોની તેની તાજેતરની યાદી જાહેર કરવી એ વિવિધ મતવિસ્તારોમાં તેની હાજરીની ખાતરી આપવાના હેતુથી વ્યૂહાત્મક ચૂંટણી દાવપેચનો સંકેત આપે છે. પ્રાદેશિક વસ્તીવિષયક અને સમુદાયના હિતોને પ્રતિબિંબિત કરતા ઉમેદવારોને મેદાનમાં ઉતારીને, BSP રાજ્યના રાજકીય લેન્ડસ્કેપમાં પોતાના માટે નોંધપાત્ર જગ્યા બનાવવાનું લક્ષ્ય રાખે છે.

## ન્યૂઝ કોર્નર

### ઉત્તર ચેન્નાઈ મતવિસ્તારમાં સીએમ સ્ટાલિનનો રોડ શો

(એજન્સી) નવી દિલ્હી | તા 16

સ્ટાલિન, વીરસ્વામીની સાથે, કોલાથુરના રહેવાસીઓમાં પક્ષના પત્રિકાઓ વહેંચવામાં અને મત માટે પ્રચાર કરવામાં ઉત્સાહપૂર્વક રોકાયેલા હતા. આ બંનેની ઉત્સાહી હાજરીએ વાતાવરણને ઉત્સાહિત કર્યું, કારણ કે તેઓ શેરીઓમાં નેવિગેટ કરતા હતા, આતુર ભીડને હૂંફ અને ઉત્સાહ સાથે આવકારતા હતા. રોડ શોમાં સેંકડો DMK વફાદાર અને સમર્થકોનો પ્રભાવશાળી મતદાન જોવા મળ્યો હતો. પક્ષના રંગોમાં સજ્જ, તેઓએ ધ્વજ લહેરાવ્યો અને તેમના પ્રિય નેતા, સ્ટાલિનની છબી સાથે સુશોભિત પ્લેકાર્ડ ધરાવ્યાં.

### બીજાપુરમાં નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં મતદાન ટીમો મોકલવામાં આવી

(એજન્સી) નવી દિલ્હી | તા 16

નક્સલ પ્રવૃત્તિ માટે કુખ્યાત છત્તીસગઢનો જિલ્લો બીજાપુર એક નિર્ણાયક ચૂંટણી પ્રક્રિયા માટે તૈયાર છે. વ્યાપક તૈયારીઓના ભાગરૂપે, MI-17 હેલિકોપ્ટર દ્વારા મતદાન ટીમોને નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં રવાના કરવામાં આવી છે. આ લેખમાં ચૂંટણી અધિકારીઓ અને મતદારો બંને માટે શાંતિપૂર્ણ અને સુરક્ષિત વાતાવરણ સુનિશ્ચિત કરવા માટે લેવામાં આવેલા પગલાંને પ્રકાશિત કરીને મુખ્ય અધિકારીઓ દ્વારા પૂરી પાડવામાં આવેલ સુરક્ષાની સાવચેતીપૂર્વક આયોજન અને ખાતરીઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

"મોદી કી ગેરંટી" પર સવાલ ઉઠાવતા

# 2014 ના તૂટેલા વચનો: હરીશ રાવતે ભાજપની પ્રતિબદ્ધતાઓ પર સવાલ ઉઠાવ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા 16

ભારતના રાજકીય ક્ષેત્રે, ચૂંટણી પ્રચાર દરમિયાન આપવામાં આવેલા વચનો ઘણીવાર જનતા માટે આશાના કિરણ તરીકે કામ કરે છે. જો કે, જેમ-જેમ સમય આગળ વધે છે, તેમ-તેમ ઘણાને અનુભૂતિ થાય છે કે આ પ્રતિજ્ઞાઓ અધૂરી રહી જાય છે, જે પાછળ શંકા અને ભ્રમણાનું પગેરું છોડી દે છે. આવો જ એક અવાજ ઉત્તરાખંડના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન હરીશ રાવતનો છે. ચાલો ભારતીય જનતા પાર્ટી (BJP) ની અધૂરી બાંયધરી અને તેના કારણે પડતી અસરો અંગેની તેમની ટીકા કરીએ.ભાજપના ચૂંટણી સૂત્ર, 'મોદી કી ગેરંટી' પર આકરા પ્રહારમાં હરીશ રાવતે એક પ્રાસંગિક પ્રશ્ન ઉઠાવ્યો: જો 2014 માં આપવામાં આવેલી ખાતરીઓ સાકાર ન થઈ હોય, તો વર્તમાન વચનોની વિશ્વસનીયતા શું છે? રાવતે ભૂતકાળના અપૂર્ણ વચનો પર પ્રકાશ પાડ્યો, જેમાં પ્રત્યેક નાગરિકના ખાતામાં 15 લાખ જમા કરાવવા, બે કરોડ રોજગારીનું સર્જન, કાળું નાણું અને ભ્રષ્ટાચાર નાબૂદ કરવા અને ખેડૂતોની આવક બમણી કરવાની ઉચ્ચ પ્રતિબદ્ધતાનો સમાવેશ થાય છે.

રાવતે ગરીબોના ઉત્થાન અંગેના વડા પ્રધાન મોદીના વક્તવ્ય અને અગ્રણી મૂડીવાદીઓ સાથેના તેમના નજીકના જોડાણોની તીવ્ર વાસ્તવિકતા વચ્ચેના તદ્દન વિરોધાભાસને રેખાંકિત કરે છે. આ વિસંગતતા ભાજપની ઘોષણાઓ પાછળની પ્રામાણિકતા પર શંકા કરે છે અને અંતર્ગત વિસંગતતાઓને છતી કરે છે. ભારતની ભયંકર વાસ્તવિકતાઓ તરફ ધ્યાન દોરતા રાવતે ચિંતાજનક આંકડાઓ દર્શાવ્યા છે. ભારત પોતાને એવા 17 દેશોમાં શોધી કાઢે છે જ્યાં મહિલાઓ અસુરક્ષિત છે, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને નેપાળ જેવા પડોશી રાષ્ટ્રોની સરખામણીમાં પોષણમાં પાછળ છે.

બે ગેરકાયદેસર પિસ્તોલ સાથે દારૂગોળો સાથેની બેગ જપ્ત

# નોઈડા પોલીસ ટીમ અને ગુનેગારો વચ્ચે એન્કાઉન્ટર

(એજન્સી) નવી દિલ્હી | તા 16

ગ્રેટર નોઈડામાં, 15 એપ્રિલના રોજ નિયમિત પોલીસ તપાસ નાટકીય એન્કાઉન્ટરમાં ફેરવાઈ ગઈ, કારણ કે બીટા-2 પોલીસ સ્ટેશનના અધિકારીઓ ચુહારપુર અંડરપાસ નજીક સર્વિસ રોડ પર લૂંટારુઓ સાથે મુકાબલામાં રોકાયેલા હતા. આ ઘટનાને પગલે ગુડ્ડુ અને બાબુ તરીકે ઓળખાતા બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ તપાસ દરમિયાન થયેલા એન્કાઉન્ટર દરમિયાન, અધિકારીઓને ગુનેગારો તરફથી પ્રતિકારનો સામનો કરવો પડ્યો, પરિણામે બંને પક્ષો વચ્ચે ગોળીબારની વિનિમય થઈ. શાહજહાંપુરના નંગલા પંખિયાન ગામના રહેવાસી ગુડ્ડુ અને દિલ્હીના જબર પાર્કમાં રહેતા બાબુની ત્યારબાદ ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે પકડાયેલા લોકોના કબજામાંથી ચોરીના દાગીના અને બે ગેરકાયદેસર પિસ્તોલ સાથે દારૂગોળો સાથેની બેગ જપ્ત કરી હતી. વધુમાં, સ્ક્રુડ્રાઈવર અને પેઈર જેવા સાધનો, જે કદાચ ગુનાહિત પ્રવૃત્તિ દરમિયાન ઉપયોગમાં લેવાય છે, તે પણ પુનઃપ્રાપ્ત કરવામાં આવ્યા હતા.

વહેલી સવારે બનેલી આ ઘટનાએ ઘણાને આશ્ચર્યચકિત કરી દીધા હતા

# જેકેના ગાંદરબલમાં જેલમમાં બોટ પલટી ગઈ; રેસ્ક્યુ ઓપરેશન ચાલુ છે

(એજન્સી) નવી દિલ્હી | તા 16

જમ્મુ અને કાશ્મીરના ગાંદરબલ જિલ્લામાં ઝેલમ નદીમાં એક હોડી પલટી ગઈ હતી. આ ઘટનાએ રાજ્ય ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ ટીમની તૈનાત સહિત અધિકારીઓની પ્રતિક્રિયાને વેગ આપ્યો છે. વિગતો હજી ઉભરી રહી છે, પરંતુ આપણે અત્યાર સુધી જે જાણીએ છીએ તે અહીં છે.જમ્મુ અને કાશ્મીરના ભારતીય કેન્દ્રશાસિત પ્રદેશમાં આવેલું ગાંદરબલ તેના મનોહર લેન્ડસ્કેપ્સ અને શાંત જળાશયો માટે જાણીતું છે. જિલ્લામાંથી વહેતી જેલમ નદી તેની પ્રાકૃતિક સુંદરતામાં વધારો કરે છે. જો કે, આ શાંત પાણી તોફાની બની ગયા કારણ કે હોડી એક કમનસીબ ભાવિ સાથે મળી હતી. વહેલી સવારે બનેલી આ ઘટનાએ ઘણાને આશ્ચર્યચકિત કરી દીધા હતા. કેપ્સિંગનો ચોક્કસ સમય અને કારણ હજુ સુધી નક્કી કરવામાં આવ્યું નથી. જો કે, અકસ્માતના સમાચાર ફેલાતાં સ્થાનિકો અને સત્તાવાળાઓ તરફથી પ્રારંભિક પ્રતિક્રિયા ઝડપી હતી. ડિસ્ટ્રેસ કોલના જવાબમાં, સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સે બચાવ કામગીરીને એકત્ર કરવામાં કોઈ સમય બગાડ્યો ન હતો.




આજે, નારાયણપુરા સ્ક્વેર, પરબતસર વિધાનસભા ખાતે, તેમણે નાગૌર સંસદીય મતવિસ્તારમાંથી ભાજપના લોકપ્રિય ઉમેદવાર ડૉ. જ્યોતિ જી મિર્ધાની ઐતિહાસિક જીત માટે એક 'વિશાળ જાહેર સભા'ને સંબોધિત કરી અને આદરણીય જનતાને ભાજપની તરફેણમાં મત આપવા અપીલ કરી. બેઠકમાં રાજસ્થાન ખેડૂત આયોગના અધ્યક્ષ શ્રી સી.આર. ચૌધરી, જિલ્લા અધ્યક્ષ શ્રી ગજેન્દ્ર સિંહ, મેર્ટાના ધારાસભ્ય શ્રી લક્ષ્મણરામ જી કાલરૂ, પરબતસરના પૂર્વ ધારાસભ્ય શ્રી માનસિંહ જી કિન્સરિયા, દેગાણાના પૂર્વ ધારાસભ્ય શ્રી વિજયપાલ જી મિર્ધા, પ્રદેશ ઉપાધ્યક્ષ મહિલા મોરચા શ્રીમતી સુનિતાજી રાંદડ, રાજ્ય મંત્રી શ્રીમતી સ્ટેફીજી ચૌહાણ, પંચાયત સમિતિના સદસ્ય શ્રી વિજયસિંહ જી, આદરણીય મંચ, અધિકારીઓ, જનપ્રતિનિધિઓ અને આદરણીય જનતા હાજર રહી હતી.

## નાણામંત્રી નિર્મલા સીતારમણે CA ફાઉન્ડેશન દ્વારા આયોજિત જ્ઞાન પરિષદ અને બિઝનેસ ડાયલોગને સંબોધિત કર્યું હતું

જયપુર | તા 16

નાણાપ્રધાન નિર્મલા સીતારમણે જયપુરના બિરલા ઓડિટોરિયમમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ દ્વારા આયોજિત જ્ઞાન પરિષદ અને હોટેલ ક્લાર્કમાં આયોજિત વ્યાપાર સંવાદને સંબોધિત કરતા કહ્યું હતું કે દેશ 2014 પહેલા આર્થિક પ્રગતિને લઈને નિરાશાજનક હતો. છેલ્લા દસ વર્ષમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ આત્મવિશ્વાસ સાથે આગળ વધ્યો છે અને નિરાશા દૂર થઈ છે. દેશના દરેક વર્ગમાં સકારાત્મકતાની લાગણી છે. છેલ્લા ક્વાર્ટરમાં અર્થવ્યવસ્થાએ 8.4 ટકાની વૃદ્ધિ




નોંધાવી છે, જે પોતાનામાં એક રેકોર્ડ છે. આ અમને જણાવે છે કે ભારત કઈ ગતિએ આગળ વધવા માંગે છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે GST લાગુ થયા બાદ દર મહિને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અને પ્રોફેશનલ્સ એ જાણવા માટે રાહ જુએ છે કે આ મહિને GST કલેક્શન કેટલું થયું. તેમણે કહ્યું કે ભાજપ દ્વારા જારી કરાયેલા ઠરાવ પત્રમાં અમે સુધારા અને પરિવર્તનની પણ વાત કરી છે. તમે જોયું જ હશે કે નાણાકીય વર્ષ 2023-24ના ત્રણેય ત્રિમાસિક ગાળામાં પ્રતિ ક્વાર્ટર વૃદ્ધિ દર 8 ટકા કે તેથી વધુ રહ્યો છે. જ્યારે ત્રીજા ક્વાર્ટરમાં વિકાસ દર 8.4 ટકા હતો, અમે ચોથા ક્વાર્ટરમાં પણ વિકાસ દરના સમાન સ્તરની અપેક્ષા રાખીએ છીએ. નિર્મલા સીતારમણે કહ્યું કે 2023-24માં સરેરાશ વૃદ્ધિ દર ટકાઉ આર્થિક વિકાસ દર છે. આપણે પોતાનામાં આત્મવિશ્વાસ જાળવીને આગળ વધી શકીએ છીએ. જે રીતે આપણે છેલ્લા ત્રણ વર્ષથી સતત સમગ્ર વિશ્વમાં સૌથી ઝડપી વિકાસ દર સાથે અર્થતંત્ર છીએ, તેવી જ રીતે આગામી વર્ષોમાં પણ આપણે એવા જ રહીશું. નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે આજે ભારતની અર્થવ્યવસ્થા તેની આર્થિક નીતિ, મેક્રો ઈકોનોમિક સ્થિરતા, સ્થિર સરકાર, સ્થિર કર નીતિ અને સરકારી ટેન્ડર અને ખરીદીના પારદર્શક આચરણને કારણે વિદેશોમાં ઘણી વિશ્વસનીયતા ધરાવે છે.

**બ્રેકિંગ ન્યૂઝ**

### EDની કાર્યવાહીની પ્રશંસા કરવા બદલ વિપક્ષે PM મોદીની ટીકા કરી

તાજેતરના વિશિષ્ટ ઇન્ટરવ્યુમાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભ્રષ્ટાચારનો સામનો કરવા માટેના પ્રયાસો માટે ડિરેક્ટોરેટ ઑફ એન્ફોર્સમેન્ટ (ED)ની પ્રશંસા કરી હતી. જો કે, તેમના શબ્દોએ વિરોધ પક્ષના નેતાઓની ટીકાને વેગ આપ્યો છે, જેમણે સરકાર પર રાજકીય હેતુઓ માટે કાયદાનો પસંદગીપૂર્વક ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો છે. કોંગ્રેસ પક્ષના અગ્રણી સભ્ય ગૌરવ ગોગોઇએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા અને આક્ષેપ કર્યો હતો કે તે કાયદાકીય તપાસમાંથી આશ્રય મેળવતા ભ્રષ્ટ વ્યક્તિઓ માટે સુરક્ષિત બંદર બની ગયું છે.

### હેલિકોપ્ટરની શોધમાં કોઈ સમસ્યા નથી પરંતુ... અભિષેક બેનર્જી સ્પષ્ટતા કરે છે

કોંગ્રેસના મહાસચિવ અભિષેક બેનર્જીએ તેમના હેલિકોપ્ટરની શોધ અંગેના તાજેતરના વિવાદને સંબોધતા ભારપૂર્વક જણાવ્યું હતું કે ચૂંટણી પંચ અથવા આવકવેરા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી શોધ અથવા જપ્તી સામે તેમને કોઈ વાંધો નથી. જો કે, તેમણે શોધ પછી હેલિકોપ્ટરના ટ્રાયલ રનની પરવાનગી નકારવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

### મા ભદ્રખાલી 'મેરુ યાત્રા'માં ધર્મેન્દ્ર પ્રધાનની ભાગીદારી

કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને તાજેતરમાં ઓડિશાના દેવગઢમાં ઓનલી ખાતે મા ભદ્રખાલી 'મેરુ યાત્રા'માં ભાગ લીધો હતો. આ ઘટના ખાસ કરીને આગામી લોકસભા ચૂંટણીના પ્રકાશમાં નોંધપાત્ર રાજકીય સુસંગતતા ધરાવે છે. પ્રધાને 'મેરુ યાત્રા'માં ભાગ લેવાની તક બદલ આભાર વ્યક્ત કર્યો, તેને ખૂબ જ ભાગ્યની વાત ગણાવી. તેમણે દેવીના આશીર્વાદ મેળવવાના મહત્વ પર ભાર મૂક્યો, ઘટનાના આધ્યાત્મિક મહત્વ પર ભાર મૂક્યો.

પૃથ્વીની ભ્રમણકક્ષા | પૃથ્વીની ભ્રમણકક્ષાની બહાર વિસ્તરણમાં પડકારો અને તકો

# પૃથ્વીની ભ્રમણકક્ષાથી વધુ દૂર જવા માટે કૌશલ્યની જરૂર છે: ઇન્ટર-એજન્સી સ્પેસ ડેબ્રિસ કોઓર્ડિનેશન કમિટીમાં ISRO ચીફ સોમનાથ

(એજન્સી) નવી દિલ્હી | તા 16

42મી ઈન્ટર-એજન્સી સ્પેસ ડેબ્રિસ કોઓર્ડિનેશન કમિટી (IADC) ની ઉદ્ઘાટન બેઠકમાં મહત્વપૂર્ણ સંબોધનમાં, ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO)ના વડા એસ સોમનાથે વૈશ્વિક અવકાશ સમુદાય માટે પૃથ્વીની ભ્રમણકક્ષાની બહાર સંશોધન માટે તેમની ક્ષમતાઓ વધારવાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. તેમણે માત્ર પૃથ્વીની ભ્રમણકક્ષામાં જ નહીં પરંતુ પૃથ્વી-ચંદ્ર પ્રણાલીઓ અને સૌર ગ્રહોની શોધખોળમાં પણ કુશળતા પ્રાપ્ત કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.સોમનાથે પૃથ્વીની ભ્રમણકક્ષા દ્વારા ઊભી થતી મર્યાદાઓ અને



તેમને પાર કરવાની આવશ્યકતા પર પ્રકાશ પાડ્યો હતો. જેમ જેમ અવકાશ સંશોધનનો વિકાસ થતો જાય છે તેમ તેમ આગળ સાહસ કરવાની જરૂરિયાત વધુને વધુ સ્પષ્ટ થતી જાય છે.અવકાશમાં વધતી જતી પ્રવૃત્તિને સ્વીકારતા, ખાસ કરીને ચંદ્ર જેવા ક્ષેત્રોમાં, સોમનાથે ભીડવાળા અવકાશના વાતાવરણ દ્વારા ઊભા થતા પડકારોનો સામનો કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.2030 માટે ભારતના વિઝનમાં કાટમાળ-મુક્ત અવકાશ મિશન હાંસલ કરવા માટેનો સમાવેશ થાય છે, જે સોમનાથ દ્વારા વ્યક્ત કરવામાં આવેલી પ્રતિબદ્ધતા છે. તેમણે આ હેતુ માટે ભારતના સમર્પણનો પુનરોચ્ચાર કર્યો અને અન્ય અવકાશ કલાકારોને બાહ્ય અવકાશમાં લાંબા ગાળાની ટકાઉપણું સુનિશ્ચિત કરવામાં જોડાવા વિનંતી કરી.સોમનાથે કાટમાળના ઉત્પાદન અને પ્રસારને ઘટાડવા માટે અવકાશ પ્રણાલીઓમાં મિકેનિઝમ્સ અને સ્ટ્રક્ચર્સ વિકસાવવાના ભારતના ચાલુ પ્રયત્નોની રૂપરેખા આપી. તેમણે સતત પ્રગતિ માટે આ પ્રવૃત્તિઓને મજબૂત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.જવાબદાર અવકાશ ઉપયોગ પર ધ્યાન કેન્દ્રિત કરીને, ISRO એ બિન-કાર્યકારી અવકાશ વસ્તુઓનો નિકાલ કરવા અને તેમને સુરક્ષિત સ્થાનો પર પુનઃ ભ્રમણકક્ષા માટેના પગલાં અમલમાં મૂક્યા છે. સોમનાથે આ પ્રયાસ માટે ઈસરોની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.ચોક્કસ ભ્રમણકક્ષાની ઊંચાઈના મહત્વ પર પ્રકાશ પાડતા, સોમનાથે વધારાના અવકાશ મથકોની સ્થાપનાની સુવિધા માટે 400 કિલોમીટર આસપાસના વિસ્તારોને સુરક્ષિત રાખવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

જપ્ત કરાયેલ હેરોઇન ની કાયદેસરની કાર્યવાહી માટે સ્પેશિયલ પોલીસ CID

# મિઝોરમ: આસામ રાઈફલ્સે આઈઝોલમાં રૂ. 25 લાખથી વધુની કિંમતનું હેરોઈન જપ્ત

(એજન્સી) નવી દિલ્હી | તા 16

આઈઝોલ, મિઝોરમમાં તાજેતરના વિકાસમાં, આસામ રાઈફલ્સે સ્પેશિયલ નાર્કોટિક્સ પોલીસ સ્ટેશન, ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (CID) સાથે મળીને સફળતાપૂર્વક હેરોઈનનો નોંધપાત્ર જથ્થો જપ્ત કર્યો છે. આ ઓપરેશન પ્રદેશમાં ડ્રગની હેરફેરને રોકવા માટે ચાલી રહેલા પ્રયાસોને રેખાંકિત કરે છે અને આ ગેરકાયદેસર વેપાર સામે લડવામાં કાયદા અમલીકરણ એજન્સીઓના સમર્પણને પ્રકાશિત કરે છે. સોમવારે હાથ ધરવામાં આવેલા સંયુક્ત ઓપરેશનમાં વિશ્વસનીય માહિતીના આધારે આઈઝોલના ઝુઆંગતુઈ વિસ્તારમાં ચોક્કસ સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા હતા. ઓપરેશન દરમિયાન હેરોઈન ધરાવતા ત્રણ સાબુના કેસો, જેની અંદાજિત કિંમત રૂ. 25 લાખથી વધુ છે, મળી આવી હતી. વધુમાં, એક વ્યક્તિની ગેરકાયદેસર ડ્રગના વેપારના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી. આ જપ્તી આસામ રાઈફલ્સ અને સ્પેશિયલ નાર્કોટિક્સ પોલીસ સ્ટેશન, સીઆઈડી (ક્રાઈમ), આઈઝોલ દ્વારા હાથ ધરવામાં આવેલી અગાઉની સફળ કામગીરીના આધારે કરવામાં આવી છે. કાયદા અમલીકરણ એજન્સીઓના સતત પ્રયાસો મિઝોરમ અને આસપાસના વિસ્તારોમાં પ્રચલિત હેરોઈનની હેરફેરના મુદ્દાની ગંભીરતાને પ્રતિબિંબિત કરે છે.

ઉત્તર મધ્ય રેલવે
નંબર :- Dy.CE/C/AGC/TN/2024/07
તારીખ :- 15-04-2024
1લો સુધારો
ટેન્ડર નંબર Dy.CE/C/AGC/TN/2024/07, તારીખ:- 12-04-2024 માં ઉપરોક્ત ટેન્ડર સૂચનામાં નીચેના ફેરફારો કરવામાં આવ્યા છે. NIT હેડર:- ફીલ્ડનું નામ: પ્રી-બિડ જરૂરી - હાલનું મૂલ્ય: ના , સંશોધિત મૂલ્ય: હા , પ્રી-બિડ ક્વેરી તારીખ સમય :- હાલનું મૂલ્ય :-- , સંશોધિત મૂલ્ય:- 22-04-2024 ,12:00
661/24(DG)
@northcentralrailway www.ncr.indianrailways.gov.in

 સિટી એક્સપ્રેસ

WEDNESDAY 17 APRIL-2024

AHMEDABAD

## સુરત BRTS ડ્રાઈવરને હાઈકોર્ટથી શરતી જામીન

સુરતમાં ડિસેમ્બર 2023માં એક BRTS બસ વરાછાથી કતારગામ તરફ આવી રહી હતી. જે અશ્વિનીકુમાર બ્રિજથી ઉતરીને જીઆઈડીસી ચાર રસ્તા તરફ જઈ રહી હતી. આ દરમિયાન આગળની એક BRTS બસની પાછળ કેટલાક વાહનો હોવા છતાં પાછળથી આવતી આ BRTS બસે ધડાકાભેર આ વાહનોને અડફેટે લીધા હતા. જેમાં નવ લોકોને ઈજા થઈ હતી અને એક વ્યક્તિને મૃત્યુ થયું હતું. તેથી બસના 38 વર્ષીય ડ્રાઈવર મનહર ગામીત સામે કતારગામ પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

## પાણીજન્ય રોગચાળો વકર્યો, ટાઇફોડના 40થી વધુ કેસ

અમદાવાદ શહેરમાં છેલ્લા એક સપ્તાહમાં વાતાવરણમાં ફેરફાર થયો છે. છેલ્લા ચાર દિવસથી અમદાવાદ શહેરમાં વાદળછાયા વાતાવરણને કારણે મિશ્ર ઋતુનો અનુભવ થયો છે. ખાસ કરીને પાણીજન્ય રોગમાં ટાઈફોડના 40થી વધુ કેસ નોંધાયા છે. આ ઉપરાંત વાઈરલ ઈન્ફેક્શનના અને ડેન્ગ્યુના પણ કેસ નોંધાયા છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લાં ઘણાં સમયથી મચ્છરજન્ય રોગ પર કાબુ મેળવાયો હતો, પરંતુ છેલ્લા એક સપ્તાહ દરમિયાન અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં ડેન્ગ્યુના બે પોઝિટિવ કેસ નોંધાયા છે.



### હાઈકોર્ટમાં ફર્સ્ટ વીકમાં વધુ સુનાવણી, લોકસભા ચૂંટણી પરિણામો બાદ વિદેશ મંત્રાલયને રજૂઆત કરી શકાશે

# કેરેબિયન ટાપુથી 9 ગુજરાતીઓ ગુમ થયાની PIL

(એજન્સી) અમદાવાદ । તા.16

ગુજરાતથી 9 લોકો કેરેબિયન ટાપુઓ થઈને ગેરકાયદેસર રીતે અમેરિકા જઈ રહ્યા હતા. કેરેબિયન ટાપુ પરથી આ નવ લોકો ગાયબ થઈ ગયા છે. જેને લઈને હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી દાખલ કરવામાં આવી હતી. આજે આ મુદ્દે ચીફ જજ સુનિતા અગરવાલ અને જ અનિરુદ્ધ માયીની બેન્ચ સમક્ષ સુનાવણી હતી. જો કે, હાઈકોર્ટે આ બાબતે જુલાઈ મહિનાના પહેલા અઠવાડિયામાં મુદત રાખી છે. જ્યારે અરજદારના વકીલની માગ જૂન મહિનામાં ચૂંટણી પછી મુદત રાખવા માટે હતી.

### વિદેશ મંત્રાલયમાં યોગ્ય રજૂઆત કરવી જોઈએઃ કોર્ટ

અગાઉ કોર્ટ સમક્ષ અરજદારના વકીલે જણાવ્યું હતું કે, તેમના સૂત્રો દ્વારા ગાયબ થયેલા લોકો વિશે કેટલીક માહિતી પ્રાપ્ત થઈ છે. અગાઉ કોર્ટે કહ્યું હતું કે, આ અંગે તમારે યોગ્ય ફોર્મમાં રજૂઆત કરવી જોઈએ. અરજદારે મિનિસ્ટ્રી ઓફ એક્સટર્નલ અફેર્સમાં રજૂઆત કરવી જોઈએ.



તસ્વીર પ્રતિકાત્મક છે

### ગુમ ગુજરાતીઓને ડિટેઈન સેન્ટરમાં રખાયાની શક્યતા

ત્યાંની સરકાર ગેરકાયદે આવેલા લોકોની માહિતી આપતી નથી. તેમને ડિટેઈન સેન્ટરમાં રખાયા હોવાની શક્યતા છે. આ જગ્યાએ જવા માટે અલગથી પરવાનગી લેવી પડે છે. જે ફ્રાન્સમાં જવા માટેના વિઝા લેવા કરતા અઘરી બાબત છે. અરજદાર દ્વારા ત્યાંની મહિલા એડવોકેટ અને પેરિસના એડવોકેટને હાયર કરવામાં આવ્યા છે.

### ફ્રાન્સના નિયમો મુજબ એક વર્ષની સજાની જોગવાઈ

હાઈકોર્ટમાં આવેલા કેસ પ્રમાણે 9 લોકો ફ્રાન્સ અંતર્ગતના કેરેબિયન ટાપુઓમાં ફરવા ગયા હતા. જ્યાંથી તેઓ 3 ફેબ્રુઆરી, 2023થી ખોવાઈ ગયા હતા. ત્યારબાદ તેઓ મળ્યા નથી. તેઓ હોડીમાં કોમનવેલ્થ ડોમિનિકાથી સેન્ટ માર્ટીન ટાપુ ઉપર જતા હતા. છેલ્લી માહિતી મુજબ તેઓ ગ્વાડેલુપ ટાપુ ઉપર જોવા મળ્યાની શક્યતા છે. જો કે, અરજદારોએ સ્વીકાર્યું હતું કે, તેઓ ગેરકાયદે US જઈ રહ્યા હતા. ફ્રાન્સના નિયમો મુજબ વધુમાં વધુ એક વર્ષની સજાની જોગવાઈ છે. તેમને પૈસા ભરીને પાછા લાવી શકાય છે. તેઓ ડોમિનિકાથી US જતા હતા.

## બ્રાઝિલના રાજદૂત કેનેથ ફેલિક્સ હઝિન્સ્કી દ નોબ્રેગા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની શુભેચ્છા મુલાકાતે



ગાંધીનગર સંવાદદાત વિજયવીર યાદવ

ભારતમાં બ્રાઝિલના રાજદૂત કેનેથ ફેલિક્સ હઝિન્સ્કી દ નોબ્રેગા આજે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની શુભેચ્છા મુલાકાતે પધાર્યા હતા. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ તેમને ઉષ્માભેર આવકાર્યા હતા. બ્રાઝિલના રાજદૂત કેનેથ ફેલિક્સ હઝિન્સ્કી નોબ્રેગાએ કહ્યું હતું કે, બ્રાઝિલની અનેક કંપનીઓ-ઉદ્યોગો ભારતમાં મહારાષ્ટ્ર, કર્ણાટક અને દિલ્હીમાં કાર્યરત છે. બ્રાઝિલિયન કંપનીઓ ગુજરાતમાં આવે અને વેપાર-વાણિજ્ય વિકસાવે એવા પ્રયત્નો કરાશે. પશુપાલન અને કૃષિ ક્ષેત્રે અગ્રેસર બ્રાઝિલે કેટલાક વર્ષો પહેલાં ગુજરાતની ગીર ગાય આયાત કરી હતી, એ સંદર્ભે વાતચીત કરતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ બ્રાઝિલમાં ગીર ગાયની બ્રીડ સુધારણા અને દૂધ ઉત્પાદન ક્ષમતા વિશે પૃચ્છા કરી હતી. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું કે, જો દુનિયાના બધા જ દેશો પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવે તો વિશ્વનું પર્યાવરણ સુધરે, લોકોનું સ્વાસ્થ્ય સુધરે, હવા અને પાણીનું પ્રદૂષણ દૂર થાય, ગ્લોબલ વોર્મિંગની સમસ્યા હલ થાય એટલું જ નહીં, ઑર્ગેનિક કાર્બન વધે તો ધરતીની ગુણવત્તા અને ઉત્પાદકતા બંનેમાં વધારો થાય. રાજ્યપાલએ તેમને પ્રાકૃતિક કૃષિ વિષયક પોતાનું પુસ્તક ભેટ આપ્યું હતું.

**CRIME NEWS**

### કારચાલકે બે પોલીસકર્મીને ઉડાવ્યા: સિંધુભવન રોડ પર કારને રોકવા જતા ઈજા પહોંચી

અમદાવાદ | અમદાવાદ શહેરમાં ફરી એક વખત અકસ્માતમાં નિર્દોષ વ્યક્તિઓને ઈજા થઈ હોવાનો બનાવ સામે આવ્યો છે. ફુલ સ્પીડે વાહન ચલાવવા માટે બદનામ થયેલા સિંધુભવન રોડ પર આ વખતે એક કારચાલકે બે પોલીસ કર્મચારીને ઉડાવ્યા હતા. આ સમગ્ર ઘટના રાતે 2:00 વાગ્યાની આસપાસ બની હતી. જે સંદર્ભે પોલીસે હાલ ગુનો નોંધીને આરોપીની ધરપકડ કરી છે. આરોપી પોતાની કાર લઈને પકવાન ચાર રસ્તાથી સિંધુભવન રોડ તરફ જઈ રહ્યો હતો, તે દરમિયાન અકસ્માત સર્જ્યો હતો. પોલીસ કર્મીઓ ત્યાં રાતે ફરજ પર હતા પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, આજરોજ 16 એપ્રિલની રાતે 2:00 વાગ્યાના અરસામાં સિંધુભવન પાસેના ગોટીલા ગાર્ડન પાસે પોલીસ કર્મચારીઓ પોતાની ફરજ નિભાવી રહ્યાં હતાં. તે સમયે પકવાન ચાર રસ્તાથી સિંધુભવન તરફ એક i-20 કાર ફૂલ સ્પીડે આવી રહી હતી. જેથી એને રોકવાનો પ્રયાસ હાજર બે પોલીસ કર્મચારીએ કર્યો હતો.

### રૂપિયાની લેતી-દેતીમાં યુવક પર ફાયરિંગ: ફરાર થનાર આરોપીને ક્રાઈમ બ્રાન્ચે ઝડપ્યો

અમદાવાદ | થોડા દિવસ પહેલા અમદાવાદના પૂર્વ વિસ્તારમાં નરોડા નજીક એક યુવક પર બે રાઉન્ડ ફાયરિંગ થયાનો બનાવ સામે આવ્યો હતો. આ સમગ્ર બનાવવામાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આરોપીની ધરપકડ કરી છે. તપાસમાં સામે આવ્યું છે કે, આરોપી વ્યાજની રકમની લેતી-દેતીમાં અનેક વખત ફોન કરતો હતો. ત્યારબાદ તેની અદાવત રાખીને યુવક ઉપર ફાયરિંગ કર્યું હતું. આ ફાયરિંગમાં એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થયો હતો. ત્યારે ગણતરીના દિવસોમાં આ ફાયરિંગ કરનાર શખ્સને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડીને પિસ્ટલ, કારતૂસ સહિત એક લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે બાતમીના આધારે આરોપીને ઝડપી પાડ્યા પ્રાપ્ત વિગતો પ્રમાણે, નરોડામાં તાજેતરમાં હંસપુરામાં સુમતિનાથ સોસાયટી નજીક ફાયરિંગની ઘટના બની હતી. આ ઘટનામા એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થયો હતો.

### અમદાવાદમાં નાની બહેન સાથેના સંબંધની જાણ થતા પરિણીતાએ પતિને માર મારી કાઢી મૂકી

અમદાવાદ | અમદાવાદમાં લગ્નબાદ પત્નીને જાણ થઈ હતી કે તેના પતિનો સંબંધ તેની સગી બહેન સાથે છે. પત્નીએ પતિને સાળી સાથે સંબંધ નહીં રાખવા માટે કહી એકવાર સંસાર આગળ વધાર્યો હતો. છતા તેનો પતિ વારંવાર તેની બહેન સાથે વાતચીત કરતા પત્નીએ પતિ સાથે વાત કરતાં મામલો બિચક્યો હતો. બીજી બાજુ ઘરમાં સાસુ અને સસરા પુત્રવધુને દહેજ લાવવા માટે દબાણ કરતાં હતાં. પતિએ પત્નીને નાના બાળક સાથે ઘરમાંથી કાઢી મૂકી હતી. જેથી પત્નીએ મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ સામે ફરિયાદ નોંધાવી છે. મારા લગ્નના આશરે ચારેક મહિના બાદ મારા સાસુ તથા સસરા મને અવારનવાર દહેજમાં કંઈ લાવી નથી, તેમ કહી દહેજ બાબતે મેણાટોણા મારતા અને મારો ઘર સંસાર બગડે નહીં, તે માટે બધુ સહન કરી તેઓની સાથે જ રહેતી હતી.

# હવે અગનભઠ્ઠીમાં શેકાવા તૈયાર રહેજો!

### આગામી 48 કલાક અનેક જિલ્લાઓ પર હિટવેવની શક્યતા, કેટલાક જિલ્લાનું મહત્તમ તાપમાન 40 ડિગ્રીને પાર



(એજન્સી) અમદાવાદ । તા.16

છેલ્લા કેટલાક દિવસોથી રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ભારે ઉકળાટ વચ્ચે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. આ ઉપરાંત રાજ્યમાં સતત ચાર દિવસથી વાદળછાયા વાતાવરણથી લોકોને ગરમીથી રાહત મળી હતી. હવે રાજ્યનું આકાશ સાફ થતાં ફરી એકવાર સૂર્યનાં સીધાં કિરણો જમીન પર પડતા શહેરીજનોને ગરમીમાં શેકાવું પડશે. આજે 16 એપ્રિલથી ગુજરાતભરમાં તાપમાનનો વધારો થવાનો છે. ત્યારે રાજકોટ મનપા દ્વારા યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તો દિવસ દરમિયાન અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસ પહોંચે તેવી શક્યતાઓ છે. આજથી રાજ્યભરમાં અકળાવતી ગરમી પડવાની શક્યતાઓ છે. સૌરાષ્ટ્ર-કચ્છના ત્રણ જિલ્લામાં હિટવેવની આગાહી ગુજરાત પર સાયક્લોનિક સર્ક્યુલેશનની અસર પૂર્ણ થયા બાદ ફરી એક વખત તાપમાનનો પારો ઉંચકાયો છે. જેમાં છેલ્લા 24 કલાક દરમિયાન જ ગુજરાતના મોટાભાગના જિલ્લાનું મહત્તમ તાપમાન 40 ડિગ્રીથી વધુ નોંધાયું હતું.

### મુખ્યમંત્રીની ઉપસ્થિતિમા આંણદ લોકસભાના ઉમેદવાર મિતેષભાઇ પટેલના સમર્થનમા વિજય વિશ્વાસ સંમેલન આંણદ ખાતે યોજાયું



ગાંધીનગર સંવાદદાત વિજયવીર યાદવ

લોકસભા ચૂંટણી અંતર્ગત ઉમેદવારના ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઇ છે ત્યારે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિમા આંણદ લોકસભાના ઉમેદવાર મિતેષભાઇ પટેલના સમર્થનમા વિજય વિશ્વાસ સંમેલન અંતર્ગત જાહેરસભા યોજાઇ. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, આજે ઘણા વર્ષો પછી લોકસભાની ચૂંટણીમા જનતાએ પહેલાથી નક્કી કરી લીધુ છે કે આ વખતે મોદી સાહેબને જ મત આપવાનો છે. 2004 થી 2014 સુધી ભારતનુ અર્થતંત્ર 11 મા સ્થાને હતુ પરંતુ મોદી સાહેબ વડાપ્રધાન બન્યા પછી ભારતનુ અર્થતંત્ર પાંચમા સ્થાને આવ્યું છે. ટુંક સમયમા મોદી સાહેબના નેતૃત્વમા ભારતનુ અર્થતંત્ર ત્રીજા સ્થાને પહોંચશે. આજે વિકાસના કાર્યો ખૂબ ઝડપથી થઇ રહ્યા છે

### રામનવમી અને લોકસભા ચૂંટણીને પગલે પોલીસ એલર્ટ, મોબાઈલ કેમેરા અને FRCથી રાખશે નજર

(એજન્સી) અમદાવાદ । તા.16

ગુજરાતમાં રામનવમી અને લોકસભા ચૂંટણીને પગલે પોલીસ એલર્ટ થઈ છે. જેમાં મોબાઈલ કેમેરા અને FRCથી નજર રાખશે. તેમાં કોઈ છમકલું ન થાય તે માટે પોલીસ વડાની અધિકારીઓને એલર્ટ રહેવા સૂચના છે. તેમજ ચૂંટણી રેલી અને ભગવાન શ્રીરામની શોભાયાત્રામાં વિવાદાસ્પદ ગીતો નહીં વાગે તે ધ્યાન રાખવાનું છે. રાજ્ય પોલીસ વડાએ વીડિયો કોન્ફરન્સથી મીટિંગનું આયોજન કરી એલર્ટ રહેવા સૂચના આપી છે. રામનવમી અને લોકસભાની ચૂંટણીને પગલે રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે રાજ્યના પોલીસ કમિશનરો, રેન્જ આઈજી અને જિલ્લાઓના એસપી સહિતના આઈપીએસ અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સથી મીટિંગનું આયોજન કરી એલર્ટ રહેવા સૂચના આપી હતી.





### શહેરી વિકાસ સત્તા મંડળ હસ્તકના 9 પ્લોટની ઈ-હરાજી થશે

(એજન્સી) અમદાવાદ । તા.16

અમદાવાદમાં શહેરી વિકાસ સત્તા મંડળ હસ્તકના 9 પ્લોટની ઈ-હરાજી થશે. તેમાં ઔડાના નવ પ્લોટની 18-19 જૂને ઈ-હરાજી કરશે. તથા 12જૂન સુધી રજિસ્ટ્રેશન કરી શકાશે. 96,020 સ્ક્વેર મીટર એરિયાનું ઈ-ઓક્શન કરી 900 કરોડની કમાણી થશે. તેમજ બે વાર તારીખમાં સુધારો કર્યા બાદ ઔડાએ કહ્યું, ચૂંટણીના લીધે ફેરફાર કરવો પડ્યો છે. અગાઉ 4 અને 5 એપ્રિલના રોજ ઈ-ઓક્શન માટેની તારીખ જાહેર કરાઈ હતી. શહેરી વિકાસ સત્તા મંડળ (ઔડા) હસ્તકના ચાર ચાંદખેડા, બે થલતેજ, બે નિકોલ અને એક વસ્ત્રાલમાં મળી કુલ 9 કોમર્શિયલ પ્લોટના 96,020 સ્કેવર મીટર એરિયા માટે બીજીવાર તારીખમાં ફેરફાર કરાયો છે. ગત 9મી એપ્રિલથી આગામી 12મી જૂન સુધીમાં બીડરોએ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવાનું રહેશે. જ્યારે 18 અને 19 જૂનના રોજ બે દિવસ ઈ-ઓક્શન કરાશે.

### ઘણા ખાતાની માહિતી પોલીસને ન અપાઈ હોવાનો પણ દાવો થયો છે

## કથિત જૂનાગઢ તોડકાંડના આરોપી સસ્પેન્ડેડ PI તરલ ભટ્ટની મુશ્કેલીમાં વધારો થયો

- આરોપીના વકીલે બિન જામીન પાત્ર અંગેની સ્પષ્ટીકરણ ન કરતા કોર્ટે જામીન ફગાવ્યા
- તરલ ભટ્ટે બેંક એકાઉન્ટ ફ્રિઝ અને અનફ્રીજ કરીને કરોડો રૂપિયાનો તોડકાંડ કર્યો હતો

(એજન્સી) જૂનાગઢ । તા.16

કથિત જૂનાગઢ તોડકાંડના આરોપી સસ્પેન્ડેડ PI તરલ ભટ્ટની મુશ્કેલીમાં વધારો થયો છે. જેમાં PI તરલ ભટ્ટને હજી જેલમાં રહેવુ પડશે. તેમાં કોર્ટે જામીન ફગાવ્યા છે. જેમાં પોલીસ તોડકાંડમાં તરલ ભટ્ટની મુશ્કેલીમાં વધારો થયો છે. મુખ્ય આરોપી તરલ ભટ્ટના જૂનાગઢ સેશન્સ કોર્ટે જામીન નામંજૂર કર્યા છે. આરોપીના વકીલે બિન જામીન પાત્ર અંગેની સ્પષ્ટીકરણ ન કરતા કોર્ટે જામીન ફગાવ્યા છે. હાલ તો તરલ ભટ્ટને જામીન ન મળતા જેલમાં જ રહેવું પડશે. તરલ ભટ્ટે જૂનાગઢ ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં જામીન અરજી કરી હતી. કોર્ટના જજ એચ.એ.દવેએ જામીન અરજી ફગાવી દીધી. મહત્વનું છે કે તરલ ભટ્ટે બેંક એકાઉન્ટ ફ્રિઝ અને અનફ્રીજ કરીને કરોડો રૂપિયાનો તોડકાંડ કરીને કૌભાડ આચર્યું હતું. તોડકાંડ મામલે સસ્પેન્ડેડ PI તરલ ભટ્ટને 3 ફેબ્રુઆરીના રોજ જૂનાગઢ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં તેના 14 દિવસના રિમાન્ડની માગણી કરવામાં આવી હતી. જોકે, કોર્ટે 7 ફેબ્રુઆરી એટલે કે 4 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. સમગ્ર ઘટનાને લઈ તેમના વકીલ દ્વારા જામીન માટે 8 એપ્રિલના રોજણ પણ અરજી કરાઈ હતી તે પણ કોર્ટે ફગાવી હતી.

### ગુજરાતમાં છેલ્લા ત્રણ મહિનામાં માર્ગ અકસ્માતના બનાવનો આંકડો જાણી રહેશો દંગ

## રાજ્યમાં છેલ્લા ત્રણ મહિનામાં માર્ગ અકસ્માતના 41,288 બનાવો બન્યા

**ગુજરાતમાં દારૂ પીને વાહન ચલાવવાના 13,153 કેસ નોંધાયા**

**વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ કરવાના 1.04 લાખ કેસ નોંધાયા**

**ઓવર સ્પીડના 59,526 કેસ અને હેલમેટના નિયમ ભંગ બદલ 2.17 લાખ કેસ, સીટ બેલ્ટ નહિ પહેરવાના 1.95 લાખ કેસ**

(એજન્સી) અમદાવાદ । તા.16

ગુજરાતમાં છેલ્લા ત્રણ મહિનામાં માર્ગ અકસ્માતના બનાવનો આંકડો જાણી દંગ રહેશો. જેમાં માર્ગ અકસ્માતના બનાવો વધ્યા છે. તેમજ ગુજરાતમાં 3 મહિનામાં રોજના 454 બનાવ સામે આવ્યા છે. તેથી ઈજાગ્રસ્તોને હોસ્પિટલે પહોંચાડવા એમ્બ્યુલન્સની દોડાદોડ વધી હતી. તેમજ ગુજરાતમાં દારૂ પી વાહન ચલાવવાના વર્ષમાં 13 હજાર કિસ્સા સામે આવ્યા છે. રાજ્યમાં છેલ્લા ત્રણ મહિનામાં માર્ગ અકસ્માતના 41,288 બનાવો બન્યા ગુજરાતમાં છેલ્લા ત્રણ મહિનામાં માર્ગ અકસ્માતના 41,288 બનાવો બન્યા છે, જેમાં 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સ સર્વિસ દ્વારા દર્દીઓને સારવાર માટે હોસ્પિટલે ખસેડવા પડયા છે, આમ રોજના 454 કોલ્સ મળ્યા છે. માર્ચમાં રોજના 459 કોલ્સ મળ્યા છે, જે ગત વર્ષ 2023ના આ જ અરસામાં 452 કોલ્સ હતા, આમ ગત વર્ષની તુલનાએ 1.70 ટકા જેટલા કેસ વધ્યા છે. વર્ષ 2024ના જાન્યુઆરી મહિનામાં 13,709 કોલ્સ મળ્યા છે. આમ રોજના સરેરાશ 442 અકસ્માતના કોલ્સ આવ્યા છે, જે ગત વર્ષ કરતાં 6 ટકા જેટલા ઓછા છે.



## સેવ ઉસળ ખાતા હોય તો સાવધાન, ચટણીમાંથી વંદા નીકળ્યા

- **રિયલ પેપ્રિકા પિત્ઝા સેન્ટરમાં બર્ગરમાંથી જીવતી ઈયળ નીકળી**

(એજન્સી) અમદાવાદ । તા.16

અમદાવાદમાં સેવ ઉસળ ખાતા હોય તો સાવધાન. જેમાં શહેરના નરોડા વિસ્તારમાં આવેલ વિઠ્ઠલપ્લાઝા કોમ્પ્લેક્સમાં લાલાભાઈ સેવ ઉસળ વાળાની દુકાનમાં સત્યજીતસિંહ ચૌહાણે આજે બપોરે સેવ ઉસળનું પાર્સલ પેકિંગ કરાવ્યુ હતુ. જેવું સત્યજીતસિંહ ચૌહાણના હાથમાં પાર્શલ આવ્યુ તેમાં જોયુ તો ચટણીમાંથી વંદા નીકળ્યા હતા. જેમાં ગ્રાહકે દુકાનદારને જાણ કરી તો તેણે જણાવ્યું કે અમે જાણી જોઈને નાખતા નથી. તેમાં ગ્રાહકે સફાઇ બાબતે અગાઉ પણ એક વખત ટકોર કરેલ હતી. અમદાવાદમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં થતાં રહે છે. જેમાં અગાઉ જાણિતા પિત્ઝા સેન્ટરના સલાડમાંથી ઈયળ નીકળવાની ઘટના સામે આવી હતી. જેમાં અમદાવાદના વસ્ત્રાલમાં વિસ્તારમાં આવેલા બ્રિટિશ પિત્ઝામાં જમવા ગયેલા એક ગ્રાહકને કડવો અનુભવ થયો હતો. આ અંગેની માહિતી અનુસાર, અમદાવાદમાં ફરી એકવાર પિત્ઝા સેન્ટરમાં સલાડમાંથી ઈયળ નીકળવાની ઘટના બની હતા. આ અંગે ગ્રાહકે હોટલ સંચાલકને ફરિયાદ કરી હતી.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...